દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 48 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ વદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 26 February 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આજે મહાશિવરાત્રિએ મહાકુંભનું મહાસમાપન

## ૬૪ કરોડ લોકોએ ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી ▸ વધુ લાખો લોકો પવિત્ર સ્નાનનો આજે લાભ લેશે

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹78,570/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

પ્રયાગરાજઃ આજે મહાશિવરાત્રી પર મહાકુંભમાં અંતિમ શાહી સ્નાન કરવામાં આવશે. આ સાથે કુંભમેળાનું સમાપન પણ થશે. મહાશિવરાત્રીનો દિવસ મહાકુંભની વિદાયનો દિવસ પણ છે. આ દિવસે કેટલાક અખાડા સ્નાન કરે છે અને પછી કુંભમેળાના સમાપનની જાહેરાત કરવામાં આવે છે.

નોંધનીય છે કે મહાકુંભનું આયોજન દર ૧૨ વર્ષે કરવામાં આવે છે. આ વર્ષે મહાશિવરાત્રીની તિથિ ૨૬ ફેબ્રુઆરીએ સવારે ૧૧:૦૮ વાગ્યે શરૂ થશે અને ૨૭ ફેબ્રુઆરીએ સવારે ૮:૫૪ વાગ્યે સમાપ્ત થશે.

મહાશિવરાત્રી પૂજા રાત્રે કરવામાં આવતી હોવાથી ૨૬ ફેબ્રુઆરીએ ઉપવાસ પણ કરવામાં આવશે અને મહાકુંભ મેળો તે જ દિવસે સમાપ્ત થશે. મહાકુંભની શરૂઆત ૧૩ જાન્યુઆરીએ પોષ પૂર્ણિમાથી થઇ હતી.

ધાર્મિક માન્યતાઓ અનુસાર, મહાકુંભમાં સ્નાન કરવાથી બધા પાપોનો નાશ થાય છે અને વ્યક્તિને મોક્ષ પ્રાપ્ત થાય છે.

ધાર્મિક માન્યતા અનુસાર, મહાશિવરાત્રીના શુભ પ્રસંગે મહાકુંભમાં સ્નાન કરવાથી ભક્તનું મન શુદ્ધ થાય છે. મૃત્યુ પછી વ્યક્તિને મોક્ષ મળે છે. ઉપરાંત જીવનમાં કરેલા બધા પાપોમાંથી મુક્તિ મળે છે અને સુખ અને સમૃદ્ધિમાં વધારો થાય છે.

પંચાંગ મુજબ, મહાશિવરાત્રી તિથિ ૨૬ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧:૦૮ વાગ્યે શરૂ થશે અને ૨૭ ફેબ્રુઆરીએ સવારે ૦૮:૫૪ વાગ્યે સમાપ્ત થઈ રહી છે. આવી સ્થિતિમાં ૨૬ ફેબ્રુઆરીએ મહાશિવરાત્રીનું વ્રત રાખવામાં આવશે. આ દિવસે મહાકુંભ પૂર્ણ થશે. મહાકુંભમાં સ્નાન કરવા માટે બ્રહ્મ મુહૂર્તને શુભ માનવામાં આવે છે. આ ઉપરાંત મહાશિવરાત્રીની (જુઓ પાનું ૨) ▸▸


ઉત્સવઃ આજની મહાશિવરાત્રીની તૈયારીના ભાગરૂપે સુરતમાં મંદિરને શણગારવામાં આવ્યું હતું.

## નીતીશ કટારા હત્યાકાંડઃ સુપ્રીમે દોષિતોને જેલની સજા પૂર્ણ કર્યા બાદ મુક્ત ન કરવાના દિલ્હી સરકારના વલણ પર સવાલ ઉઠાવ્યા

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકારના એ નિવેદન પર સવાલ ઉઠાવ્યા છે કે તે ૨૦૦૨માં બિઝનેસ એક્ઝિક્યુટિવ નીતીશ કટારાની હત્યા બદલ ૨૦ વર્ષની જેલની સજા ભોગવી રહેલા સુખદેવ યાદવ ઉર્ફે પહેલવાનને તેની વાસ્તવિક સજા પૂર્ણ કર્યા પછી પણ છોડશે નહીં.

ન્યાયાધીશ અભય એસ ઓકા અને ન્યાયાધીશ ઉજ્જ્વલ ભુયાનની ખંડપીઠે દિલ્હી સરકારના ગૃહ વિભાગના સચિવને એક સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. જેમાં જણાવાયું હતું કે ૨૦ વર્ષની જેલની સજા પૂર્ણ થયા પછી પણ યાદવને મુક્ત કરવામાં આવશે નહીં. ખંડપીઠે દિલ્હી સરકારના વકીલને પૂછ્યું કે અમારો પ્રશ્ન એ છે કે શું તમારો કેસ એવો છે કે ૨૦ વર્ષની વાસ્તવિક કેદ પૂર્ણ કર્યા પછી પણ રાજ્ય અરજદાર (યાદવ)ને મુક્ત કરશે નહીં? વકીલે હકારમાં જવાબ આપતા કહ્યું કે યાદવને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

વડી અદાલતે જણાવ્યું કે હાઇ કોર્ટે ૬ ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ આપેલા ચુકાદામાં યાદવને આજીવન કેદની સજા સંભળાવી હતી. જે છૂટ વિના ૨૦ વર્ષની વાસ્તવિક કેદ બરાબર હશે. તેમ જ તેને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. સોમવારે ખંડપીઠને જાણ કરવામાં આવી હતી કે યાદવ ટૂંક સમયમાં તેની ૨૦ વર્ષની વાસ્તવિક સજા પૂર્ણ કરશે. ખંડપીઠે દિલ્હી સરકારના વકીલને પૂછ્યું કે શું કોઇ રાજ્ય કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયને આ રીતે વાંચશે?

તેથી ગૃહ વિભાગના સચિવને ખંડપીઠ દ્વારા ૨૮ ફેબ્રુઆરી સુધીમાં સોગંદનામું દાખલ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો, જે ૩ માર્ચે આ મામલાની સુનાવણી કરશે. યાદવની અરજીમાં દિલ્હી હાઇ કોર્ટના નવેમ્બર ૨૦૨૪ના આદેશને પડકારવામાં આવ્યો હતો, કોર્ટે તેને ત્રણ અઠવાડિયા માટે રજા પર મુક્ત કરવાની તેની અરજીને ફગાવી દીધી હતી. ઉલ્લેખનીય છે કે ૩ ઓક્ટોબર, ૨૦૧૬ના રોજ સુપ્રીમ કોર્ટે કટારાના સનસનાટીભર્યા અપહરણ અને હત્યામાં તેમની ભૂમિકા બદલ વિકાસ યાદવ અને તેના પિતરાઇ ભાઇ વિશાલને છૂટના લાભ વિના ૨૫ વર્ષની જેલની સજા ફટકારી હતી. ■

શીખવિરોધી રમખાણ

## સજ્જન કુમારને જનમટીપ

નવી દિલ્હીઃ દિલ્હીની અદાલતે મંગળવારે કૉંગ્રેસના ભૂતપૂર્વ સંસદસભ્ય સજ્જન કુમારને ૧૯૮૪ના શીખવિરોધી રમખાણોને સંબંધિત હત્યા કેસમાં જન્મટીપની સજા આપી છે. સ્પેશ્યલ જજ કાવેરી બાવેજાએ ૧ નવેમ્બર, ૧૯૮૪એ જસવંત સિંહ અને તેમના પુત્ર તરૂણદીપ સિંહની કથિત હત્યાના કેસમાં ચુકાદો સંભળાવતાં આ ચુકાદો આપ્યો હતો. હુલ્લડમાં માર્યા ગયેલી વ્યક્તિઓનાં સગાવહાલા અને શીખ કોમના સભ્યોએ સજ્જન કુમારને થયેલી જનમટીપની સજાને આવકારી હતી. જોકે તેમણે માગણી કરી હતી કે સજ્જન કુમારને ફાંસીની સજા થવી (જુઓ પાનું ૨) ▸▸

### ન્યાયનાં પૈડાં ફરવાં માંડ્યાંઃ ભાજપ

નવી દિલ્હીઃ દિલ્હી અદાલતે કૉંગ્રેસના ભૂતપૂર્વ સંસદસભ્ય સજ્જન કુમારને શીખવિરોધી રમખાણના કેસમાં જન્મટીપની સજા કરી એના પર ટિપ્પણી કરતાં ભાજપે કહ્યું હતું કે ન્યાયના પૈડાં ચાલવા માંડ્યા છે. ભાજપે એવી આશા રાખી હતી કે બીજા આરોપીને પણ આવી સજા થશે.

ભાજપના પ્રવકતા અને શીખ નેતા આર. પી. સિંહે વડા પ્રધાન નરેન્દ્ર મોદી (જુઓ પાનું ૨) ▸▸

## પાકિસ્તાનની જેલમાંથી મુક્ત ગુજરાતના બાવીસ માછીમારો માદરે વતન પહોંચ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાકિસ્તાનની જેલોમાં બંધ ભારતના માછીમારો પૈકી ૨૨ માછીમારોને મુક્ત કરીને ભારત મોકલવામાં આવ્યા હતા, ૨૨ માછીમારો પૈકી ૧૮ ગુજરાતના,દિવના ૩ અને ઉત્તર પ્રદેશનો ૧ માછીમાર છે. ગુજરાતના જે ૧૮ માછીમારો છે, તે પૈકી સોમનાથ જિલ્લાના ૧૪, દ્વારકાના ઓખા વિસ્તારના ૩ અને રાજકોટનો એક માછીમાર હોવાનું બહાર આવ્યું હતું.

ગુજરાત અને દીવના ૨૧ માછીમારો ટ્રેન મારફતે વડોદરા રેલવે સ્ટેશન આવી પહોંચ્યા હતા. અહીંથી તેઓને તેમના વતન સુધી પહોંચાડવા માટે બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. છેલ્લા ૨ વર્ષ કરતા પણ વધુ સમયથી પાકિસ્તાનની જેલમાં બંધ માછીમારોને ભારતના અધિકારીઓને સુપરત કર્યા બાદ ફિશરીઝ વિભાગે તમામ ૨૨ માછીમારોને વેરાવળ બંદરે લાવીને તેમના પરિવારને સોંપી દીધા હતા.

૨૦ ફેબ્રુઆરીના રોજ પાકિસ્તાન સરકાર દ્વારા ભારતના બીમાર ૨૨ માછીમારોને મુક્ત કરવાની જાહેરાત કરી હતી. ૨૨ માછીમારોને ફિશરીઝ વિભાગના અધિકારીઓએ પહેલા ચંદીગઢ ત્યાંથી વડોદરા થઈને રોડ માર્ગે (જુઓ પાનું ૨) ▸▸


ડૂબકીઃ શ્રદ્ધાળુઓએ મહાશિવરાત્રીની પૂર્વસંધ્યાએ વારાણસીમાં ગંગામાં ડૂબકી લગાડી હતી. (એઝન્સી)

## દિલ્હી સરકાર માર્ગદર્શન માટે 'વિકસિત દિલ્હી સંકલ્પ પત્ર'ને સ્વીકારશે

નવી દિલ્હી : નવી દિલ્હી સરકાર લોકોને આપેલાં વચનો પૂરાં કરવાના માર્ગદર્શન માટેના દસ્તાવેજ તરીકે 'વિકસિત દિલ્હી સંકલ્પ પત્ર' નો સ્વીકાર કરશે, એમ દિલ્હીના ઉપરાજ્યપાલ વી. કે. સકસેનાએ મંગળવારે કહ્યું હતું. નવી રચાયેલી આઠમી દિલ્હી વિધાનસભાને સંબોધતા સકસેનાએ સરકારના વિઝન અને રાષ્ટ્રીય રાજધાનીના અગ્રતાક્રમની રૂપરેખા જણાવી હતી.

સકસેનાએ કહ્યું હતું કે નવું શાસન ભ્રષ્ટાચારમુક્ત વહીવટ, મહિલાનું સશક્તિકરણ, સ્વચ્છ દિલ્હી, યમુનાને ફરી સજીવન કરવી અને સ્વચ્છ પીવાનું પાણી પર ધ્યાન કેન્દ્રિત કરશે.

સકસેનાએ દાવો કર્યો હતો કે છેલ્લા દાયકાથી ચાલતી રાજકીય અથડામણ અને દોષારોપણને લીધે દિલ્હીના પ્રગતિમાં અડચણો આવતી હતી. તેમણે કહ્યું હતું કે નવી સરકાર કેન્દ્ર સાથે સંકલન કરીને કાર્ય કરશે અને અસરકારક વહીવટ કરશે. ■

### સ્પીકરે આપના ૧૨ વિધાનસભ્યોને સસ્પેન્ડ કર્યા

નવી દિલ્હી : ઉપરાજ્યપાલ વી. કે. સકસેનાના સંબોધન વખતે સૂત્રોચ્ચાર કરવા બદલ દિલ્હી વિધાનસભાના સ્પીકર વિજેન્દર ગુપ્તાએ આમ આદમી પાર્ટીના ૧૨ વિધાનસભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કર્યા હતા. સસ્પેન્ડ કરાયેલા નેતામાં આતિશિ, ગોપાલ રાય, વીર સિંહ ધીંગન, મુકેશ અહલવાત, ચૌધરી ઝુબૈર સિંહ, અનિલ ઝા, વિશેષ રવિ અને જરનૈલ સિંહનો સમાવેશ થાય છે. આતિશિએ આક્ષેપ કર્યો હતો કે ભાજપે મુખ્ય પ્રધાનની કચેરી અને દિલ્હી સચિવાલયમાંથી બાબાસાહેબ આંબેડકરની તસવીર કાઢીને તેમનું અપમાન કર્યું છે. ભાજપે આમ કરીને તેનો સાચો રંગ બતાડ્યો છે. શું ભાજપ એમ માને છે કે મોદી આંબેડકરનું સ્થાન લઈ શકશે. ■

## છત્તીસગઢ જેલમાં ૧૮,૦૦૦ થી વધુ કેદીએ ત્રિવેણી સંગમના પાણીથી 'પવિત્ર સ્નાન' કર્યું

રાયપુરઃ સમગ્ર છત્તીસગઢમાં લગભગ ૧૮,૫૦૦ જેલના કેદીઓએ મંગળવારે પ્રયાગરાજના ત્રિવેણી સંગમમાંથી લાવવામાં આવેલા પાણીથી 'પવિત્ર સ્નાન' કર્યું હતુ, એમ એક અધિકારીએ અહીં જણાવ્યું હતું.

નાયબ મહાનિરીક્ષક (જેલ) એસએસ તિગ્ગાએ જણાવ્યું હતું કે, ''પુણ્ય સ્નાન'' ૩૩ જેલ- પાંચ કેન્દ્રીય જેલ, ૨૦ જિલ્લા જેલ અને આઠ સબ-જેલમાં સ્થાપિત વિશેષ 'કુંડ' (ટાંકી) માં યોજવામાં આવ્યું હતું. પ્રયાગરાજનું ''પવિત્ર પાણી'' ટાંકીઓમાં નિયમિત પાણીમાં ભેળવવામાં આવતું હતું. દુર્ગ, બિલાસપુર, સુરગુજા અને કબીરધામ જિલ્લાની જેલોમાંથી આવેલા વીડિયોમાં દેખાયું હતું કે 'સ્નાન કુંડ'ને ફૂલોથી શણગારવામાં (જુઓ પાનું ૨) ▸▸

## એસસી, એસટી, લઘુમતી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ સરકારે છીનવીઃ ખડગે

નવી દિલ્હીઃ કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો અને લઘુમતી સમુદાયોના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિમાં વ્યવસ્થિત રીતે કાપ મુકવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે મોદી સરકારના પગલાંથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા યુવાનોના શૈક્ષણિક અવસરો પર ગંભીર અસર પડી છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં ખડગેએ છેલ્લા એક દાયકામાં શિષ્યવૃત્તિ લાભાર્થીઓમાં કથિત ઘટાડાને ઉજાગર કરવા માટે રાજ્યસભાના જવાબો અને બજેટ દસ્તાવેજોમાંથી સરકારી આંકડાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે આ કાર્યક્રમો માટે ફાળવવામાં આવતા ભંડોળમાં પણ વાર્ષિક સરેરાશ ૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

ખડગેએ 'એક્સ' પર લખ્યું હતું કે ''તમારી સરકારે દેશના એસસી, એસટી, ઓબીસી અને (જુઓ પાનું ૨) ▸▸

## 'સપા સરકારમાં ફક્ત તેમની પાર્ટીના લોકોને મળતી સહાયતા': યોગી

લખનઊઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે મંગળવારે વિધાન પરિષદમાં અગાઉની સમાજવાદી પાર્ટી (એસપી) સરકાર અને પોતાના નેતૃત્વ હેઠળની સરકાર વચ્ચે સરખામણી કરતા આરોપ લગાવ્યો હતો કે સપા સરકારમાં ફક્ત સમાજવાદી પાર્ટી સાથે જોડાયેલા લોકોને જ પૈસા (સરકારી સહાય) મળતા હતા, પરંતુ વર્તમાન સરકાર સંવેદનશીલ રીતે ઉત્તર પ્રદેશના તમામ વ્યક્તિ માટે કામ કરી રહી છે. વિધાનસભાના બજેટ સત્રના છઠ્ઠા દિવસે મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે વિપક્ષના પ્રશ્નોના જવાબ આપતા કહ્યું હતું કે, આજે કોઈપણ ગરીબ વ્યક્તિ માટે સારવાર કરાવવી મુશ્કેલ રહી નથી. પ્રધાનમંત્રી આયુષ્માન ભારત યોજના અને મુખ્યમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ફક્ત ઉત્તર પ્રદેશમાં જ ૧૦ કરોડ લોકોને પ્રતિ વર્ષે ૫ લાખ રૂપિયાનું આરોગ્ય વીમા કવચ મળે છે.

તેમણે કહ્યું હતું કે સરકારી કર્મચારીઓ માટે પંડિત દીનદયાળ ઉપાધ્યાય કેશલેસ આરોગ્ય યોજના હેઠળ મફત સ્વાસ્થ્ય સુવિધા ઉપલબ્ધ છે. તેમણે કહ્યું કે વિધાન પરિષદના સભ્યને દર વર્ષે તેમના ભંડોળમાંથી પીડિત વ્યક્તિને એક ચોક્કસ રકમ આપવાનો અધિકાર છે.

તેમણે કહ્યું હતું કે છેલ્લા સાત વર્ષમાં સીએમ ડિસ્ક્રેક્શન ફંડમાંથી રકમ કોઈપણ ભેદભાવ વિના આપવામાં આવી છે. જો જિલ્લા મેજિસ્ટ્રેટ ત્રણ દિવસમાં રિપોર્ટ આપે છે તો તેના આધારે રકમ તાત્કાલિક પૂરી પાડવામાં આવે છે.''

યોગી આદિત્યનાથે આરોપ લગાવ્યો હતો કે ''સમાજવાદી પાર્ટીની સરકારના સમયમાં હંમેશા ચર્ચા થતી હતી કે ફક્ત સમાજવાદી પાર્ટી સાથે જોડાયેલા લોકોને જ પૈસા મળતા હતા, બાકીના લોકોને નહીં.''

ગૃહમાં વિપક્ષી સભ્યો પર નિશાન સાધતા તેમણે કહ્યું હતું કે, ''તમારા સમયમાં શું થતું હતું? તમામ કાર્યને સમાજવાદી નામ આપવામાં આવતું હતું. બસ સેવા પણ..., પૈસા સરકારી પરંતુ તેનું નામ સમાજવાદી બસ સેવા. ■

## ગુણવત્તાયુક્ત દવાઓ સુનિશ્ચિત કરવા માટે નિયમનકારી ધોરણોને મજબૂત બનાવવા જોઈએઃ આરોગ્ય સચિવ

નવી દિલ્હીઃ કેન્દ્રીય આરોગ્ય સચિવ પુણ્ય સલિલ શ્રીવાસ્તવે કહ્યું હતું કે રાજ્યના દવા નિયમનકારોએ ખાતરી કરવી જોઈએ કે દવાઓ ફક્ત પ્રિસ્ક્રિપ્શન મારફતે જ વેચવામાં આવે જેથી દાણચોરી કે માદક દ્રવ્યોનો અન્ય કોઈ ગેરકાયદેસર ઉપયોગ ન થાય.

નશા મુક્ત ભારત અભિયાન હેઠળ સાયકોટ્રોપિક દવાઓના ગેરકાયદેસર ઉપયોગનો સામનો કરવા અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની નિયમનકારી ક્ષમતાઓને મજબૂત કરવા માટે સોમવારે રાજ્ય દવા નિયમનકારો સાથે બેઠકની અધ્યક્ષતા કરતા શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે દેશમાં માત્ર ગુણવત્તાયુક્ત અને અસરકારક દવાઓ ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા માટે નિયમનકારી ધોરણોને મજબૂત બનાવવાની જરૂર છે. બેઠક દરમિયાન આરોગ્ય સચિવે ડ્રગ્સ રેગ્યુલેટર્સને વિનંતી કરી કે તેઓ ખાતરી કરે કે દવાઓ ફક્ત ડોકટરોના પ્રિસ્ક્રિપ્શન મારફતે જ વેચવામાં આવે જેથી દાણચોરી અથવા માદક દ્રવ્યોના અન્ય ગેરકાયદેસર ઉપયોગને અટકાવી શકાય. તેમણે સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઇઝેશન (સીડીએસસીઓ) અને ડ્રગ રેગ્યુલેટર્સની ૯૦૫ દવાના ઉત્પાદન અને પરીક્ષણ કંપનીઓના જોખમ-આધારિત નિરીક્ષણો કરવા બદલ પ્રશંસા કરી હતી જેના પરિણામે અત્યાર સુધીમાં ૬૯૪ કાર્યવાહી કરવામાં આવી છે. ■

## 'સનાતન' સામે અસહિષ્ણુતા 'ભારતીય સંસ્કૃતિ પરના હુમલા'માં ફેરવાઈ ગઈ છેઃ નકવી

રામપુરઃ ભાજપના વરિષ્ઠ નેતા મુખ્તાર અબ્બાસ નકવીએ મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથની ટીકાને લઈને વિપક્ષ પર કટાક્ષ કર્યો હતો અને કહ્યું હતું કે 'સનાતન' સામે તેની અસહિષ્ણુતા ''ભારતીય સંસ્કૃતિ પરના હુમલા''માં ફેરવાઈ ગઈ છે.

નકવીએ એમ પણ કહ્યું કે વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં ભાજપ વારંવાર જીતનો ઝંડો લહેરાવી રહી છે, જ્યારે કૉંગ્રેસ નેતૃત્વ ''પરાજયનો ડોઝિયર તૈયાર કરવામાં વ્યસ્ત છે.''

મહાકુંભના સંચાલન પર સમાજવાદી પાર્ટીની મોદી અને આદિત્યનાથની ટીકા પર પ્રતિક્રિયા આપતા, (જુઓ પાનું ૨) ▸▸

## ક્લાઈમેટ ગોલ સિદ્ધ કરવા નેશનલ ગ્રીન ફાયનાન્સિંગ ઈન્સ્ટિટ્યૂટની રચના કરાશે

નવી દિલ્હીઃ સરકાર ૨૦૭૦ સુધી શૂન્ય કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય સિદ્ધ કરવા નેશનલ ગ્રીન ફાયનાન્સિંગ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના કરવા કામ કરી રહી છે, એવી માહિતી નીતિ આયોગે આપી હતી. હાલમાં ક્લાઈમેટની પહેલને અપાતાં નાણાંનો પ્રવાહ અપેક્ષા કરતાં ઓછો હોવાથી આ સંસ્થાની સ્થાપના કરાશે.

આયોગે ૨૦૨૪-૨૫ના વર્ષના અહેવાલમાં કહ્યું હતું કે આ મોટા અંતરને ઘટાડવા સમર્પિત નેશનલ ગ્રીન ફાયનાન્સિંગ ઈન્સ્ટિટ્યૂટની રચના કરાશે. આનો મુખ્ય હેતુ અલગ સાધનો પાસેથી ગ્રીન મૂડી ભેગી કરવાનો અને મૂડીનો ખર્ચ ઘટાડવાનો હશે.

નીતિ આયોગે કહ્યું હતું કે તે (જુઓ પાનું ૨) ▸▸

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈન્ડિયા ઈન, પાકિસ્તાન આઉટ, ક્રિકેટ ચાહકોને ડબલ મજા

**ભારતના** ક્રિકેટ ચાહકોને મોટી સ્પર્ધાઓમાં ભારત પાકિસ્તાનને હરાવે તેનો તો આનંદ થાય જ છે પણ પાકિસ્તાન હારીને ફેંકાઈ જાય તેનો વધારે આનંદ થાય છે. પાકિસ્તાન અને યુએઈમાં રમાઈ રહેલી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય ક્રિકેટ ચાહકોને બે દિવસમાં આ બંને આનંદ મળી ગયા. ભારતે રવિવારે યુએઈમાં પાકિસ્તાનને કારમી હાર આપી અને સોમવારે ન્યુઝીલેન્ડે બાંગ્લાદેશને હરાવ્યું એ સાથે પાકિસ્તાનનું ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી સાવ નામું નંખાઈ ગયું.

પાકિસ્તાનમાં જ રમાઈ રહેલી ચેમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાનને પહેલી મેચમાં જ હાર થતાં પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ થયો હતો. ગ્રુપ એમાં ભારત, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન અને બાંગ્લાદેશ છે અને બે સૌથી વધારે પોઈન્ટ મેળવનારી ટીમ સેમિ ફાઈનલમાં જશે. પાકિસ્તાન પહેલી મેચ હારતાં તેની એક તક ઘટી ગયેલી ને ભારત સામે પાકિસ્તાને જીતવું જરૂરી હતું પણ ભારતે પાકિસ્તાનને ના ફાવવા દીધું.

પહેલાં બોલરોએ જોરદાર પરફોર્મન્સ કર્યું ને પછી વિરાટ કોહલી ચડી બેઠો તેમાં પાકિસ્તાન સતત બીજી મેચ હાર્યું. એ પછી પાકિસ્તાનની સેમિ ફાઈનલમાં પ્રવેશવાનો બધો મદાર બાંગ્લાદેશ પર હતો ને પાકિસ્તાનની ટીમ ઇચ્છતી હતી કે બાંગ્લાદેશ ન્યૂઝીલેન્ડ સામે જીતે. ભારતના ૪ પોઇન્ટ છે જ તેથી ભારતનો સેમિ ફાઈનલમાં પ્રવેશ લગભગ નક્કી છે. જો બાંગ્લાદેશ ન્યૂઝીલેન્ડ સામે જીતે તો ન્યૂઝીલેન્ડ અને બાંગ્લાદેશના ૨-૨ પોઈન્ટ થાય અને પાકિસ્તાન રેસમાં રહે.

બાંગ્લાદેશની ન્યૂઝીલેન્ડ સામેની જીત પછી પાકિસ્તાને ગ્રુપ સ્ટેજની આખરી મેચમાં જીતવું જ પડે પણ એ અઘરું નહોતું કેમ કે પાકિસ્તાને છેલ્લી મેચ ૨૭ ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે રમવાની છે. બાંગ્લાદેશ સામે પાકિસ્તાન જીતી શકે ને બીજી તરફ ભારત ન્યૂઝીલેન્ડને હરાવે તો આખી વાત નેટ રન-રેટ પર આવી જાય. ભારત સિવાયની બાકીની ત્રણેય ટીમોમાંથી શ્રેષ્ઠ રનરેટ ધરાવતી ટીમ સેમિ ફાઇનલમાં જાય. આ અટપટું સમીકરણ છે પણ પાકિસ્તાન ઘરઆંગણે રમતું હોવાથી તેના માટે ચાન્સ હતો એ સ્વીકારવું પડે પણ ન્યુઝીલેન્ડે આ તક રોળી નાખીને પાકિસ્તાનની આશા પર પાણી ફેરવી દીધું.

ન્યૂઝીલેન્ડે જબરદસ્ત દેખાવ ચાલુ રાખતાં સતત બીજી જીત મેળવીને સોમવારે બાંગ્લાદેશને ૫ વિકેટથી હરાવી દીધું. રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી પછી માઈકલ બ્રેસવેલની ૪ વિકેટ લેતી શાનદાર બોલિંગના કારણે બાંગ્લાદેશ ૫૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવીને ૨૩૬ રન બનાવી શક્યું. ન્યૂઝીલેન્ડે ૪૬.૧ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને સરળતાથી લક્ષ્યનો પીછો કર્યો. ન્યૂઝીલેન્ડ તરફથી રચિન રવીન્દ્રએ ૧૦૫ બોલમાં ૧૧૨ રનની ઇનિંગ રમી. ૧૨ ચોગ્ગા અને એક છગ્ગો ફટકારીને રવીન્દ્ર રચિને બાંગ્લાદેશના ભુક્કા બોલાવી દીધા. ન્યુઝીલેન્ડ તરફથી ટોમ લેથમે પણ ૫૫ રન બનાવ્યા અને ન્યૂઝીલેન્ડે બાંગ્લાદેશ સામે ૫ વિકેટે વિજય મેળવ્યો.

ન્યુઝીલેન્ડની આ જીત સાથે ચેમ્પિયન્સ ટ્રોફીમાં એ ગ્રુપનું પિક્ચર સ્પષ્ટ થઈ ગયું છે. ન્યૂઝીલેન્ડે સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો છે અને સાથે સાથે ભારતે પણ સેમી ફાઈનલમા પ્રવેશ મેળવ્યો છે. બીજી તરફ બાંગ્લાદેશ અને પાકિસ્તાન બંને ટૂર્નામિન્ટમાંથી બહાર ફેંકાઇ ગયાં છે. ગ્રુપ એમાં હવે બે મેચો બાકી છે પણ બંને ઔપચારિક છે. બાંગ્લાદેશ અને પાકિસ્તાનની ૨૭ ફેબ્રુઆરીની મેચમાં કોઈને રસ નથી. ૩ માર્ચે ન્યૂઝીલેન્ડ અને ભારતની ટક્કર છે. બંને ટીમો સેમિ ફાઈનલમાં પહોંચેલી છે તેથી જે ટીમ જીતશે એ ગ્રુપમાં ટોપ પર રહેશે તેથી હવે પછી એક માત્ર રસની વાત ગ્રુપ એમાં કોણ ટોપ પર રહે છે એ જ છે.

ગ્રુપ બીમાં દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા એમ ચાર ટીમો છે અને ચારેયની એક-એક મેચ જ પતી છે તેથી હજુ ચિત્ર સ્પષ્ટ નથી. ટુર્નામેન્ટની ૨ સેમિફાઈનલ ૪ અને ૫ માર્ચે યોજાવાની છે પણ ગ્રુપ બીમાંથી કોણ ફાઈનલમાં જશે એ નક્કી થવામાં વાર લાગશે.

પાકિસ્તાનની હાર પાકિસ્તાનના ક્રિકેટ ચાહકો માટે આઘાતજનક છે કેમ કે ૨૦૧૭માં છેલ્લે ચેમ્પિયન્સ ટ્રોફી રમાઈ ત્યારે ભારતને ફાઈનલમાં હરાવીને પાકિસ્તાન ચેમ્પિયન બનેલું. આ વખતે ઘરઆંગણે ચેમ્પિયન્સ ટ્રોફી રમાતી હોવાથી પાકિસ્તાનના ક્રિકેટ ચાહકો ફરી ચેમ્પિયન બનવાની આશા રાખીને બેઠેલા પણ પાકિસ્તાનની ટીમે વરઘોડો કાઢ્યો તેમાં સાવ ફેંકાઈ ગયા. પાકિસ્તાન માટે શરમજનક વાત એ છે કે, આ વખતે ભારતને પણ ના હરાવી શક્યા. આઈસીસીની બીજી ટુર્નામિન્ટ્સમાં ભારતનો હાથ ઉપર છે. વન ડે વર્લ્ડ કપ હોય કે ટી ૨૦ વર્લ્ડ કપ, ભારત પાકિસ્તાનને ભારે પડે છે પણ ચેમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાન હાવી રહ્યું છે.

ચેમ્પિયન ટ્રોફી ટુર્નામિન્ટમાં રવિવારે રમાયેલી ભારત વિ પાકિસ્તાન મેચ સાથે કુલ છ મુકાબલા થયા છે. આ અગાઉની પાંચ મેચમાંથી પાકિસ્તાનનો ૩ મેચમાં વિજય થયો હતો જ્યારે ભારત ૨ મેચ જીત્યું હતું. આ પૈકી ૨૦૧૭ની ફાઈનલમાં તો પાકિસ્તાને ભારતને ૧૮૦ રને હરાવીને સાવ રગદોળી નાખ્યું હતું. એ પહેલાં ૨૦૦૪ અને ૨૦૦૯માં પણ પાકિસ્તાન ભારત સામે જીતેલું. એ પછી ભારત ૨૦૧૩માં જીત્યું ને ૨૦૧૭માં રાઉન્ડ મેચમાં પણ ભારત જીતેલું પણ ફાઈનલમાં જીતીને પાકિસ્તાને ભારત પર સરસાઈ મેળવી લીધી હતી. આમ અઆઈસીસીની આ એક જ ટુર્નામેન્ટ એવી છે કે જેમાં પાકિસ્તાનનું પલ્લું ભારત કરતાં ભારે હતું પણ રવિવારે દુબઇ ખાતે રમાયેલી મેચમાં ભારત પાકિસ્તાન સામે ૬ વિકેટથી જીતી જતાં હવે સ્કોર ૩-૩થી બરાબર થઈ ગયો છે.

ચેમ્પિયન્સ ટ્રોફીની હાર પાકિસ્તાન ક્રિકેટની અવદશા દર્શાવે છે. એક સમયે પાકિસ્તાન પાસે તોફાની બેટ્સમેન અને કાતિલ બોલરોની ફૌજ હતી. દુનિયાની ભલભલી ટીમોને ભૂ પિવડાવી દે એવા ખેલાડીઓ પાકિસ્તાન પાસે હતા. પાકિસ્તાનની એવી ધાક હતી કે, ભારતીય ટીમ પણ પાકિસ્તાન સામે રમવા ઊતરે ત્યારે ક્રિકેટ ચાહકોને ફફડાટ રહેતો.

હવે પાકિસ્તાનની કોઈ ધાક નથી કે કોઈ ફફડાટ નથી. પાકિસ્તાન પાસે સતત સારો દેખાવ કરીને જીતાડી શકે એવા ખેલાડીઓ જ નથી. તેનું કારણ પાકિસ્તાનમાં ક્રિકેટના માહોલનો અભાવ અને ક્રિકેટમાં ઘૂસેલું રાજકારણ છે. સતત આતંકવાદ વચ્ચે જીવતા પાકિસ્તાનમાં સ્પર્ધાત્મક ક્રિકેટ જ બહુ નથી રમાતું ને બહારની ટીમો જ આવતી નથી. તેના કારણે મોટા ભાગના સારા ખેલાડી વિદેશમાં સ્થાયી થઈ ગયા છે. જે રહ્યા છે તેમણે પણ સતત તણાવ અને અસલામતી વચ્ચે રમવાનું છે તેથી પાકિસ્તાનની ટીમ સાવ લબડી ગઈ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, બુધવાર, તા. ૨૬-૨-૨૦૨૫, મહાશિવરાત્રિ

- ભારતીય દિનાંક ૭, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ વદ - ૧૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ વદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૭મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૮મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર શ્રવણ સાંજે ક. ૧૭-૨૨ સુધી પછી ધનિષ્ઠા.
- ચંદ્ર મકરમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૬ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૧, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૦-૪૫, રાત્રે ક. ૨૩-૩૩
- ઓટઃ સાંજે ક. ૧૬-૫૩, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૨ (તા. ૨૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ કૃષ્ણ - ત્રયોદશી. મહાશિવરાત્રિ - શિવપૂજન, નિશિથકાલ મધ્યરાત્રે ક. ૨૪-૨૬ થી ૨૫-૧૫, પ્રથમ પ્રહરઃ ક. ૧૮-૩૯, દ્વિતીય પ્રહરઃ ક. ૨૧-૪૫, તૃતીયઃ ક. ૨૪-૫૫, ચતુર્થઃ ક. ૨૭-૫૭થી પ્રારંભ, ભદ્રા ક. ૧૧-૦૮ થી ૨૨-૦૫. પંચક પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૬ (તા. ૨૭).
- શુભાશુભ દિનશુદ્ધિઃ સવારે ક. ૧૧-૦૮ સુધી શુભ.
- મુહૂર્ત વિશેષઃ આજે શિવ-પાર્વતી પરિવારગણ પૂજાનો ઉત્તમ મહાપર્વ યોગ છે. સનાતન હિન્દુ ધર્મની સંસ્કૃતિના પ્રતિબિંબ સમાન મહાશિવરાત્રિ પર્વ અનેરા ઉત્સાહથી હિન્દુસ્તાન અને વિશ્વમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. મહાશિવરાત્રિ પર્વ એ નાનામોટા સ્ત્રી પુરુષ, સર્વને ધર્મલાભની પ્રેરણા આપે છે. આજ રોજ મહાશિવરાત્રિ પર્વની ઉજવણી સૂર્યોદયથી કરવી અને સંધ્યાકાળ પછી ચારેય પૂજાનો મહિમા છે. ગામેગામ શહેર, શહેર, સર્વ ઠેકાણે પ્રાચીન, અર્વાચીન અપૂજ, અત્યંત પ્રચલિત શિવમંદિરોમાં આજ રોજ ધામધૂમથી મહાશિવરાત્રિની ઉજવણી થાય છે. આજ રોજ શિવપાર્વતી પૂજા ઉપરાંત શ્રી વિષ્ણુલક્ષ્મીની પૂજાનો મહિમા છે તથા શિવજીએ ધારણ કરેલ ચંદ્રના પૂજનનો મહિમા છે. આંકડાના છોડનું પૂજન કરવું. બુધવાર હોય અર્કના ગણપતિના પૂજનનો મહિમા શ્રેષ્ઠ છે. સર્વશાંતિ, પ્રતિષ્ઠા, પરદેશગમનનું પસ્તાનું, વાહન સવારી, દુકાન,વેપાર, વિદ્યારંભ, માલ લેવો, પ્રયાણ શુભ, બાળકને અન્નપ્રાશન નામકરણ, દેવદર્શન, આભૂષણ, વસ્ત્રો, હજામત, ખેતીવાડી ધાન્ય લેવું, ધાન્ય ભરવું, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ અભિષેકનો મહિમા છે. ચારેય પ્રહરનું પૂજન, ઉપવાસ રાત્રિ જાગરણ, શિવભક્તિ, જાપ, કિર્તન, બ્રાહ્મણો દ્વારા રુદ્રાભિષેક પૂજા, યોગ્ય દક્ષિણા આપવી. પર્વની પૂજામાં ભદ્રાદોષ ગ્રાહ્ય નથી. સંકલ્પ યુક્ત કર્મ ભદ્રામાં ગ્રાહ્ય નથી.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ આવકારદાયક સ્વભાવ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અસ્થિર મન.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ (તા. ૨૭)
- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ, માર્ગી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# લેન્ડ ફોર જોબ સ્કેમઃ લાલુ, તેજસ્વીને કોર્ટનું તેડું

નવી દિલ્હી : દિલ્હી અદાલતે મંગળવારે ભૂતપૂર્વ રેલવેપ્રધાન લાલુપ્રસાદ યાદવને 'લેન્ડ ફોર જોબ્સ સ્કેમ'ના કેસના સંબંધમાં સમન્સ મોકલાવ્યા છે.

સ્પેશ્યલ જજ વિશાલ ગોગનેએ પ્રસાદના પુત્ર અને બિહારના ભૂતપૂર્વ પ્રધાન તેજપ્રતાપ યાદવ અને પુત્રી હેમા યાદવને પણ તેડું મોકલાવ્યું છે.

જજે રાષ્ટ્રીય જનતા દળના સુપ્રીમોના નાના પુત્ર અને બિહારના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન તેજસ્વી યાદવને તાજા સમન્સ મોકલાવ્યા છે. આરોપીઓને ૧૧ માર્ચે અદાલતમાં હાજર રહેવા જણાવવામાં આવ્યું છે. કેસની નોંધણી ૧૮ મે, ૨૦૨૨એ પ્રસાદ, તેમની પત્ની, બે પુત્રીઓ અને વણઓળખેયલા સરકારી કર્મચારી અને ખાનગી વ્યક્તિ સામે કરાઈ હતી. (એજન્સી) ■

# સેબીએ લોકોને એચબીએન ડેરીઝની મિલકતો ખરીદવા સામે ચેતવણી આપી

નવી દિલ્હીઃ બજાર નિયમનકાર સેબીએ એચબીએન ડેરીઝ એન્ડ એલાઈડ લિમિટેડની કોઈપણ મિલકત ખરીદવા અને તેની સાથે વ્યવહાર કરવા સામે લોકોને ચેતવણી આપી છે.

સેબીએ શોધી કાઢ્યું છે કે કેટલીક વ્યક્તિઓ અથવા સંસ્થાઓ ખોટી અફવાઓ ફેલાવીને, સેબીના અધિકારીઓ હોવાનો ઢોંગ કરીને અને એચબીએન પ્રોપર્ટીઝ પર પેશકદમી કરીને હરાજીની પ્રક્રિયામાં દખલ કરી રહી છે તે પછી આ ચેતવણીનું નિવેદન આવ્યું છે.

આ ક્રિયાઓ માત્ર સંભવિત ખરીદદારોને ગેરમાર્ગે દોરતી નથી, પરંતુ સેબીની ઈ-ઓક્શન પ્રક્રિયાને પણ અવરોધે છે, એમ નિયમનકારે નોંધ્યું હતું.

જવાબમાં, સેબીએ ગયા અઠવાડિયે જારી કરેલી નોટિસમાં, "કોઈપણ પ્રોપર્ટીની ખરીદી/વ્યવહાર કરવા સામે લોકોને ચેતવણી આપી હતી જેમાં એચબીએન, તેના ડિરેક્ટર અથવા તેની કોઈપણ સહયોગી/સહાયક/સહ કંપનીઓને પ્રત્યક્ષ કે આડકતરી રીતે કોઈ રસ/અધિકાર હોય."

નિયમનકારે એમ પણ જણાવ્યું હતું કે કોઈ પણ વ્યક્તિને એચબીએન, તેના ડિરેક્ટર્સ અથવા તેની સંબંધિત સંસ્થાઓ, જેમાં પેટાકંપનીઓ, સહયોગીઓ અને સિસ્ટર કંપનીઓનો સમાવેશ થાય છે, તેની સંપત્તિનો ગેરકાયદેસર કબજો લેવાની અથવા તેમાં દખલ કરવાની મંજૂરી નથી.

આવી કોઈપણ અનધિકૃત ક્રિયાઓ લાગુ કાયદા હેઠળ કાનૂની પરિણામોમાં પરિણમશે.

વધુમાં, સેબીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતના આદેશો મુજબ, તેની પાસે એચબીએન, તેના ડિરેક્ટરો અને તેની સંબંધિત કંપનીઓની મિલકતો વેચવાની સંપૂર્ણ સત્તા છે, જેમાં એચબીએનનું કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ હિત હોય તેવી મિલકતો પણ સામેલ છે.

મે ૨૦૨૩માં સુપ્રીમ કોર્ટના આદેશે સેબીને લિક્વિડેટરની સંડોવણી સાથે એચબીએનની સંપત્તિ વેચવાની સત્તા આપી હતી. ઑક્ટોબર ૨૦૨૪ના અનુગામી આદેશે સેબીને એચબીએનની સિસ્ટર કંપનીઓની સંપત્તિ અને મિલકતો વેચવા અને નિકાલ કરવાની મંજૂરી આપી હતી, જે હાલમાં લિક્વિડેશનમાં છે.

આદેશોને પગલે, જાન્યુઆરીમાં નિયમનકારે જણાવ્યું હતું કે તે ૨૭ ફેબ્રુઆરીએ એચબીએન ડેરીઝ એન્ડ એલાઈડ લિમિટેડની ૨૬ મિલકતોની ૮૩ કરોડની અનામત કિંમતે હરાજી કરશે.

આ પહેલાં, નિયમનકારે ગયા વર્ષે ઓગસ્ટમાં એચબીએનની આઠ મિલકતની હરાજી કરી હતી.

આ પગલાં ગેરકાયદે સામૂહિક રોકાણ યોજનાઓ દ્વારા એચબીએન દ્વારા એકત્ર કરાયેલા નાણાંને પુનઃપ્રાપ્ત કરવા માટેના માર્કેટ વોચડોગના પ્રયાસનો એક ભાગ છે.

એચબીએન અને તેના ડિરેક્ટરો - હરમેન્દર સિંઘ સ્રાન, અમનદીપ સિંઘ સ્રાન, મનજીત કૌર સ્રાન અને જસબીર કૌર રોકાણકારોના નાણાં પરત કરવામાં નિષ્ફળ ગયા બાદ સેબીએ સંપત્તિના વેચાણ માટેની પ્રક્રિયા શરૂ કરી હતી.

સપ્ટેમ્બર ૨૦૧૭માં પ્રતિબંધિત આદેશ દ્વારા શરૂ કરાયેલી રિકવરી કાર્યવાહી હેઠળ સેબી દ્વારા એચબીએન અને તેના ડિરેક્ટર્સની સંપત્તિઓ જપ્ત કરવામાં આવી હતી.

કંપનીએ ઘીના વેચાણમાંથી જંગી વળતર મેળવવા માટે ઢોરની ખરીદી સાથે સંકળાયેલી સ્કીમો દ્વારા ખોટા રોકાણકારો પાસેથી ગેરકાયદેસર રીતે રૂ. ૧૧૩૬ કરોડ એકત્ર કર્યા હતા.આ પ્રથાઓમાં સામેલ થઈને, એચબીએન ડેરી અને એલાઈડે નિયમનકારી ધોરણોનું ઉલ્લંઘન કર્યું હતું. ■

# મધ્ય પ્રદેશ ઉજજૈનમાં આધ્યાત્મિક નગરી સ્થાપશેઃ મુખ્ય પ્રધાન

ભોપાલઃ મધ્ય પ્રદેશ સિંહસ્થ કુંભ-૨૦૨૮ પહેલા ઉજજૈનમાં આધ્યાત્મિક નગરી સ્થાપિત કરવાની યોજના બનાવી રહ્યું છે. આ જાણકારી મુખ્ય પ્રધાન મોહન યાદવે મંગળવારે આપી હતી.

મધ્ય પ્રદેશ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ (એમપીજીઆઇએસ) ૨૦૨૫માં બોલતા મુખ્ય પ્રધાને આધ્યાત્મિક અને વન્યજીવ પર્યટનમાં રાજ્યની સંભાવનાઓ વિશે વિસ્તૃત વાત કરી હતી. યાદવે કહ્યું કે ઉજજૈનમાં લગભગ ૩,૩૦૦ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલી આધ્યાત્મિક નગરી સ્થાપવાની યોજનાને મંજૂરી આપવામાં આવી રહી છે. ઉજજૈનમાં યોજાનાર સિંહસ્થ કુંભ-૨૦૨૮ માટે રાજ્ય સરકારની તૈયારીના ભાગરૂપે આ પગલું લેવામાં આવી રહ્યું છે. અત્રે નોંધનીય છે કે સિંહસ્થ (કુંભ મેળો) દર ૧૨ વર્ષે શિપ્રા નદીના કિનારે યોજાય છે. રાજ્ય સરકાર દ્વારા સાધુ, સંતો, મહંતો, મહામંડલેશ્વર, શંકરાચાર્યો સહિત તમામ આધ્યાત્મિક લોકોને તેમના આશ્રમો સ્થાપવા માટે જગ્યા આપવામાં આવશે. આ પ્રસ્તાવિત શહેરના વિકાસમાં શાળા, કોલેજ, હોસ્પિટલ, ધર્મશાળાઓ અને ખાનગી કંપનીઓ પણ ભાગ લઇ શકશે. ■

# આઇસીએઆઇ વધુ ૧૫,૦૦૦ સીએને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની આપશે ટ્રેનિંગ

નવી દિલ્હીઃ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (સીએ) ની સર્વોચ્ચ સંસ્થા ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (આઇસીએઆઇ) વધુ ૧૫,૦૦૦ સીએને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) પર ટ્રેનિંગ આપશે. આઇસીએઆઇના અધ્યક્ષ ચરણજોત સિંહ નંદાએ મંગળવારે આ માહિતી આપી હતી. તેમણે ટેક્નોલોજી અપનાવવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઇસીએઆઇ) ટેક્નોલોજીનો વ્યાપકપણે ઉપયોગ કરી રહ્યું છે અને તેની પાસે એઆઇ પર એક સમિતિ પણ છે. સંસ્થા એઆઇ પર એક વર્ષનો પ્રમાણપત્ર કાર્યક્રમ પણ ચલાવે છે અને તેણે ૧૨,૦૦૦ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને અગાઉથી જ તાલીમ આપી છે. નંદાએ જણાવ્યું હતું કે ૧૫,૦૦૦થી વધુ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને તાલીમ આપવાની યોજના છે.

આઇસીએઆઇના ચેરમેને ભારપૂર્વક જણાવ્યું હતું કે ચીફ ફાઇનાન્શિયલ ઓફિસર્સ (સીએફઓ) પાસે ટેક્નોલોજી માટેનું વિઝન હોવું જોઈએ અને એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે જરૂરી ટેક્નોલોજી ઓછી થઈ જાય. ■

# આઝમ ખાનના પુત્ર અબ્દુલ્લા ૧૭ મહિના બાદ જેલમાંથી મુક્ત

હરદોઇઃ સમાજવાદી પાર્ટીના નેતા અને આઝમ ખાનના પુત્ર અબ્દુલ્લા આઝમ ખાનને ૧૭ મહિનાની જેલ પછી મંગળવારે ઉત્તર પ્રદેશની હરદોઈ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. અબ્દુલ્લા જેલની બહાર આવ્યા ત્યારે જેલની બહાર પક્ષના નેતાઓ અને સમર્થકોની ભારે ભીડ ઉમટી હતી. સફેદ કુર્તા-પાયજામા પહેરેલા અબ્દુલ્લાને સુરક્ષા કર્મચારીઓએ બપોરે જેલમાંથી મુક્ત કર્યા હતા. અબ્દુલ્લા ખાન અગાઉ રામપુરના સ્વાર વિધાનસભા મતવિસ્તારથી ધારાસભ્ય રહી ચૂક્યા છે, જે એક વરિષ્ઠ સપા નેતા છે અને હાલમાં જેલમાં બંધ છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### છત્તીસગઢ જેલમાં

આવ્યા હતા અને સ્નાન પહેલાં પ્રાર્થના કરવામાં આવી હતી.

નાયબ મુખ્ય પ્રધાન વિજય શર્મા, જેઓ ગૃહ વિભાગનો હવાલો સંભાળે છે, પ્રયાગરાજથી પવિત્ર જળ લાવ્યા હતા જે જેલોમાં વહેંચવામાં આવ્યા હતા, એમ તિગ્ગાએ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, "હર હર ગંગે"ના નારા લગાવનારા કેદીઓમાં ભારે ઉત્તેજના જોવા મળી હતી અને વ્યવસ્થા પર એમણે ખુશી વ્યક્ત કરી હતી.

રાયપુર સેન્ટ્રલ જેલના કેદી ઘસીરામ યાદવે કહ્યું કે "અમે ભાગ્યશાળી છીએ કે અમને મા ગંગાના પાણીથી પવિત્ર સ્નાન કરવાની તક મળી. અમે ક્યારેય વિચાર્યું ન હતું કે અમને અમારા જીવનમાં આવી તક મળશે, જે સરકાર અને જેલ પ્રશાસનની પહેલથી શક્ય બન્યું."

ધમતરી જિલ્લા જેલના એક અધિકારીએ જણાવ્યું હતું કે તમામ ૨૩૯ કેદીએ પવિત્ર સ્નાન કર્યું હતું.

તેમણે કહ્યું કે "તેનો હેતુ કેદીઓને આધ્યાત્મિક શુદ્ધિકરણનો અનુભવ કરાવવા અને તેમના માનસિક સ્વાસ્થ્યને સુધારવાનો હતો. 'ગંગા-જલ' (ગંગા નદીનું પાણી) ભારતીય સંસ્કૃતિમાં પવિત્ર અને શુદ્ધિકરણનું પ્રતીક માનવામાં આવે છે."

જેલ પ્રશાસન માને છે કે ગંગા-જલ સાથે સ્નાન કેદીઓને માનસિક શાંતિ આપશે, તેમને આધ્યાત્મિક રીતે મજબૂત કરશે અને તેમને સ્વ-પરિવર્તન લાવવા, હકારાત્મક વિચાર અપનાવવા અને મુખ્ય પ્રવાહમાં જોડાઈને વધુ સારું જીવન જીવવા માટે પ્રેરણા આપશે, એમ અધિકારીએ ઉમેર્યું હતું. ■

### સજજનકુમારને

જોઈએ. જસવંતની પત્ની જે ફરિયાદી છે તથા ફરિયાદી પક્ષે સજ્જન કુમારને ફાંસી આપવાની માગણી કરી હતી. હત્યાના કેસમાં મહત્તમ સજા દેહાંતદંડની હોય છે અને લઘુતમ સજા આજીવન કેદની હોય છે. અદાલતે ૧૨ ફેબ્રુઆરીએ સજ્જન કુમારને દોષી જાહેર કર્યા હતા. અદાલતે તિહાર સેન્ટ્રલ જેલ પાસેથા સજ્જન કુમારની મનોવૈજ્ઞાનિક અને માનસિક સમીક્ષાનો અહેવાલ માગ્યો હતો. સર્વોચ્ચ અદાલતનો હુકમ છે કે જે કેસમાં દેહાંતદંડની સજા આપી શકાય તેમ હોય એવા કેસમાં આવું પરિક્ષણ કરવું જરૂરી છે. કુમાર હાલમાં તિહાર જેલમાં છે. પંજાબી બાગ પોલીસ સ્ટેશને કેસની નોંધણી કરી હતી, પરંતુ પછી સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમે આ કેસની તપાસ પોતાના હાથમાં લીધી હતી. ફરિયાદી પક્ષે આક્ષેપ કર્યો હતો કે જીવલેણ હથિયારો ધરાવતા મોટા ટોળાએ ભૂતપૂર્વ વડાં પ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યાનો બદલો લેવા શીખોની સંપત્તિને લૂટવાનું, આગ ચાંપવાનું અને એને ખતમ કરવાનું ચાલુ કર્યું હતું.. ટોળાએ જસવંતની પત્ની અને ફરિયાદીના ઘરે હુમલો કર્યો હતો, અંદર રહેલા માણસોને મારી નાખ્યા હતા, વસ્તુની લૂંટ ચલાવી હતી તથા ઘરને આંગ ચાંપી હતી, એવો દાવો ફરિયાદી પક્ષે કર્યો હતો. (એજન્સી) ■

### પાકિસ્તાનની જેલમાં

વેરાવળ ફિશરીઝ વિભાગની કચેરીએ લાવવામાં આવ્યા હતા. વહેલી સવારે ૪:૦૦ વાગ્યે તમામ માછીમારો આવી પહોંચતા તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. ઘણા વર્ષો પછી પોતાના પરિવારજનોને મળતા ખુશી જોવા મળી હતી. ■

### 'સનાતન' સામે

નકવીએ કહ્યું કે લોકોએ સનાતન પ્રત્યે "સાંપ્રદાયિક અસહિષ્ણુતાની ઘેલછા" અને સુશાસન પર હુમલાના ષડયંત્રથી સાવધ રહેવું પડશે. રામપુરના રાઠોંડા ખાતે શિવ મંદિર પરિસરમાં શિવરાત્રિ નિમિત્તે આયોજિત 'કિસાન મેળા'ના ઉદ્દઘાટન દરમિયાન, નકવીએ સમાજવાદી પાર્ટી અને કૉંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, બે વિપક્ષી પાર્ટીઓ "ગૂંચવણમાં" છે અને "જૂઠની પ્રયોગશાળા અને પરાજિત રાજવંશની ગુફા"માં પરિવર્તિત થઇ છે."કૉંગ્રેસ અને કંપનીના મોદી-યોગી ફોબિયાએ વિપક્ષને જમીન વિનાના મકાનમાલિક અને આદેશ વિનાના રાજા તરીકે રજૂ કર્યા છે," એમ તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું. વિપક્ષની નિંદા કરતા, તેમણે કહ્યું કે તેઓ "જાહેર સમર્થનમાં શૂન્ય અને અહંકારમાં હીરો" છે. ભાજપના નેતાએ કહ્યું કે સનાતન વિરુદ્ધ "સ્યુડો સેક્યુલર સિન્ડિકેટની" અસહિષ્ણુતા "ભારતીય સંસ્કૃતિ પરના હુમલા" માં ફેરવાઈ ગઈ છે. નકવીએ કહ્યું કે આ પહેલીવાર બન્યું છે કે કેન્દ્રમાં બિન-કૉંગ્રેસી સરકાર કૉંગ્રેસ અથવા "પરિવારના રિમોટ કંટ્રોલ"ના સમર્થન વિના સુશાસનની સફર સફળતાપૂર્વક આગળ ધપાવી રહી છે.

### સરકારે એસટી,

લઘુમતી યુવાનોની શિષ્યવૃત્તિ છીનવી લીધી છે. આ શરમજનક સરકારી આંકડા દર્શાવે છે કે મોદી સરકારે તમામ શિષ્યવૃત્તિઓમાં લાભાર્થીઓની સંખ્યામાં ભારે ઘટાડો કર્યો છે એટલું જ નહીં પરંતુ દર વર્ષે સરેરાશ ૨૫ ટકા ઓછા પૈસા ખર્ચ પણ કર્યા છે. કૉંગ્રેસ અધ્યક્ષે સવાલ કર્યો હતો કે જો ગરીબ વિદ્યાર્થીઓને યોગ્ય સમર્થન આપવામાં ન આવ્યું તો દેશ તેના યુવાનો માટે રોજગારીનું સર્જન કેવી રીતે સુનિશ્ચિત કરી શકે. તેમણે ભાજપના "સબકા સાથ, સબકા વિકાસ" ના નારાની ટીકા કરતા કહ્યું હતું કે તે ફક્ત 'નારો' છે જે "નબળા વર્ગની આકાંક્ષાઓની મજાક ઉડાવે છે." જ્યાં સુધી દેશના નબળા વર્ગના વિદ્યાર્થીઓને તકો ન મળે અને તેમના કૌશલ્યને પ્રોત્સાહન ન મળે ત્યાં સુધી આપણે આપણા દેશના યુવાનો માટે રોજગારનું સર્જન કેવી રીતે કરી શકીશું? તમારો નારો "સબકા સાથ, સબકા વિકાસ" દરરોજ નબળા વર્ગોની આકાંક્ષાઓની મજાક ઉડાવે છે.

### કલાઈમેટ ગોલ

નેશનલ ગ્રીન ફાયનાન્સિંગ ઈન્સ્ટિટ્યૂટનું સંચાલન કરવા વિવિધ યંત્રણા તપાસી રહી છે. આમાં નેબફિડ કે નાબાર્ડના બૅન્ક મૉડેલ, ઈરોડા જેવી સંસ્થાનો ઉપયોગ, ગિફ્ટ સિટીમાં ક્લાઈમેટ ફંડ, ગ્રીન ઈનવિટ વગેરેનો સમાવેશ થાય છે. આયોગ આખા વિશ્વની ગ્રીન બૅન્કની ઉત્તમ પ્રણાલીનો પણ અભ્યાસ કરશે. ભારત તેની ક્લાઈમેટ પ્રતિબદ્ધતા કે નેશનલી ડીટરમાઈન્ડ કોન્ટ્રીબ્યુશન (એનડીસી) જે સંયુક્ત યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેનશન ઓન ક્લાઈમેટ ચેન્જને ૨૦૨૨માં સુપરત કર્યા છે એ પ્રમાણે ભારત જીડીપી ઈમિશન ઈન્ટેનસિટી ૨૦૦૫ના સ્તરની તુલનામાં ૨૦૩૦ સુધી ૪૫ ટકા ઓછી કરવા માગે છે.

### ન્યાયના પૈડાં

અને ગૃહપ્રધાન અમિત શાહને અનુરોધ કર્યો હતો કે તેઓ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને કુમારને ફાંસીની સજા મળે એ માટે ઉપલી કોર્ટમાં અપીલ કરવાનું કહે. સિંહે વીડિયો મેસેજમાં કહ્યું હતું કે આખો દેશ કુમારને દેહાંતદંડની સજા મળે એવી અપેક્ષા રાખતો હતો. આ હત્યાનો સાદો કેસ નહોતો. આ રાજીવ ગાંધીના કહેવાથી શીખો પર કરાયેલો નરસંહાર હતો. ભાજપના આઈટી ડિપાર્ટમેન્ટ અમિત માલવિયાએ એક્સ પર લખ્યું હતું કે રાજીવ અને સોનિયા ગાંધીના નિકટના સાથીદાર કુમારને જન્મટીપની સજા મળી છે. કૉંગ્રેસના બીજા નેતાના પણ આવા હાલ થશે.

### આજે મહાશિવરાત્રિએ

તિથિએ ગમે ત્યારે સ્નાન કરી શકાય છે.

મહાશિવરાત્રી પર ભગવાન શિવની પૂજા કરવાથી બધી મનોકામનાઓ પૂર્ણ થાય છે. સ્નાન કરતા પહેલા ગંગા, યમુના અને અદશ્ય સરસ્વતીનું સ્મરણ કરો. મહાકુંભમાં છેલ્લા શાહી સ્નાન દરમિયાન સૂર્ય આચમન પણ કરવું જોઈએ. સૂર્યને જળ અર્પણ કરતી વખતે હાથમાં ઘાસ અથવા ચોખાના દાણા રાખો. આ પછી કુંભને વિદાય આપવામાં આવશે. સ્નાન પછી સંગમ પર દીવા પ્રગટાવીને કુંભને વિદાય આપવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં લગભગ ૬૪ કરોડ લોકોએ મહાકુંભમાં સ્નાન કર્યું છે.

શિવરાત્રી પર ગંગા સ્નાનનું વિશેષ મહત્ત્વ છે. ગંગા નદીને ભગવાન શિવના વિશેષ આશીર્વાદ મળ્યા છે અને તે તેમને અભિષેક કર્યા પછી જ પૃથ્વી પર અવતરે છે. જ્યાં પણ ગંગા વહે છે ત્યાં પવિત્ર શિવ મંદિરો અને તીર્થસ્થાનો છે. મહાકુંભના દિવસે ત્રિવેણી સ્નાન કરવાથી ૧૦૦ યજ્ઞ કરવા જેટલું જ ફળ મળે છે. ગંગા વિશે પુરાણોમાં કહેવામાં આવ્યું છે કે ફક્ત ગંગાના દર્શન કરવાથી જ મોક્ષ મળે છે.

# ૧૨૪ દિવસ માટે યોજાયેલો રણોત્સવ પૂર્ણ: છ લાખથી વધારે સહેલાણીઓએ ધોરડોના સફેદ રણની મુલાકાત લીધી

## સ્થાનિક લોકોની રોજગારી વધવાની સાથે સરકારને પાંચ કરોડથી વધુની આવક થઇ

ભુજ: ગુજરાત સરકારના પર્યટન નિગમના છેલ્લા દોઢ દાયકાના પ્રયાસો રંગ લાવ્યા હોય તેમ ભાતીગળ પ્રદેશ કચ્છમાં ભમવા આવતા દેશ-વિદેશના પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. ધોરડો ખાતેના સફેદ રણમાં વર્ષ ૨૦૦૫થી તત્કાલીન મુખ્ય પ્રધાન અને હાલના દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં યોજાતા રણોત્સવના કારણે આ કચ્છ જેવા સૂકા મુલકને આંતરરાષ્ટ્રીય ખ્યાતી મળવા પામી છે અને આ સદીના મહાનાયક અમિતાભ બચ્ચનના 'કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા'ના સ્લોગનની અસર પણ જોવા મળી રહી છે. ગત નવેમ્બરની ૧૧મી તારીખથી શરૂ થયેલો રણોત્સવ પૂર્ણ થઇ ચુક્યો છે અને કચ્છની કળા, હસ્તકલા, સંગીત, નૃત્ય અને સ્થાનિક પરંપરાઓને ઉજવનારા આ રણ મહોત્સવે સ્થાનિક લોકો ઉપરાંત સરકારને પણ પાંચ કરોડથી વધુની આવક રળી આપી છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે સફેદ રણને નિહાળવા આવતા પ્રવાસીઓની સખ્યામાં પણ નોંધપાત્ર વધારો નોંધાયો છે. આ વર્ષે છ લાખથી વધુ પ્રવાસીઓએ આ અદ્ભુત સફેદ રણની મુલાકાત લીધી હતી જેમાં ૭૭૪ જેટલા પ્રમાણમાં ઓછા કહી શકાય તેટલા વિદેશી સહેલાણીઓનો પણ સમાવેશ થાય છે. વળી, આ વર્ષથી 'નો પ્લાસ્ટિક ઝોન' તરીકે જાહેર થયેલા અને આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ, સૂર્ય કિરણ એર-શો, પંચાયત પરિષદ સમિટના સાક્ષી બનેલા રણોત્સવ-૨૦૨૪માં ટ્રાફિકની ઊભી થતી વિકરાળ સમસ્યાને હળવી કરવા માટે 'ઓપન હોપ ઓફ સર્વિસ' ચાલુ કરવામાં આવી હતી જેના લીધે સહેલાણીઓને પ્રમાણમાં ઓછી તકલીફ પડી હતી. કચ્છ અને ગુજરાત સહિત વિશ્વભરના પ્રવાસીઓ રણોત્સવની ટેન્ટ સિટીમાં અગાઉથી જ બુકીંગ કરવાનું શરૂ કરી દેતા હોય છે. કચ્છનો અમૂલ્ય વારસો અને વૈશ્વિક ધરોહર વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરાથી કચ્છના સફેદ રણ સુધી રસ્તો બની જતા હવે પ્રવાસીઓ ''રોડ ટુ હેવન'' મારફતે ધોરડોના સફેદ રણને જોવાની અનેરી મજા માણે છે. દર વર્ષે રણોત્સવમાં નવા નવા આકર્ષણના કેન્દ્રો ઊભા કરવામાં આવે છે.

# અમદાવાદમાં ૬૧૪ વર્ષ પછી નગરદેવી ભદ્રકાળી આજે નગરયાત્રાએ નીકળશે: બજારો-રોડ બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ૨૬મી ફેબ્રુઆરીએ અમદાવાદનો સ્થાપના દિવસ છે અને મહાશિવરાત્રિ પર્વ પણ છે. ત્યારે અમદાવાદ શહેરની સ્થાપના બાદ એટલે કે, ૬૧૪ વર્ષ બાદ નગરદેવી ભદ્રકાળી માતા પ્રથમ વખત નગરયાત્રાએ નીકળવાના છે. ૬.૨૫ કિ.મી. લાંબી નગરયાત્રામાં લાખોની સંખ્યામાં માઈભક્તો ઊમટશે. સવારે ૭:૩૦ વાગ્યે પ્રસ્થાન થનારી નગરયાત્રા સૌથી જૂના શહેરના વિસ્તારમાં ફરશે.

અમદાવાદના લાલ દરવાજા ખાતે આવેલા નગરદેવી ભદ્રકાળી માતાજીની સવારે ૭:૦૦ વાગ્યે આરતી અને પૂજા થશે. ભદ્ર પરિસરમાં આવેલા માતાજીના પંજાની આરતી અને પૂજા થશે. ત્યારબાદ માતાજીની પાદુકા રથમાં મૂકવામાં આવશે. અમદાવાદના નગરપતિ એટલે કે, મેયર દ્વારા પહિંદ વિધિ કરવામાં આવશે, જેમાં મોરપીંછથી રસ્તો વાળી માતાજીની નગરયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવશે.

આ નગરયાત્રા ભદ્ર પરિસરથી ત્રણ દરવાજા થઈ માણેકચોક માણેકનાથ દાદાની આરતી કરવામાં આવશે. ત્યાંથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફિસ ખાતે પહોંચશે, જ્યાં ભાજપના પદાધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનર સહિતના અધિકારીઓ આરતી ઉતારશે. ત્યારબાદ ખમાસાથી જમાલપુર જગન્નાથ મંદિર ખાતે જશે, ત્યાં જગન્નાથ મંદિરે આરતી ઉતારવામાં આવશે. ત્યારબાદ રિવરફ્રન્ટ પાસે સાબરમતી નદી ખાતે જશે. સાબરમતી નદીની પણ આરતી ઉતારવામાં આવશે. ત્યાંથી મહાલક્ષ્મી મંદિર ખાતે માતાજીની આરતી ઉતારી અને વસંત ચોક ખાતે પહોંચશે. વસંત ચોકમાં માતાજીની આરતી ઉતારી અને લાલ દરવાજા વીજળી ઘરથી પરત ભદ્ર પરિસર ખાતે પહોંચશે. મંદિરે પરત ફર્યા બાદ માતાજીનો હવન થશે અને ત્યારબાદ ભંડારો યોજાશે, જેમાં પાંચ હજાર લોકો આ ભંડારાના પ્રસાદમાં ભાગ લેશે.

યાત્રાને પગલે સવારે ૭ વાગ્યાથી ભદ્રકાળી મંદિરથી ત્રણ દરવાજા, માણેકચોક, માંડવીની પોળ થઈને મ્યુનિસિપલ કોર્પોરેશન, ખમાસા જમાલપુર દરવાજા જગન્નાથ મંદિર, ગાયકવાડ હવેલી, રિવરફ્રન્ટ મહાલક્ષ્મી મંદિર, લાલ દરવાજા વીજળી ઘર તરફના તમામ રસ્તાઓ વાહનોની અવરજવર માટે બંધ રહેશે. યાત્રા પસાર થઈ ગયા બાદ રસ્તા નાગરિકોની અવરજવર માટે ખુલ્લા મૂકી દેવામાં આવશે. સાથે લાલ દરવાજા ભદ્ર બજાર, માણેકચોક સોની બજાર સહિતનાં બજારો બપોર સુધી બંધ રહેશે.

નગરદેવીની યાત્રા માટે પોલીસ કમિશનર દ્વારા માત્ર ૨૦ જ વાહનને મંજૂરી આપવામાં આવી છે. જેમાં રથ, નાના વાહનો અને ખુલ્લી જીપનો સમાવેશ થાય છે. નાના વાહનોમાં જ ભજન મંડળીઓ રાખવામાં આવશે. ખુલ્લી જીપમાં બેસીને આ યાત્રા નીકળવાની છે.

પોલીસ કમિશનર તરફથી માત્ર ૨૦ વાહનોની પરમિશન આપવામાં આવી છે. અન્ય હાથી, ઘોડા, પાલખી કે અખાડા કોઈ પણ અન્યની પરમિશન આપવામાં આવી નથી. જોકે, આવતીકાલે જ્યારે નગરયાત્રા આવશે, ત્યારે બીજા લોકો પણ જોડાય તેવી શક્યતા છે.

# ગુજરાતમાં પાંચ વર્ષમાં ૯૯.૪૩ લાખ ખેડૂતોને ₹ ૧૨,૩૮૯ કરોડની પાક નુકસાનીની સહાય ચૂકવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના કૃષિ પ્રધાન રાઘવજી પટેલે વિધાનસભાગૃહમાં જણાવ્યું હતું કે, કમોસમી વરસાદ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને વાવાઝોડા જેવી કુદરતી આફતોના સમયે ખેડૂતોને પાક નુકસાન સામે આર્થિક ટેકો આપવા માટે રાજ્ય સરકાર દ્વારા કૃષિ ઈનપુટ સહાય ઉપરાંત આપત્તિની તિવ્રતાને ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા ઉદાર અભિગમ દાખવી રાજ્ય ભંડોળમાંથી વધારાની ટોપ-અપ સહાય પણ આપવામાં આવે છે.

વિધાનસભામાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં કૃષિપ્રધાને એ જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ખેડૂતોને થયેલા પાક નુકસાન સામે રાજ્યના ૯૯.૪૩ લાખથી વધુ ખેડૂતોને કુલ રૂ.૧૨,૩૮૯ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ખરીફ-૨૦૨૪ સિઝનમાં થયેલા ભારે વરસાદના કારણે પોરબંદર જિલ્લામાં મગફળી, કપાસ, સોયાબીન, મગ, અડદ, તુવેર, શાકભાજી અને ઘાસચારાના પાકોમાં તથા જૂનાગઢ જિલ્લામાં મગફળી, કપાસ, સોયાબીન, શાકભાજી, ઘાસચારો અને બાગાયતી પાકોમાં નુકસાન થયું હતું. જેનો તાત્કાલિક સર્વે પૂર્ણ કરીને રાજ્ય સરકારે જૂનાગઢ જિલ્લાના ૧૮,૦૨૩ તેમજ પોરબંદર જિલ્લાના ૫૦,૨૦૬ ખેડૂતોને મળી ૬૮,૨૨૯ ખેડૂતોને કુલ રૂ. ૧૦૦ કરોડથી વધુ પાક નુકસાન સહાય સીધી તેમના બેંક ખાતામાં ચૂકવી છે.

તે ઉપરાંત રાજ્યના ખેડૂતોને કૃષિ સાધનોની ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. જે અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં કચ્છ જિલ્લાના ૧૭,૯૩૨ ખેડૂતોને સાધન સહાય આપવાની યોજના હેઠળ રૂ.૩૭ કરોડની સહાય આપવામાં આવી છે. કૃષિપ્રધાને વિગતવાર માહિતી આપતા ઉમેર્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં અંજાર તાલુકામાં ૧,૬૬૯ અરજીઓ, અબડાસામાં ૧,૮૯૩, ગાંધીધામમાં ૫૯, નખત્રાણામાં ૧,૬૬૮, ભચાઉમાં ૨,૮૬૬, ભુજમાં ૨,૨૦૩, ભુજ શહેરમાં ૫૭, મુન્દ્રામાં ૧,૦૧૯, માંડવીમાં ૧,૬૮૮, રાપરમાં ૪,૧૨૯ અને લખપત તાલુકામાં ૬૮૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. આમ કચ્છ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કુલ ૧૭,૯૩૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. મંજૂર થયેલી અરજીઓ સામે આ ખેડૂતોને કુલ રૂ. ૩૭,૮૧,૩૯,૭૦૩ જેટલી સહાય સીધી તેમના બેન્ક ખાતામાં ચૂકવવામાં આવી છે.

મંત્રીએ યોજનાનો હેતુ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને ખેતીમાં કૃષિ યાંત્રિકરણ અપનાવવાથી તેમને પડતી મુશ્કેલીઓમાં ઘટાડો થઈ શકે છે.

ખેતીમાં ખાતર, દવા અને બિયારણનો કાર્યક્ષમ ઉપયોગ કરવાથી ખેત ઉત્પાદનમાં વધારો કરી શકાય છે. આ ઉપરાંત કૃષિ યાંત્રિકરણ થકી ૧૦ થી ૧૫ ટકા ખેત ઉત્પાદનમાં વધારો, ૧૫ થી ૨૦ ટકા બિયારણ અને ખાતરની બચત તથા ૨૦ થી ૩૦ ટકા સમય અને મજૂરીની પણ બચત થાય છે.

# રાજકોટ હૉસ્પિટલના સીસીટીવી કાંડમાં મોટો ખુલાસો: એક વર્ષથી ટેલિગ્રામ પર થતી હતી ન્યૂડ વીડિયોની આપ લે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટની ખાનગી હૉસ્પિટલમાં મહિલાઓની સારવારના અંગત સીસીટીવી વિડીયો વાઈરલ કરીને પૈસા કમાવાના ગોરખધંધાના મામલે અમદાવાદ સાઇબર ક્રાઇમની તપાસમાં મોટો ખુલાસો થયો હતો. ઘીકાંટા ફોજદારી કોર્ટે આરોપી રાયન પરેરા અને પરીત ધામેલીયાને સાત દિવસના રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો હતો, જ્યારે અન્ય એક આરોપી વૈભવ બંડુ માનેને ત્રણ દિવસના રિમાન્ડ આપ્યા હતા.

રાજકોટના રૈયા સર્કલ નજીકની પાયલ મેટરનિટી હૉસ્પિટલના મહિલાઓની સારવારના સીસીટીવી વાયરલ કરવાના મામલે સાયબર ક્રાઈમે મોટો ખુલાસો કર્યો હતો. આ કેસમાં ધરપકડ કરાયેલા ત્રણ આરોપીઓને કોર્ટમાં પોલીસે રિમાન્ડ માટે રજૂ કર્યા હતા, ત્યારે સાયબર ક્રાઇમે રજૂઆત કરી હતી કે, આરોપીઓ એક વર્ષથી ટેલીગ્રામ મારફતે ન્યૂડ વીડિયો આપ લે કરતા હોવાના સહિતના મુદ્દે તપાસ માટે રિમાન્ડની જરૂર છે.

સાઈબર ક્રાઇમની રજૂઆત બાદ કોર્ટે આરોપી રાયન પરેરા અને પરિત ધામેલીયાને ૩ માર્ચ સુધીના રિમાન્ડ પર સોંપ્યા હતા. ત્યારે આરોપી વૈભવ બંડુ માનેને ૨૭મી સુધી રિમાન્ડ પર સોંપવા આદેશ કર્યો હતો. સાથે જ કોર્ટે આ કેસમાં ઉંડાણપૂર્વકની તપાસ માટે કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશન જરૂર પણ જણાવી હતી.

કોર્ટમાં સરકાર વતી દલીલ કરતાં કહ્યું હતું કે ત્રણેય આરોપીઓના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી અને કહ્યું હતું કે, 'આરોપીએ કેવી રીતે રાજકોટની હૉસ્પિટલના સીસીટીવી હેક કર્યા હતા...?, આ પ્રકારે કુલ કેટલી જગ્યાએ સીસીટીવી કેમેરા હેક કરી તેના ફુટેજીસ મેળવ્યા? આ રીતે કેટલા નાણાં મેળવ્યા? આરોપીઓ અન્ય રાજયના વતની છે તો તેમણે હૉસ્પિટલનું એક્સેસ કેવી રીતે મેળવ્યું.? તે ઉપરાંત આ કાંડમાં અન્ય કેટલા આરોપીઓ સંડોવાયેલા છે તે અંગે પણ તપાસ કરવાનું જણાવ્યું હતું.

# વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી મહિને બે વખત ગુજરાતની મુલાકાતે આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી માર્ચ મહિનામાં બે વખત ગુજરાત આવે તેવી શકયતા છે. પ્રથમ સૌરાષ્ટ્રમાં જૂનાગઢ ખાતે વાઇલ્ડ લાઇફ ડે કોન્ફરન્સનો પ્રારંભ કરાવશે ત્યારબાદ દક્ષિણ ગુજરાતમાં મહિલા દિવસ સંબંધિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. મહિનાની શરૂઆતમાં ૩ માર્ચ તથા તે પછી ૭ અને ૮ માર્ચે તેઓ ગુજરાતમાં બે અલગઅલગ વિસ્તારની મુલાકાતે આવશે. ૩જી માર્ચ દરમિયાન સાસણમાં યોજાનારી નેશનલ વાઇલ્ડ લાઇફ બોર્ડની બેઠકમાં ભાગ લેવા મોદી આવશે, જ્યારે ૭ અને ૮ માર્ચે વિશ્વ મહિલા દિવસ સહિતની ઉજવણી માટે તેઓ સુરત અને નવસારીની મુલાકાત લેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ૩ માર્ચે વિશ્વ વન્યસૃષ્ટિ દિવસ છે અને તે દિવસે જ મોદી પોતે હોદ્દાની એ નેશનલ વાઇલ્ડલાઇફ બોર્ડના અધ્યક્ષ હોવાથી બેઠકમાં ભાગ લેવા સાસણ આવશે. અહીં તેઓ ૩૦૦૦ કરોડના પ્રોજેક્ટ લાયનનું લોંચિંગ કરશે.

આગામી ૨૦૪૭ના વર્ષને ધ્યાને રાખીને ગુજરાતમાં વધનારી સિંહોની વસતીને જોતાં આ પ્રોજેકટ હેઠળ સેટેલાઇટ સિંહ વસવાટ કેન્દ્રોમાં નિયંત્રણ, દેખરેખ અને પ્રાણીઓ માટેની હોસ્પિટલ સહિત સુવિધાઓ ખુલ્લી મુકાશે.

તે પછી તેઓ ૭ માર્ચે સુરતમાં સાંજના સમયે અહીંના લિંબાયત વિસ્તારના નીલગીરી મેદાનમાં સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ કાર્યક્રમમાં હાજરી આપશે. રાત્રિ રોકાણ સુરતમાં જ કરી બીજે દિવસે સવારે નવસારીમાં વિશ્વ મહિલા દિવસના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે અને અહીં પણ મહિલાલક્ષી યોજનાઓના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરશે.

# આદિવાસીઓની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ ચાલુ કરવા મુદ્દે કૉંગ્રેસ-આપનું ગૃહમાંથી વોક આઉટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળમાં આદિવાસી સમાજની બંધ કરવામાં આવેલી સ્કોલરશીપ મુદ્દે હંગામો થયો હતો. જેમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગૃહમાંથી બહાર નીકળી ગયા હતા. આ ધારાસભ્યો વિધાનસભાગૃહની બહાર સરકાર વિરોધી સૂત્રોચાર કર્યા હતા અને મીડિયા સમક્ષ નિવેદન આપ્યું હતું.

આદિવાસી સમાજના વિધાર્થીઓની સ્કોલરશિપ મુદ્દે કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સહયોગથી ચાલુ કરવામાં આવી હતી. આ સ્કોલરશિપ મેનેજમેન્ટ ક્વોટામાં આપવામાં આવતી હતી જે હવે રાજ્ય સરકાર દ્વારા એક ઠરાવ કરીને બંધ કરી દીધી છે. આ યોજના મુદ્દે પ્રશ્ન પૂછ્યો તો સરકારે જવાબ ન આપ્યો અને વાર્તા કરી હતી. અમારી માંગ હતી કે જવાબ આપો કે યોજના ફરી ચાલુ કરવા માંગો છો કે નહીં. આ મુદ્દે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, ભાજપની આ સરકારે ૨૮ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ આ યોજનામાં બંધ કરવા માટે ઠરાવ કર્યો હતો. અમારી માંગ છે કે આદિવાસીઓ સમાજની આ શિષ્યવૃત્તિ ચાલુ કરાવવાના આવે. આ આદિવાસી વિરોધી ભાજપ સરકારને શું જરૂર પડી કે આદિવાસીઓની શિક્ષણની શિષ્યવૃત્તિ બંધ કરવામાં આવી. કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલે જણાવ્યું હતું કે આદિવાસી સમાજ ભણે એ આ સરકારને ગમતું નથી, સરકારને ગમતું નથી કે આદિવાસી સમાજ આગળ આવે, શિક્ષણ પ્રધાન કુબેર ડિંડોલ આદિવાસી સમાજના શિક્ષણની વાત કરતા નથી. આદિવાસી સમાજના એક પણ ભાજપના ધારાસભ્યે અમને સમર્થન કર્યું નથી, પરંતુ અમે આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ અને સમાજ સાથે છીએ. આદિવાસી સમાજની સ્કોલરશીપ બંધ થતા મેનેજમેન્ટ ક્વોટામાં અભ્યાસ કરતા આશરે ૬૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીનું શિક્ષણ અટવાયું છે.

# રાજકોટ-અમદાવાદ હાઈવે પર ટ્રક-રિક્ષા વચ્ચે ગોજારો અકસ્માત, છ લોકોનાં કમકમાટી ભર્યાં મોત

અમદાવાદ: રાજકોટના માલિયાસણ નજીક રાજકોટ-અમદાવાદ હાઈવે પર ટ્રક અને રિક્ષા વચ્ચે ગોઝારો અકસ્માત થતા મરણચીસોથી વિસ્તાર ગુંજી ઉઠયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં રિક્ષા ટ્રકની નીચે ફસાઈ જતા પાંચ લોકોનાં મોત થયાં હતાં, જ્યારે બે લોકો અંદર ફસાયા હતા. સ્થાનિક લોકો દ્વારા બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ૫ જેટલી ૧૦૮ અકસ્માતના સ્થળ પર મોકલવામાં આવી હતી. તમામ મૃતકોના મૃતદેહોને પીએમ માટે ૧૦૮ મારફત હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાને લઈને માલિયાસણ વિસ્તારમાં એરેરાટી વ્યાપી ગઈ હતી. રાજ્યમાં ગમખ્વાર અકસ્માતો સતત વધી રહ્યા છે, સોમવારે મોડી રાત્રે પોરબંદર-દ્વારકા હાઈવે પર કુછડી ગામ નજીક ગંભીર અકસ્માત સર્જાયો હતો. કર્ણાટકના વિજાપુર જિલ્લાના ચડચણ તાલુકાની યાત્રાળુઓથી ભરેલી બસ બંધ પડેલી ટ્રક સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં બે યાત્રાળુઓ વિશ્વનાથ સિદરમ્પા અવજી (ઉં.વ ૫૪) અને મલ્લિકાર્જુન સરમણખા અદલગી (ઉં.વ ૪૫)ના ઘટનાસ્થળે જ મૃત્યુ થયાં હતાં. અકસ્માતમાં ૧૦ યાત્રાળુઓને ઈજાઓ પહોંચી હતી. તમામ ઘાયલોને સારવાર માટે પોરબંદરની ભાવસિંહજી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# અમીરગઢ ચેકપોસ્ટ પર હાઇટેક કૅમેરા સિસ્ટમ: દારૂની હેરાફેરી પર લગામ લગાવાશે

અમદાવાદ: બનાસકાંઠા જિલ્લાની રાજસ્થાન સરહદ પર આવેલી અમીરગઢ પોલીસ ચેકપોસ્ટ હવે હાઈટેક બની છે. અહીં નેત્રમ દ્વારા અત્યાધુનિક કેમેરા સિસ્ટમ ગોઠવવામાં આવી રહી છે. આ કેમેરાનું સીધું મોનિટરિંગ નેત્રમ પાલનપુર દ્વારા કરવામાં આવશે. અમીરગઢ ચેકપોસ્ટ અતિ સંવેદનશીલ વિસ્તાર ગણાય છે. અહીંથી વિદેશી દારૂની હેરાફેરી સહિતની ગેરકાયદે પ્રવૃત્તિઓ થતી રહે છે. ઘણી વખત રીઢા તસ્કરો પોલીસને ચકમો આપીને સરહદ પાર કરી જાય છે. નેત્રમ વિભાગ ગુનાખોરી સામે કડક કાર્યવાહી માટે જાણીતું છે. તેમણે અનેક રીઢા ગુનેગારોને પકડી પાડ્યા છે.

# હું સોમનાથ મહાદેવનો સેવક છું, ઝેરના ઘૂંટડા પચાવી જઇશ: ગીર સોમનાથ કલેક્ટર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથ જિલ્લામાં કડક કાર્યવાહીને બાબતે ચર્ચાનું કેન્દ્ર બનેલા ગીર સોમનાથ જિલ્લાના કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ કોડિનાર ખાતે સાંસદ રાજેશ ચૂડાસમાના હસ્તે રૂ.૧૬.૭૩ કરોડના ૩૨ વિકાસ કાર્યોના લોકાર્પણ પ્રસંગે ગીર સોમનાથ જિલ્લાની ચાલતી કાર્યવાહીને મુદ્દે જવાબ આપતા કહ્યું હતું કે હું સોમનાથ મહાદેવનો ગણ છું. મહાદેવના આશીર્વાદથી થોડું ઝેર પી લઈશ પણ ઢીલો નહીં પડું. પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના અંતર્ગત ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન, ગીર સોમનાથ દ્વારા રામનગર પે.સેન્ટર શાળા, કોડિનાર ખાતે સાંસદ રાજેશભાઈ ચૂડાસમાના હસ્તે રૂ.૧૬.૭૩ કરોડના ૩૨ વિકાસ કાર્યોનું સામૂહિક લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તકે ગીર સોમનાથ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ કહ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લો ખનીજક્ષેત્રે સમૃદ્ધિ ધરાવતો જિલ્લો છે. પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના અંતર્ગત જિલ્લામાં ખનીજક્ષેત્ર ધરાવતા વિસ્તારનો સંતુલિત વિકાસ થાય તે માટે ડિસ્ટ્રિક્ટ મિનરલ ફંડ અંતર્ગત શિક્ષણ, આરોગ્ય, સેનિટેશન, સિંચાઈ, જાહેર બાંધકામ સહિત વિવિધ વિભાગોના જરૂરિયાત અનુસાર લોકસુખાકારી કામો હાથ ધરવામાં આવે છે.

આ ઉપરાંત તેમણે જિલ્લામાં ચાલતી કાર્યવાહીને મુદ્દે માર્મિક રીતે જવાબ આપતા કહ્યું હતું કે, ''હું સોમનાથ મહાદેવનો ગણ છું. મહાદેવના આશીર્વાદથી થોડું ઝેર પી લઈશ પણ ઢીલો નહીં પડું અને ગીર સોમનાથ જિલ્લાના લોકોનો વિશ્વાસ ભંગ નહીં થવા દઉં આ જિલ્લાના લોકોના સુખાકારી માટેના તમામ સારા અને સાચા કામો જિલ્લાના વહીવટી ટીમ કરી રહી છે.

### ગુજરાતના કુલ દેવાના આંકડામાં મોટો તફાવત

# રાજયના મતે 3.૭૦ લાખ કરોડ, કેન્દ્ર સરકારે ૪.૪૩ લાખ કરોડ દેવું દર્શાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના કુલ દેવા અંગે ગુજરાતની ભાજપ સરકારે વિધાનસભામાં આપેલા આકડાં અને કેન્દ્ર સરકારે લોકસભામાં રજૂ કરેલાં ગુજરાતના કુલ દેવાના આંકડામાં મોટો તફાવત જોવા મળી રહ્યો છે. રાજ્યના એક વર્ષના કુલ બજેટ કરતા પણ ગુજરાત સરકારનું દેવું વધુ હોવાનું કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું. ભાજપ સરકાર દ્વારા આપવામાં આવેલા ખોટા આંકડા અંગે પોલ ખોલતા ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભામાં હંમેશાંથી સત્ય અને પારદર્શક સંસદીય કામગીરીની પરંપરા રહી છે ત્યારે ભાજપ સરકાર દ્વારા વિધાનસભામાં ગુજરાત રાજ્યનું કુલ દેવું ૩,૭૦,૦૦૦ કરોડ જેટલું છે તેમ દર્શાવવામાં આવ્યું છે, પરંતુ લોકસભામાં કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા જવાબમાં ગુજરાત રાજ્ય પર રૂ. ૪,૪૩,૭૫૩.૩ કરોડ જેટલું દેવું દર્શાવવામાં આવ્યું છે. લોકસભામાં રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા રજૂ કરવામાં આવેલા રિપોર્ટ 'સ્ટેટ ફાયનાન્સ: એ સ્ટડી ઓફ બજેટ ઓફ ૨૦૨૩-૨૪' અંતર્ગત આપવામાં આવેલી વિગતો દર્શાવે છે કે, ગુજરાત રાજ્યનું દેવું સતત વધી રહ્યું છે. વર્ષ ૨૦૦૭માં રાજ્ય પર ૯૦,૯૫૫.૭ કરોડ દેવું હતું, જે અધધ વધીને વર્ષ ૪,૪૩,૭૫૩.૩ કરોડ અને વર્ષ ૨૦૨૫માં ૪,૯૪,૪૩૫.૯ કરોડ થઇ જશે. જે રાજ્યના એક વર્ષના કુલ બજેટ કરતા પણ વધુ છે.

તેમણે રાજ્યની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે, સરકારે કરોડો રૂપિયાનું દેવું કર્યું હોવા છતાં ગુજરાતના નાગરિકોને ૫૦૦ રૂપિયે ગેસનો બાટલો મળતો નથી, મહિલાઓને મફત બસ પ્રવાસ આપવામાં આવતો નથી. આ જ દર્શાવે છે કે ભાજપ સરકાર માનીતા ઉદ્યોગપતિઓ માટે જ કામ કરી રહી છે.

# ગુજરાતમાં ડિમોલિશનની કાર્યવાહી દરમિયાન સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન: શક્તિસિંહ ગોહિલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના વિવિધ ભાગોમાં ચાલી રહેલી બુલડોઝર કાર્યવાહી સામે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ રાજ્યની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. શક્તિસિંહ ગોહિલે ડિમોલિશન અંગે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટે વારંવાર કહ્યું છે કે તમે જનહિતના નામે કોઈ પણ નાગરિકને હેરાન કરી શકો નહીં. તમારે વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડશે અને પૂરતો સમય આપવો પડશે. તેના વિના ડિમોલિશન થશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં રબારી કોલોની, અંબાજી, પોરબંદર, દ્વારકા, ઓખા, બેટ દ્વારકા, ભાવનગર અને ગોમતીપુરમાં ડિમોલિશન કાર્યવાહી કરવામાં આવી છે. આ રાજ્ય સરકાર સર્વોચ્ચ અદાલતના નિયમોનું પણ પાલન કરતી નથી. અમે અમારા વકીલ સાથીદારો સાથે પણ આ અંગે ચર્ચા કરી છે કે, સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈન હોવા છતાં ગુજરાતમાં શું થઈ રહ્યું છે? આ રીતની ડિમોલિશનની કાર્યવાહી અમાનવીય છે, સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન છે.

થોડા દિવસો પહેલા અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં આવેલ કાલિદાસ મિલ ચાર રસ્તાથી ચારતોડા કબ્રસ્તાન થઈ અંબિકા ચાર રસ્તા સુધી આર ડી પી રોડ લાઈનને લઈને મેગા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગેરકાયદેસર ૪૫ જેટલા રહેણાક મકાનો, ૧૧૫ કોમર્શિયલ દુકાનો અને ૧૦ ધાર્મિક બાંધકામને દૂર તોડી પાડવામાં આવ્યા હતા.

મહત્વની બાબત એ છે કે, અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનની સરકાર દ્વારા કામગીરી ચાલુ કરવામાં આવી છે. ૧૭૦ જેટલા બાંધકામને તોડી પાડવા માટે મેગા ડિમોલિશન કાર્યવાહી કરવામાં આવી છે. જે વાતની પુષ્ટિ એસ્ટેટ વિભાગના અધિકારી દ્વારા કરવામાં આવી હતી.

# ગુજરાતમાં ઠંડીના છેલ્લા દિવસો; આગામી દિવસોમાં ગરમ અને ભેજવાળા પવન ફૂંકાવાની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સમગ્ર ગુજરાતમાં મહા મહિનામાં જ ઠંડી નામશેષ થઈ ગઈ હોય ફાગણ-ચૈત્ર મહિના જેવી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હાલ રાજ્યના હવામાનની સ્થિતિને જોતાં હવે શિયાળો તેના અંતિમ ચરણમાં છે ત્યારે રાજ્યના હવામાન વિભાગે આગામી સાત દિવસ સુધી વાતાવરણ શુષ્ક રહેવાની તેમજ આગામી ત્રણ દિવસ ગરમ અને ભેજવાળા હવામાનની આગાહી કરી છે.

રાજ્યના હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી અનુસાર ગુજરાતમાં આગામી સાત દિવસ સુધી વાતાવરણ શુષ્ક રહેવાની શુષ્ક રહેવાની સંભાવના છે, જો કે રાજ્યના તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી જેટલો વધારો થવાની સંભાવના છે. રાજ્યમાં હાલ ઉત્તર-પૂર્વથી પૂર્વ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા હોય લઘુત્તમ તાપમાનમાં મોટાપાયે કોઇ ફેરફાર થાય તેવા સંકેતો છે. રાજ્યમાં આગામી પાંચ દિવસમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે જો કે બાદમાં બેથી ત્રણ ડિગ્રી તાપમાન જેટલો ઘટાડો થઈ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાતના દરિયા કિનારે ગરમ અને ભેજવાળા પવન ફૂંકાય તેવી ચેતવણી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. તા. ૨૭ ફેબ્રુઆરી સુધી યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

## સંસ્થા સમાચાર

### પૂ. મુનિરાજ શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા.ની નિશ્રામાં મુનિસુવ્રતસ્વામી નવપદ જિનાલયમાં નિઃશૂલ્ક જૈન પુસ્તકનું વિતરણ

શ્રી પ્રેમ-ભુવન-જયઘોષ સમુદાયના પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબની આજ્ઞામાં જિનશાસનમાં અનેક ધાર્મિક કાર્યોના પ્રેરક-માર્ગદર્શક, પચાસ ચાતુર્માસની સફળ યાત્રા કરનારા પ.પૂ. મુનિ રાજ શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા. અને પૂ. મુનિરાજજી શ્રી હેમકીર્તિ વિજયજી મ.સા. મુનિરાજજી પ્રિતાયશવિજયજી મ.સા. આદિ થાણા (પ.) ટેંભીનાકામાં શ્રી રિષભદેવજી મહારાજ જૈન ધર્મ ટેમ્પલ અને ધ્યાતિ ટ્રસ્ટના શ્રી મુનિસુવ્રતસ્વામી નવપદ જિનાલય કોંકણ શત્રુંજયમાં સ્થિરતા છે. જૈન ધર્મના અનેક પુસ્તકો સાથે ચૈત્યવંદન, દેવવંદન અને ભાવભર્યાં સ્તવન અને શ્રીગણધર દેવવંદન (હિન્દી ભાષામાં) પુસ્તક અને ભાનુ-પદમ સ્વાધ્યાય શ્રમણપાક્ષિકાદિસૂત્રો (ગુજરાતીમાં) પુસ્તકની નવી આવૃત્તિ નિઃશુલ્ક ઉપરોક્ત જિનાલયમાં વિતરણ કરવામાં આવે છે. સૌને લાભ લેવા વિનંતી છે.

### ફાસ્ટેસ્ટ કિડ

ઇન્ટરનેશન કોન્વોકેશન ૨૦૨૫માં વ્યોમ કલ્પેશ પટેલને એથલેટીક્સમાં આપેલા યોગદાન માટે સર્ટિફિકેટ આપવામાં આવ્યુ છે. તેને નફાસ્ટેસ્ટ કિડથનું ટાઇટલ આપવામાં આવ્યું છે. નએશિયા બુક ઑફ રેકોર્ડ્સથ દ્વારા તેને નગ્રાન્ડ માસ્ટરથનો ખિતાબ અને મેડલ આપવામાં આવ્યો છે.

# કર્ણાટક જતી-આવતી બસોમાં માર્શલ-પોલીસ તહેનાત કરાશે ?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કર્ણાટકમાં મહારાષ્ટ્ર બસ પર થયેલા હુમલા બાદથી બંને રાજ્યો વચ્ચે તણાવનું વાતાવરણ છે. આ દરમિયાન, મહારાષ્ટ્ર સરકારના પરિવહન ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઈકે એક મોટું નિવેદન આપ્યું છે. સરનાઈકે જણાવ્યું હતું કે રાજ્ય પરિવહન કર્મચારીઓ પરના હુમલાને પગલે, મહારાષ્ટ્ર સરકાર કર્ણાટક જતી બસોમાં સુરક્ષા માર્શલ અથવા પોલીસ કર્મચારીઓને તહેનાત કરવાનું વિચારી રહી છે.

મહારાષ્ટ્રના પરિવહન ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઈકે કહ્યું હતું કે, 'પરિવહન પ્રધાન તરીકે, મારે મારા મુસાફરોની સલામતી વિશે વિચારવું પડશે. જો કેટલાક અસામાજિક તત્વો નુકસાન પહોંચાડતા હશે, તો આપણે કર્ણાટક જતી આપણી સરકારી બસોમાં સુરક્ષા માર્શલ અથવા પોલીસ કર્મચારીઓને તહેનાત કરવા વિશે વિચારવું પડશે. મરાઠી આપણું ગૌરવ છે અને આપણે આપણા મુસાફરોની સુરક્ષાનું ધ્યાન રાખવું પડશે અને રાજ્ય કેબિનેટની બેઠકમાં પણ આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે. મહારાષ્ટ્રનું પોતાનું ગૌરવ છે અને જો પડોશી રાજ્યના લોકો મહારાષ્ટ્રના લોકોને ધમકી આપતા હોય તો તે સહન કરવામાં આવશે નહીં.

### વિવાદ કેમ થયો?

હકીકતમાં, મહારાષ્ટ્રની સરહદે આવેલા બેલગામ જિલ્લામાં, કર્ણાટક રાજ્ય પરિવહન નિગમની બસના કંડક્ટર પર કથિત રીતે એક છોકરીને મરાઠીમાં જવાબ ન આપવા બદલ હુમલો કરવામાં આવ્યો હતો. બીજી તરફ, સગીર છોકરીએ પણ કંડક્ટર પર 'અભદ્ર વર્તન'નો આરોપ લગાવ્યો છે. આ પછી, બંને રાજ્યોના સરહદી વિસ્તારોમાં તણાવ ફેલાઈ ગયો. આ પછી, ચિત્રદુર્ગમાં કથિત કન્નડ ભાષી કાર્યકરો દ્વારા મહારાષ્ટ્ર પરિવહન નિગમની બસ અને તેના ડ્રાઇવર પર હુમલો કરવામાં આવ્યો હતો. આ પછી, મહારાષ્ટ્રે કર્ણાટક જતી રાજ્ય માર્ગ પરિવહન નિગમની બસો સ્થગિત કરી દીધી.

### બેલગામ જિલ્લો ચર્ચાનો વિષય કેમ?

મહારાષ્ટ્રના રાજ્યકક્ષાના ગૃહ પ્રધાન યોગેશ કદમે પણ આ બાબતે નિવેદન બહાર પાડ્યું છે. તેમણે કહ્યું હતું કે મુસાફરોને સુરક્ષા પૂરી પાડવાની જવાબદારી કર્ણાટક સરકારની પણ છે. જો તેઓ આમ નહીં કરે, તો મહારાષ્ટ્ર રાજ્ય સરકારને કરવું પડશે.

# મધ્ય રેલવેની ટિકિટ ચેકરે એક દિવસમાં ૧૫૦ ખુદાબક્ષોને પકડ્યા

મુંબઈઃ ખુદાબક્ષોને પકડવા માટે પશ્ચિમ રેલવેની જેમ મધ્ય રેલવે પણ ટ્રેનોમાં મોટા પાયે ટિકિટ ચેકિંગ કરી રહી છે. સેન્ટ્રલ રેલવેના મુંબઈ ડિવિઝનમાં એક મહિલા ટીસીએ પોતાના રેકોર્ડબ્રેક ચેકિંગથી વહીવટીતંત્રનું ધ્યાન ખેંચ્યું છે. રૂબિના અકીબ ઇનામદારે એક જ દિવસમાં રેકોર્ડબ્રેક ચેકિંગ કર્યું હતું. સોમવાર, ૨૪મી ફેબ્રુઆરીના રોજ ફરજ પર હતી ત્યારે રૂબિનાએ અનિયમિત/ટિકિટ વગરના ૧૫૦ કેસ શોધી કાઢ્યા હતા. જેના કારણે રેલવેને ૪૫,૭૦૫ રૂપિયાની આવક થઈ હતી. મોટી વાત એ છે કે રૂબિનાએ ફર્સ્ટ ક્લાસમાં ટિકિટ વિનાના ૫૭ કેસ પકડ્યા. તેમની પાસેથી દંડ તરીકે રૂ. ૧૬,૪૩૦ વસૂલ્યા હતા.

મધ્ય રેલવેએ એક દિવસમાં ટિકિટ ચેકિંગનો રેકોર્ડ બનાવવા બદલ રૂબિનાના કામની પ્રશંસા કરતા,તેને રોકસ્ટાર ગણાવી છે અને તેની સિદ્ધિ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરી છે. સેન્ટ્રલ રેલવેએ રૂબિનાનો ટ્રેનમાં ટિકિટ ચેક કરતો ફોટો પણ શેર કર્યો છે.

મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશમાં સેન્ટ્રલ રેલવે દ્વારા સેવાઓનું સંચાલન કરવામાં આવે છે. મહારાષ્ટ્રમાં મધ્ય રેલવેમાં મુંબઈ, નાગપુર, ભુસાવલ, પુણે અને સોલપુર વિભાગો છે. રૂબિના મુંબઈ ડિવિઝનમાં પોસ્ટેડ છે. સેન્ટ્રલ રેલવેના જણાવ્યા અનુસાર રૂબિના મુંબઈમાં તેજસ્વિનીની બીજી બેચની ટીટીઆઈ છે. મુંબઈ ડિવિઝનના તમામ યોગ્ય મુસાફરોને મુશ્કેલી મુક્ત, આરામદાયક મુસાફરી અને બહેતર સેવાઓ પ્રદાન કરવા માટે મધ્ય રેલવે દ્વારા પગલાં લેવામાં આવી રહ્યા છે. તેમાં મોટા પાયે રેન્ડમ ટિકિટ ચેકિંગનો સમાવેશ થાય છે જેથી લોકો ટિકિટ વિના મુસાફરી ન કરે. આ મુંબઈ ઉપનગરીય લોકલ સેવાઓ, મેલ અને એક્સપ્રેસ તેમજ પેસેન્જર ટ્રેનો સાથે હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં કરવામાં આવી રહ્યું છે.

# ભિવંડીમાં ગુમ બાળકનો મૃતદેહ બીજે દિવસે પથ્થરની ખાણમાંથી મળ્યો

થાણેઃ દુકાનેથી નાસ્તો લેવા ઘરેથી નીકળ્યા પછી ગુમ થઈ ગયેલા આઠ વર્ષના બાળકનો મૃતદેહ બીજે દિવસે તળાવ નજીકની પથ્થરની ખાણમાંથી મળી આવ્યો હતો. ભિવંડીમાં વરહાલદેવી તળાવ નજીકથી ખાણમાંથી રવિવારે બાળકનો મૃતદેહ મળ્યા પછી પોલીસે અકસ્માત મૃત્યુનો કેસ નોંધ્યો હતો. જોકે બાળકના પરિવારજનોએ દાવો કર્યો હતો કે બાળકના માથા પર ઇજાનાં નિશાન હતાં અને તેના મોઢામાંથી ફીણ નીકળતું હતું. નારપોલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે બાળક શનિવારની સાંજે દાદા પાસેથી નાસ્તાના રૂપિયા લઈને ઘરથી નીકળ્યા પછી પાછો ફર્યો નહોતો. પરિવારજનોએ આસપાસ પરિસરમાં શોધખોળ કરવા છતાં તેની કોઈ ભાળ મળી નહોતી. આખરે પોલીસનો સંપર્ક સાધી બાળક ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન રવિવારની સવારે ૧૧ વાગ્યાની આસપાસ બાળકનો મૃતદેહ ખાણમાંથી મળી આવ્યો હતો. પોસ્ટમોર્ટમ માટે મૃતદેહ મુંબઈની જે. જે. હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. પોલીસ પોસ્ટમોર્ટમના અહેવાલની રાહ જોઈ રહી છે. આ પ્રકરણમાં પોલીસ દરેક મુદ્દે તપાસ કરી રહી છે.

# પાલઘરમાં ૧૪ લાખ રૂપિયાની બનાવટી નોટો જપ્તઃ ત્રણની ધરપકડ

પાલઘરઃ પાલઘર જિલ્લામાં પોલીસે ૧૪ લાખ રૂપિયાની બનાવટી નોટો જપ્ત કરી હતી, જેના પર નચિલ્ડ્રન બેન્ક ઓફ ઇન્ડિયાથ નામ છપાયું હતું. આ પ્રકરણે ત્રણ જણની ધરપકડ કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. વાડા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર દત્તાત્રય કિન્દ્રેએ જણાવ્યું હતું કે પાલી ગામમાં કેટલાક લોકો ૨૨ ફેબ્રુઆરીએ બનાવટી નોટો બદલવા માટે આવવાના છે, એવી માહિતી મળ્યા બાદ ત્યાં છટકું ગોઠવવામાં આવ્યું હતું.

પોલીસ ટીમને ઘટનાસ્થળે એક વ્યક્તિ બેગ લઇને શંકાસ્પદ હાલતમાં ફરતી નજરે પડી હતી. ત્યાર બાદ અન્ય બે જણ કારમાં ત્યાં આવ્યા હતા અને એ વ્યક્તિ સાથે ચર્ચા કરવા લાગ્યા હતા. પોલીસ ટીમે ત્રણેય જણને તાબામાં લીધા હતા અને તેમની તલાશી લેવામાં આવતાં ૧૦૦ અને ૫૦૦ના દરની ૧૪ લાખ રૂપિયાની બનાવટી નોટો મળી આવી હતી. કારમાં આવેલા બે જણ પાસેથી એક લાખ રૂપિયા પણ મળી આવ્યા હતા. બંડલોની ઉપર અને નીચે અસલી નોટ રાખવામાં આવી હતી અને વચ્ચે બનાવટી નોટો હતી, જેના પર ચિલ્ડ્રન બૅંક ઓફ ઇન્ડિયા નામ છાપવામાં આવ્યું હતું. પોલીસે આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરીને ત્રણેય જણની ધરપકડ કરી હતી. આરોપીઓએ બનાવટી નોટો ક્યાંથી મેળવી હતી તેની તપાસ કરવામાં આવી રહી છે. આ અગાઉ પણ ગોર્હે અને શિરિષ પાડા વિસ્તારમાંથી બનાવટી નોટો જપ્ત કરાઇ હતી, જે આરોપીઓએ પોતાના ઘરમાં છાપી હતી. (પીટીઆઇ)

# મૃત માલિકના ફોટા પાસે ૭૦ દિવસથી બેઠો છે પાળેલો શ્વાન

### બીડના સરપંચની હત્યાને આટલા દિવસ થયા છતાં તેમનો શ્વાન તેમની રાહ જોઈ રહ્યા છે

બીડઃ કૂતરાને સંસારનું સૌથી વફાદાર પ્રાણી ગણવામાં આવે છે તેનું તાજું ઉદાહરણ હાલ બીડમાં જોવા મળી રહ્યું છે. બીડના સરપંચ સંતોષ દેશમુખની હત્યાથી માત્ર બીડ જિલ્લો જ નહીં પરંતુ સમગ્ર રાજ્ય શોકમાં છે. ઘણા લોકોએ આ ઘટનાની નિંદા કરી છે અને દેશમુખ પરિવારને સમર્થન આપ્યું છે. સંતોષ દેશમુખને ન્યાય અપાવવા માટે ઘણા લોકો લડી રહ્યા છે, હવે તેમનો પ્રિય કૂતરો 'રાજુ' પણ આ લડાઈમાં જોડાયો છે. સંતોષના ગયા પછી 'રાજુ' સાવ એકલો થઈ ગયો છે અને તે તેમના ફોટા પાસે બેસીને તેના માલિકના પાછા આવવાની રાહ જોઈ રહ્યો છે. છેલ્લા ૭૦ દિવસથી સંતોષ દેશમુખનો કૂતરો તેમના ઘરની બહાર રાખેલા ફોટા પાસે બેઠો છે. ક્યારેક તે ઘરના દરવાજા પાસે બેસે છે તો ક્યારેક ફોટા પાસે. છેલ્લા ૭૦ દિવસથી આ જ તેની દિનચર્યા છે. આ મામલે સંતોષ દેશમુખના ભાઈ ધનંજય દેશમુખે કહ્યું કે સંતોષ દેશમુખ રાજુને ખૂબ પ્રેમ કરતા હતા કદાચ તેથી જ તે તેમના ફોટા પાસે બેસી રહે છે.

આપણે માણસો એકબીજા સાથે વાત કરી, આપણી લાગણીઓ વ્યક્ત કરી શકીએ છીએ. પણ હવે રાજુને કેવી રીતે સમજાવું કે તેના માલિક હવે આ દુનિયામાં નથી.

તમને જણાવી દઈએ કે ૯ ડિસેમ્બરે મહારાષ્ટ્રના બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખ પોતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં કેટલાક લોકોએ તેમનું અપહરણ કરી, હત્યા કરી અને લાશ ગામથી ૪૦ કિલોમીટર દૂર ફેંકી દીધી હતી. સંતોષ દેશમુખ બીડમાં ખૂબ જ લોકપ્રિય હતા. તેમણે તેમના કામ માટે ઘણા પુરસ્કારો પણ જીત્યા હતા. સંતોષ દેશમુખની હત્યા બાદ સમગ્ર ગામમાં રોષ ફાટી નીકળ્યો હતો. લોકો તેમના માટે ન્યાયની માંગ કરવા લાગ્યા. મરાઠા આરક્ષણ કાર્યકર્તા મનોજ જરાંગેએ પણ સંતોષ દેશમુખના હત્યારાઓને સજા અપાવવા સેંકડો લોકો સાથે લગભગ ૧૨ કલાક સુધી હાઈવે બ્લોક કરી દીધો હતો.

# વિધાનસભાની ચૂંટણીમાં રકાસ બાદ ઉદ્ધવ સેનામાંથી હિજરત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના માંડ ત્રણ મહિનામાં ઉદ્ધવ ઠાકરેના અધ્યક્ષતા હેઠળની શિવસેના (યુબીટી)ના અનેક પદાધિકારીઓ અને ભૂતપૂર્વ વિધાનસભ્યો પાર્ટી છોડીને જઈ રહ્યાના મોટા ઝટકા લાગી રહ્યા છે. વિધાનસભાની ચૂંટણીમાં શિવસેના યુબીટીના રકાસ બાદ આ ઝટકા લાગી રહ્યા હોવાનું કહેવાય છે.

શિવસેના (યુબીટી)ના મોટા નેતા રાજન સાળવીનું નામ આમાં મોટું ગણાય છે. રત્નાગિરિ જિલ્લાની રાજાપુર બેઠક પરથી ત્રણ વખત વિધાનસભ્ય બનેલા રાજન સાળવી ઉદ્ધવ ઠાકરેના કટ્ટર સમર્થક તરીકે જાણીતા હતા અને તેમણે શિવસેના (યુબીટી) છોડીને ચાલુ મહિનાના પ્રારંભમાં એકનાથ શિંદેની શિવસેનાનો હાથ પકડ્યો હતો. તેના ગણતરીના દિવસો બાદ કોંકણના અન્ય એક ભૂતપૂર્વ વિધાનસભ્યે શિવસેના યુબીટીના અનેક પદાધિકારીઓ સાથે શિંદે સેનામાં પ્રવેશ કર્યો હતો.

ગયા અઠવાડિયે ભૂતપૂર્વ નગરસેવિકા અને શિવસેના (યુબીટી)ની મહિલા આઘાડીના નેતા રાજુલ પટેલે પોતાના ટેકેદારો સાથે પાર્ટી છોડી હતી.

ઠાકરે માટે પટેલ અને સાળવી જેવા નેતાને ગુમાવવા એ સંગઠનની દૃષ્ટિએ મોટો ફટકો ગણાય છે.

ઉદ્ધવ ઠાકરેએ તાજેતરમાં એવું નિવેદન કર્યું હતું કે તેમણે ઘણા દગા અને છેહ જોયા છે અને હવે તેમની હાલત જાપાનીઓ જેવી છે, જેમને ભૂકંપ ન આવે ત્યારે નવાઈ લાગે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે તેમને ટાર્ગેટ કરવા માટે તેમના જ માણસોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૨૦૨૨માં શિંદેના બળવા બાદ અને તેમના મુખ્ય પ્રધાનના કાર્યકાળ દરમિયાન મુંબઈ મહાનગરપાલિકા અને થાણેના કેટલાક નગરસેવકો તેમની સાથે જોડાઈ ગયા હતા, પરંતુ તેમ છતાં શિવસેના (યુબીટી)ની કેડર ઉદ્ધવની સાથે જ રહી હતી.

૨૦૨૪માં વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીના રકાસ બાદ હવે કેડર પણ શિંદે સેના તરફ ઢળી રહી છે. શિવસેના (યુબીટી)ના નેતાઓ એવો દાવો કરી રહ્યા છે કે તેમના કાર્યકર્તાઓને નાણાં અને કેન્દ્રીય એજન્સીઓના જોરે પક્ષપલટા માટે દબાણ કરાઈ રહ્યું છે. જોકે, બીજી તરફ પાર્ટીના કેટલાક નેતાઓએ મોટા પાયે થઈ રહેલી હિજરત માટે આંતરિક કારણોને જવાબદાર ઠેરવ્યા હતા.

ગયા અઠવાડિયે ભાસ્કર જાધવે એવી નારાજી વ્યક્ત કરી હતી કે તેમના અનુભવ છતાં યોગ્ય સન્માન અપાયું નથી. આના પછી તરત જ સંજય રાઉતે એવી સ્પષ્ટતા કરી હતી કે ભાસ્કર જાધવની ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવશે.

નામ ન આપવાની શરતે શિવસેના યુબીટીના એક વિધાનસભ્યે કહ્યું હતું કે એકનાથ શિંદેનું સૌથી મોટું જમા પાસું તેમની ઉપલબ્ધતા છે. તેમને ગમે ત્યારે મળી શકાય છે, જ્યારે ઉદ્ધવ સુધી પહોંચવાનું અશક્ય છે.

આગામી પાંચ વર્ષ સુધી ઉદ્ધવ ઠાકરે પાસે આપવા માટે કશું જ નથી. જે લોકો ટૂંકા ગાળાનો ફાયદો જોઈ રહ્યા છે તેઓ શિંદેની સેનામાં જોડાઈ રહ્યા છે. જ્યારે લાંબા ગાળાનો ફાયદો જોનારાઓ ભાજપમાં જોડાઈ રહ્યા છે, એમ એક રાજકીય નિરીક્ષકે વર્તમાન પરિસ્થિતિ વિશે બોલતાં કહ્યું હતું.

# શિવસેના (યુબીટી) નિતેશ રાણેને પાઠ ભણાવશેઃ ભૂતપૂર્વ સાંસદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના ભૂતપૂર્વ સંસદસભ્ય વિનાયક રાઉતે કહ્યું હતું કે તેમની પાર્ટી મહારાષ્ટ્ર ભાજપના પ્રધાન નિતેશ રાણેને પાઠ ભણાવશે. રાણેએ એવું નિવેદન કર્યું હતું કે શિવસેના યુબીટીના ટેકેદારો અને અન્ય વિપક્ષી પાર્ટીના ટેકેદારોને વિકાસનું ભંડોળ ફાળવવામાં આવશે નહીં. સત્તાની હવા રાણેના માથામાં ચડી ગઈ છે, એમ વિનાયક રાઉતે કહ્યું હતું. રાઉત અને રાણે બંને કોંકણના છે. પ્રધાનના નિવેદન પર પ્રતિક્રિયા આપતાં તેમણે કહ્યું હતું કે નસત્તાની હવા તેમના મગજમાં ભરાઈ છે, તેમણે ફરજ બજાવતી વખતે નિષ્પક્ષ રહેવાના શપથ લીધા છે. ટૂંકમાં તેમને પાઠ ભણાવીશું. રાણેએ તાજેતરમાં સિંધુદુર્ગમાં ભાજપના કાર્યકર્તાના મેળાવડાને સંબોધતાં કહ્યું હતું કે વિપક્ષી મહાવિકાસ આઘાડીના ટેકેદારો-કાર્યકરોને તેમના મતદારસંઘમાં વિકાસ માટે ભંડોળ જોઈતું હોય તો ભાજપમાં જોડાઈ જવું. ફક્ત સત્તાધારી મહાયુતિના કાર્યકર્તાઓને વિકાસ ભંડોળ મળશે. ગામનો સરપંચ કે અન્ય પદાધિકારી એમવીએની પાર્ટીમાંથી હશે તો તેમને વિકાસ માટે ભંડોળ મળશે નહીં.

# પાલિકા ચૂંટણીમાં રાજ ઠાકરેને મહાયુતિથી આઘા રાખજોઃ આઠવલે

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેએ લોકસભા ચૂંટણીમાં મહાયુતિને બિનશરતી ટેકો આપ્યો હતો. આ પછી, વિધાનસભા ચૂંટણીમાં મનસે અસફળ થયું. થોડા દિવસ પહેલા મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ રાજ ઠાકરેને મળ્યા હતા. તેથી, એવી દલીલો કરવામાં આવી રહી છે કે મનસે મ્યુનિસિપલ ચૂંટણીમાં મહાયુતિની સાથે રહેશે. દરમિયાન, રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાના પ્રમુખ રામદાસ આઠવલેએ રાજ ઠાકરે નિવેદન આપતા કહ્યું કે,

'રાજ ઠાકરે મહાગઠબંધનમાં જોડાય તો અમને કોઈ સમસ્યા નહીં થાય. રાજ ઠાકરે લોકસભામાં અમારી સાથે હતા. પહેલાં, તેઓ બધા રંગ સાથે રાજકારણમાં પ્રવેશ્યા હતા, પરંતુ હવે કેસરી રંગ સાથે લીલા રંગનો વિરોધ કરવો યોગ્ય નથી' એમ કહેતા આઠવલેએ ભાજપને વિનંતી કરતાં ઉમેર્યું કે, 'જો રાજ ઠાકરેને સાથે લેવામાં આવશે તો મુંબઈ મહાનગરપાલિકામાં આપણને નુકસાન થશે. તેથી રાજ ઠાકરેને મહાગઠબંધનમાં સામેલ ન કરવા જોઈએ.'

## હિન્દુ મરણ

**કપોળ**

અંભેટાવાળા હાલ મુંબઈ, જયંતીલાલ ધીરજલાલ મહેતાના ધર્મપત્ની કૈલાશબેન (ઉં. વ. ૮૧) તે સંગીતા ચેતન મહેતા, બેલા પુનિત શાહ, મીરા આશિષ મોતીઆનીના માતુશ્રી. પરિમલ કાંતિલાલ, નયના ચંપકલાલ, રંજન કિરણભાઈ, રિટા રાજેશભાઈ, ગીતા ગીરીશભાઈના ભાભી. પિયરપક્ષે નવાપૂરવાળા સ્વ.હીરાલક્ષ્મી લક્ષ્મીદાસ મહેતાના દીકરી. હેમલત્તા ધનસુખભાઇ, સ્વ. બિંદુ હર્ષદ, સ્વ. હંસી રમેશ, ઉષા નરેશભાઈ, પારૂલ પ્રમોદભાઈના બહેન. ૨૪/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૭/૨/૨૫ના ૫ થી ૭. લોહાણા બાલાશ્રમ હોલ, મથુરાદાસ રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી લોહાણા**

ગામ કોઠારા-કચ્છ, હાલ વિક્રોલી, રતનશી ખેપાર માણેક અને લીલબાઈ માણેકના પુત્ર કિશોરકુમાર માણેક (ઉં. વ. ૭૬) સોમવાર-૨૪-૨-૨૦૨૫ના રામશરણ પામેલ છે. તે પરસોત્તમ, સ્વ.હરિભાઈ, પ્રદિપ માણેકના ભાઈ. કાન્તાબેન માણેકના પતિ. દક્ષા માણેક, ગીતા દેઢિયા, હીના ઠક્કર અને સ્વ.અશ્વિન માણેકના પિતા. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**૨૫ ગામ ભાટીયા**

રાજકોટ હાલ પુના, શ્રીમતી રંજનબેન આશર તે દિલીપભાઈ માધવદાસ આશરના ધર્મપત્ની. સ્વ.ચંદ્રકાંતભાઈ તથા સ્વ.ઉદયભાઇના ભાભી. તુષારભાઈ તથા પલવીબેનના માતુશ્રી. સ્વ.ભગવાનદાસ મોહનલાલ ઉદેશી (ગોંડલ)ના પુત્રી. તા.૨૪/૦૨/૨૫ના પુના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૭/૦૨/૨૫ના પુના મુકામે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

કચ્છ ગામ તેરા હાલ ભુજ સ્વ. નરહરી ખીમજી જોષી (હરિયામાણેક)ના પુત્ર શંકરલાલ (ઉં. વ. ૮૦) તે સ્વ. જોષી પ્રભાબેન શંભુરામ (મઉ કચ્છ રત્નેશ્વર)ના જમાઇ. અ. સૌ. સ્વ. કાન્તાબેનના પતિ. સ્વ. શંકુતલાબેન ખટાઉ વીરીયા, ગં. સ્વ. સુકન્યાબેન ભાઇલાલ સડિયા, જયાબેન હરિશભાઇ છાગાણી, સ્વ. હર્ષાબેન હરેશ મહેતાના ભાઇ. રમેશભાઇ નરહરી જોષીના મોટાભાઇ.જીતેશ અને મનીષના પિતા તા. ૨૩-૨-૨૫ના કૈલાશ શરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

રતનશી ખેપાર માણેક અને લીલબાઇ માણેકના પુત્ર કિશોરકુમાર રતનશી માણેક (ઉં. વ. ૭૬) ગામ કોઠારા-કચ્છ હાલ વિક્રોલી સોમવાર, તા. ૨૪-૨-૨૫ના રામશરણ પામેલ છે. તે કાંતાબેન માણેકના પતિ. દક્ષા માણેક, ગીતા દેઢિયા, હીના ઠક્કર અને સ્વ. અશ્વિન માણેકના પિતા. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**વૈષ્ણવ**

દીપક મથુરાદાસ મસ્કાઇ (ઉં. વ. ૭૯) તા. ૧૯-૨-૨૫ને બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તે મંજુબેન પૂજારાના ભાઇ. તે સોનલ, રૂપા, રીનાના મામા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ધનગૌરી માધવજી ઠક્કરના સુપુત્ર કાંતિલાલ માધવજી ઠક્કર (પોપટ) (ઉં. વ. ૮૩) ગમ દેશલપર (કંઠી) હાલ નવી મુંબઇ તા. ૨૩-૨-૨૫ના રામશરણ પામ્યા છે. તે રેણુકાબેનના પતિ. સ્વ. ત્રિવેણીબેન લિલાધર ગણાત્રાના જમાઇ. દીપા અને વિરલના પિતા. નિલેશ જોશી અને નીપાના સસરા. સ્વ. જશોદાબેન વિરજીભાઇ સોમૈયા, ગં. સ્વ. વિમલાબેન સુરેશભાઇ ઠક્કર, ગં. સ્વ. કમલબેન મયુરભાઇ ઠક્કર, સ્વ. ગીતાબેન પ્રહલાદભાઇ ઠક્કર, ગં. સ્વ. સુરેખાબેન અરવિંદભાઇ રૂપારેલ અને અ. સૌ.મનીષાબેન હરેશભાઇ પલણના ભાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

મુંબઈ નિવાસી હાલ કાંદિવલી, પેણ નિવાસી ગં.સ્વ.જ્યોતિબેન હરખચંદભાઈ ધ્રુવ-મલકાણના સુપુત્રી અ.સૌ.ચેતના વૈદ (ઉં. વ. ૪૮) તા.૨૨/૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. અતુલ વૈદના ધર્મપત્ની. ભૂમિ અને ધ્રુવીના માતા. હસુમતીના પુત્રવધૂ. ગં.સ્વ.મંગળાબેન છોટાલાલ કાટકોરિયાના દોહિત્ર વધૂ. હર્ષા જીતુભાઈ (યોગ) તથા સ્વ.રમેશભાઈ છોટાલાલ કાટકોરિયાના ભાણેજવહુ. હીના જતીન મલકાણ તથા કિંજલ વિતેશ કાચલિયાના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજીયા સોની**

ગામ મહુવા હાલ દહીંસર, સ્વ. જવેરીભાઈ ચુનીભાઈ સાગરના ધર્મપત્ની ગં.સ્વ. શારદાબેન સાગર (ઉં. વ. ૭૭) તા. ૨૪-૨-૨૦૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે હિતેશભાઈ સાગરના માતુશ્રી. દિનેશભાઈના કાકી. ડેડાણવાળા સ્વ. મગનભાઈ ભગવાનભાઈ સતીકુંવરના દીકરી. સ્વ.ગુણવંતભાઈ તથા અરૂણભાઈના બહેન. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે. બી-૧૦૪, શાંતિપાર્ક, આનંદનગર, સી.એમ. રોડ, માતૃછાયા સ્કુલની સામે, દહીંસર ઈસ્ટ.

# બે સગીરા સહિત ત્રણ પર બળાત્કાર કરનાર આરોપી સુરતથી પકડાયો

મુંબઈઃ બે બહેનો સહિત ત્રણ તરૂણીઓ પર બળાત્કાર ગુજારવાના કેસમાં ફરાર ૪૫ વર્ષીય આરોપીની ગુજરાતના સુરતથી ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે મંગળવારે જણાવ્યું હતું. વિરારના ચંદનસાર વિસ્તારમાં રહેતી ૧૩ અને ૧૭ વર્ષની સગીર બહેનો પર ગત ડિસેમ્બરમાં આરોપીએ બળાત્કાર ગુજાર્યો હતો. પીડિતાઓ આરોપીના પાડોશમાં રહેતી હતી. અન્ય પીડિત આરોપીના મિત્રની દીકરી હતી જે હાલમાં જેલમાં છે, એમ પોલીસે વધુમાં જણાવ્યું હતું. આરોપી પીડિતાઓ પર વારંવાર બળાત્કાર ગુજારતો હોવાનું પણ પોલીસે જણાવ્યું હતું.

સંબંધિત કલમો હેઠળ આરોપી સામે ગુનો નોંધાયો છે. તેની ધરપકડ ગુજરાતના સુરતથી કરાઇ છે. વધુ તપાસ ચાલી રહી છે.

## પારસી મરણ

પ્રોચી એદલ દેસાઇ તે મરહુમ એદલ ફ્રામરોઝ દેસાઇના વિધવા. તે મરહુમો નસરવાનજી ને ગુલબાઇના દીકરી. તે રતુ, નેવીલ, કુમાના ને ફરેદુનના માતાજી. તે નેવીલ ને રશનાના સાસુ. તે મેહેલ્લી માનેક ને મરહુમો મીઠુ. શેહેરૂ માકી ને રતીના બહેન. તે શીરીન ને સોરાબના મમયજી. (ઉં. વ. ૧૦૦) રે. ઠે. ગુલ એનેક્સ, બીજો માળ, કેરાવાલા લોજ, સ્ટેશન રોડ, મુંબઇ-૪૦૦૦૫૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૬-૨-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે હોડીવાલા બંગલી, ડુંગરવાડી.

ડોલી રૂસ્તમજી અદાજનીયા તે મરહુમો પૂતલા ને રૂસ્તમજી ના દીકરી. તે મરહુમો હોશંગ ને બહેરામ ના બહેન. તે નરગીસના ભાભી. તે રૂકશાનાના ફૂઇજી. તે દારાયસના ફૂઇ સાસુ. તે ફરશોગર ને તરોનીશના મોટા ફૂઇજી. (ઉં. વ. ૯૨) રે. ઠે. કાવસ ટર્નર બિલ્ડિંગ, નં.૫, ફ્લેટ નં.૬, બીજો માળ, તારદેવ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૬-૨-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે શેઠના અગિયારી તારદેવ.

ફ્રેની સામ લાલી તે મરહુમ સામના વિધવા. તે મરહુમો ગોદરેજ ને નાજામાય તોડીવાલાના દીકરી. તે ડાલી, પરવેઝ, સરોશ ને મરહુમો તેહેમુલ ને ફરોખના બહેન. તે રોની, બોમસી, પર્લ, રશના, નેનસી, વીકી, ચેરાગ ને ખુશનુમાના ના ફૂઇ. તે અનોશ, બોનાપતા, કીયા, જીનીયા આર્યાના, આરવી ને રેવાંશના મોટા ફૂઇ. તે મરહુમો બરજોરજી ને તેહેમીના ના વવ. તે બખતાવર, ડીનાઝ ને મરહુમો રોશન કેટી ને દીલનાવાઝના નરન. (ઉં. વ. ૯૦) રે. ઠે. નૂતન આયોજન નગર, ફ્લેટ નં.બી-એ-૩૦૨, લીબર્ટી ગાર્ડન, ક્રોસ રોડ, મલાડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૬૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૬-૨-૨૫ના રોજ બપોરે ૩.૪૫ વાગે વાચ્છા ગાંધી અગિયારી.

ઓસ્તા નોઝર રૂમી દારૂવાલા તે મરહુમ ઓસ્તી ઝીનોબીયાના ખાવીંદ. તે મરહુમો ઓસ્તા રૂમીને ઓસ્તી કેટી દારૂવાલાના દીકરા. તે કેટાયુન ને ઓસ્તા પોલાર્ડના બાવાજી. તે કુરૂશ ને ઓસ્તી નીલુફરના સસરા. તે બાહાદુર દીનયાર, બુરજીન, જુલી ને મરહુમ અરદાવીરાફના ભાઇ. તે શોન મમયજી ને ઓસ્તી ખુશનુમાના બપયજી. (ઉં. વ. ૮૧) રે. ઠે. શેઠ હાઉસ, પહેલો માળ, ૩૧ અગિયારી લેન. ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૬-૨-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે માનેકજી શેઠ અગિયારી.

તેમસ અસ્પી મેહતા તે મરહુમ જરના ધણી. તે મરહુમો મેહરૂ તથા અસ્પી હોરમસજી મેહતાના દીકરા. ડોસુ દેવગદ બરીયા તે મરહુમો શીરોય અસ્પી મેહતા ને નીલમ તેમટન કરંજીયાના ભાઇ. તે રયોમન શીરોય મેહતાના કાકા. તે માહારૂખ રયોમન મેહતાના કાકા સસરા. તે કેશમીરા રયોમન મેહતાના કાકા બપાવાજી. તે મરહુમો ફ્રેનીમાય મીનોચહેર હોમાવાલાના જમાઇ. (ઉં. વ. ૮૧) રે. ઠે. પંથકી બાગ, બિલ્ડિંગ નં.૧૨/એ, ફ્લેટ નં-૩, અંધેરી કુર્લા રોડ, અંધેરી (ઇસ્ટ).મુંબઇ-૪૦૦૦૬૯.

## જૈન મરણ

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વાંકીયા નિવાસી હાલ વિલેપાર્લે, સ્વ.હરસુખભાઈ નાનચંદભાઈ દેસાઈ (ઉં. વ. ૭૯) તે સ્વ.જ્યોત્સનાબેનના પતિ તા.૨૩-૨-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. જિગ્નેશભાઈ, જીનીશાબેનના પિતા. કરિશ્માબેન, ધવલભાઈ નીતિનભાઈ કોઠારીના સસરા. પ્રથમ, મલપના દાદા-નાના. ભીખુભાઈ, પુષ્પાબેન મીઠાણી, સ્વ.કુસુમબેન જાગાણીના ભાઈ. નિર્મળાબેન વ્રજલાલભાઈ વૈદ્યના જમાઈ. પ્રાર્થનાસભા તા.૨૭-૨-૨૫ ગુરુવાર ૧૦ થી ૧૨. શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ, ૩૬/૩૭ બજાજ રોડ, વિલેપાર્લે વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર નિવાસી. હાલ કાંદિવલી, નિલા શાહ (ઉં. વ. ૬૪) ૨૪/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે હરેશભાઇ વ્રજલાલ શાહના ધર્મપત્ની. પ્રાપ્તિના માતુશ્રી. જય શશીકાંતભાઈ દોશીના સાસુ. પિયરપક્ષે મહુવાવાળા હાલ પાર્લા, સ્વ.પુષ્પાબેન હસમુખરાય શામજીભાઈ ધામીના દીકરી. દક્ષા, જયશ્રી, ઈલા કુમારભાઈ, પ્રતિભા (પ્રિતી)ના બહેન.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

છસરાના અમિત જાદવજી ગાલા (ઉં. વ. ૪૯) તા. ૨૩/૦૨/૨૫ના અરિહંત શરણ પામેલ છે. વિમલાબેન જાદવજી ગાલાના સુપુત્ર. અર્ચનાના પતિ. ઋત્વીકાના પિતા. કારાઘોઘાના અનિલા મુલચંદ, દિના પ્રફુલ, ભુજપુરના વર્ષા નિલેશ અને ગિરીશના ભાઈ. મુંબઈના વાસંતીબેન કાંતિભાઈ પટેલના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. અર્ચના ગાલા. ૨/બી/૧, સંસ્કૃતિ કો.હા.સો. આઝાદ મેદાનની બાજુમાં, ઉન્નત નગર - ૪, એમજી રોડ, ગોરેગાંવ (વેસ્ટ)-૪૦૦૧૦૪.

ભુજપુર ના અ.સૌ. મંજુલા દેવચંદ છેડા (ઉં. વ. ૭૬) તા. ૨૩/૨/૨૫ના અવસાન પામેલ છે. કંકુબેન કેશવજી હીરજી છેડાના પુત્રવધૂ. દેવચંદના ધર્મપત્ની. હીતેશ, હેતલના માતુશ્રી. છસરા ખેતબાઈ પાસુ વેરશી ગાલાના પુત્રી. ધનજી, નાનજી, મણી, રતનના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. દેવચંદ છેડા, બી-૬, નવ-વૃષાલી કો.ઓ., આગરકર રોડ, ડોંબિવલી (ઈ) - ૪૨૧૨૦૧.

બેરાજાના માતુશ્રી કાન્તાબેન નાગજી સુરાણી (દેઢીયા) (ઉં. વ. ૮૯) તા. ૨૩/૨/૨૦૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી રાણબાઇ ગણપત વેલજીના પુત્રવધૂ. સ્વ. નાગજી ગણપતના પત્ની. મીના, તરુલતા, પ્રીતી, કેતનના માતુશ્રી. લાખાપુરના જીવામાં ચાંપશી જેતશીના સુપુત્રી. ખીમજી, મગન, હરીલાલ, હરખચંદ, નવીનારના કસ્તુર લાલજી, લાખાપુરના જસુબેન માવજી, પુનડી વીમળાબેન આણંદજીના બેન. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં. કરસન લઘુ નીસર હોલ, દાદર (વેસ્ટ) ટા. ૪.૦૦ થી ૫.૩૦, તા. ૨૬/૨/૨૦૨૫ બુધવાર. નિ. કેતન દેઢિયા, એ/૬૬, ભાટીયા ભુવન, એસ.લેન, દાદર-વેસ્ટ, મું. ૨૮.

નવાવાસના નાગજી હંસરાજ છેડા (ઉં. વ. ૯૩) તા. ૨૩-૨-૨૫ ના અવસાન પામેલ છે. લક્ષ્મીબાઈ હંસરાજના પુત્ર. સ્વ. વિમળાના પતિ. ડો. અરૂણા, યોગેશ, ડો. સ્મિતાના પિતા. શાંતિલાલ, મુલબાઈ, હીરાવંતીનાભાઈ. ગોધરા દેવકાબાઇ શીવજી વીરજી વોરાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અરૂણા છેડા, એ-૪૦૨, સ્વાગત, સ્ટેશન રોડ, બદલાપુર-વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મુંબઈ મેટ્રો માટે ખાનગી કંપનીના કરારને રદ કરવાની એમએમઆરડીએની નોટિસ ફગાવાઈ

## આમ કરતી વખતે હાઈ કોર્ટે ખાસ નોંધ કરી કે ફ્રેન્ચ કંપનીના કરારને રદ કરવા કોઈ કારણો નથી અપાયાં

મુંબઈઃ એમએમઆરડીએ દ્વારા મુંબઈ મેટ્રો માટે કન્સલ્ટન્સી સેવાઓ માટે ખાનગી કંપની સાથેનો કરાર રદ કરતી નોટિસને હાઈ કોર્ટે મંગળવારે રદ કરી હતી.

મુખ્ય ન્યાયાધીશ અલોક આરાધે અને ન્યાયાધીશ આરીફ ડોક્ટરની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે રાજ્યની એજન્સી કોન્ટ્રેક્ટ ક્ષેત્રે પણ મનસ્વી નિર્ણય લઈ ન શકે. બેન્ચે નોંધ્યું હતું કે એમએમઆરડીએએ સિસ્ટ્રા એમવીએ કન્સલ્ટિંગ (ઈન્ડિયા) પ્રા.લિ.ની સેવાઓ બંધ માટે કોઇ કારણો આપવામાં આવ્યાં નથી.

કંપનીની ૨૦૨૧માં મુંબઈ મેટ્રોના ત્રણ રૂટ (થાણે-ભિવંડી-કલ્યાણ, અંધેરી-સીએસઆઈએ અને મીરા-ભાયંદર)ની ડિઝાઈન, ખરીદી, બાંધકામ, સંચાલન અને દેખરેખમાં સહાય માટે જનરલ કન્સલ્ટન્ટ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. પ્રારંભિક કરાર નવેમ્બર, ૨૦૨૪માં પૂરો થવાનો હતો ત્યારે તેને ડિસેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યો હતો, પણ ત્રીજી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ એમએમઆરડીએએ નોટિસ મોકલાવીને સેવાઓ બંધ કરવા માટે જણાવ્યું હતું.

જોકે એમએમઆરડીએના નિર્ણય સામે કંપનીએ હાઈ કોર્ટનાં દ્વાર ખટખટાવ્યાં હતાં. કોર્ટે એમએમઆરડીએને મનસ્વી રીતે વર્તન ન કરી શકે એવી તાકીદ કરીને નોટિસને રદ કરી હતી. ■

# ફ્રેન્ચ કંપની સિસ્ટ્રાના ભ્રષ્ટાચારના ગંભીર આરોપ

## ફ્રેન્ચ કંપની સિસ્ટ્રાના નેતૃત્વ પરિવર્તન પછી એમએમઆરડીએના અધિકારીઓ 'નાણાકીય લાભ' માગી રહ્યા હતા

મુંબઈઃ ફ્રેન્ચ એન્જિનિયરિંગ કંપની સિસ્ટ્રાએ મુંબઈ મેટ્રો પ્રોજેક્ટ્સમાં ભ્રષ્ટાચાર તેમ જ અનુચિત તરફેણ અને ચુકવણી કરવામાં વિલંબ કરવા માટેનો આરોપ લગાવ્યો છે.

કંપનીએ ૧૨મી નવેમ્બર, ૨૦૨૪ના રોજ લખેલા પત્રમાં ફ્રેન્ચ દૂતાવાસે ભારતીય અધિકારીઓને આ બાબતની તપાસ કરવા માટે વિનંતી કર્યા બાદ વિવાદ વધુ વકર્યો હતો. મેટ્રો લાઈન્સ ૫, ૬, ૭-એ, ૯, ૧૦ અને ૧૨ માટે જનરલ કન્સલ્ટન્સી તરીકે સેવા આપતી તેમ જ લાઈન્સ ટૂ-એ, ૭ અને સંકળાયેલા ડેપો માટે વિગતવાર ડિઝાઈન પૂરી પાડતી સિસ્ટ્રાએ એવો દાવો કર્યો હતો કે ઓગસ્ટ, ૨૦૨૩માં નેતૃત્વ પરિવર્તન બાદ એમએમઆરડીએના અધિકારીઓએ તેમના પર નાણાકીય લાભ માટે દબાણ શરૂ કર્યું હતું.

કંપનીએ એવો પણ આરોપ મૂક્યો હતો કે અધિકારીઓએ મંજૂરીઓ રોકવાની ધમકી આપી હતી અને મનસ્વી રીતે દંડ પણ લાદ્યો હતો તેમ જ કોન્ટ્રેક્ટરના ઓર્ડરને મંજૂરી આપવા બદલ દબાણ કર્યું હતું. સિસ્ટ્રા દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓને ટાંકીને ફ્રેન્ચ દૂતાવાસે દિલ્હીમાં મહારાષ્ટ્રના રેસિડેન્ટ કમિશનર રુપિન્દર સિંહને પત્ર લખ્યો હતો.

કંપનીએ આરોપ લગાવ્યો છે કે જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૪ વચ્ચે એમએમઆરડીએએ ચુકવણી સસ્પેન્શન નોટિસ જારી કરી હતી, જેમાં પ્રોજેક્ટ્સમાં ખામીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જે પહેલાંથી જ ઉકેલાઈ ગઈ હતી. જૂન, ૨૦૨૪માં કેટલીક ચુકવણીઓ મંજૂર કરવામાં આવી હતી, ત્યારે સિસ્ટ્રાએ દાવો કર્યો હતો કે અમુક પ્રોજેક્ટ્સ માટે કરોડોનાં લેણાં પર રોક લગાવવામાં આવી છે. કંપનીએ આરોપ લગાવ્યો છે કે જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૪ વચ્ચે, એમએમઆરડીએ દ્વારા ચુકવણી સસ્પેન્શન નોટિસ જારી કરી હતી, જેમાં પ્રોજેક્ટ્સમાં ખામીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જે પહેલાથી જ ઉકેલાઈ ગઈ હતી. જ્યારે જૂન ૨૦૨૪માં કેટલીક ચુકવણીઓ મંજૂર કરવામાં આવી હતી, ત્યારે સિસ્ટ્રાએ દાવો કર્યો હતો કે અમુક પ્રોજેક્ટ્સ માટે કરોડોનાં લેણાં પર રોક લગાવવામાં આવી છે. એમએમઆરડીએએ જવાબમાં આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા અને સિસ્ટ્રા પર કરાર અને નિયમનકારી ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો હતો.

એજન્સીએ જણાવ્યું હતું કે કંપનીએ ગુપ્તતાની જોગવાઈઓનો ભંગ કર્યો છે, ભારતીય શ્રમ કાયદાઓનું ઉલ્લંઘન કર્યું છે, મેટ્રો સાઇટ્સ પર અનધિકૃત થર્ડ પાર્ટી કર્મચારીઓને રોક્યા છે અને સલામતી અને ગુણવત્તાનાં ધોરણો જાળવવામાં કંપની નિષ્ફળ રહી છે. એજન્સીએ આ મુદ્દા અંગે મહારાષ્ટ્ર સરકારને એક રિપોર્ટ સુપરત કરી દીધો છે.

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા થઇ રહી છે કે મહારાષ્ટ્રમાં સત્તાના પરિવર્તન બાદ આવા નિર્ણયો લેવામાં આવ્યા છે અને એને કારણે એકનાથ શિંદેને ફડણવીસ નિશાન બનાવી રહ્યા છે. ■

# મંત્રાલયની જાળી પર માર્યો ભુસ્કો





**બચી ગયોઃ** મહારાષ્ટ્રના મુંબઈમાં આવેલા સચિવાલયમાં મંગળવારે ભારે ડ્રામા જોવા મળ્યો જ્યારે એક યુવાને હાઈ સિક્યોરિટી ધરાવતી ઈમારતની સુરક્ષા જાળી પર પડતું મુક્યું હતું. તેને તરત હોસ્પિટલ લઈ જવાયો હતો. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના સચિવાલયમાં મંગળવારે ભારે ડ્રામા જોવા મળ્યો હતો. એક યુવાને હાઈ સિક્યોરિટી ધરાવતી ઈમારતની સુરક્ષા જાળી પર પડતું મુક્યું હતું.

પ્રથમ દૃષ્ટિએ આ યુવાન રાજ્ય સરકાર સમક્ષ પોતાની નારાજી વ્યક્ત કરી રહ્યો હતો, એમ સત્તાવાળાઓ પાસેથી જાણવા મળ્યું છે.

પ્રાથમિક માહિતી મુજબ આ યુવાન બપોરે ચાર વાગ્યાની આસપાસ મંત્રાલયમાં પહેલે માળે બાંધવામાં આવેલી સુરક્ષા જાળી પર પડ્યો હતો.

પોલીસના કર્મચારીઓએ તેને જાળી પરથી દૂર કર્યો હતો અને તેને મરીન ડ્રાઈવ પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવ્યો હતો, એવી માહિતી અધિકારીઓએ આપી હતી.

મંત્રાલયમાં પહેલે માળે સુરક્ષાના પગલાંને ધ્યાનમાં રાખીને જાળી લગાવવામાં આવી હતી, જેથી સંભવિત આત્મહત્યાના પ્રયાસોને રોકી શકાય, એવી માહિતી પણ તેમણે આપી હતી.

# વધુ વરસાદ પડે તો રસ્તા પર ખાડા પણ પડે : પાલિકાએ કોર્ટમાં કહ્યું

મુંબઈઃ મુંબઈમાં ચોમાસામાં રસ્તાઓ પર ખાડાનું સામ્રાજ્ય જોવા મળતું હોય છે. ઘણી વખત ડામરનો ઉપયોગ કરી તેને ભરવાનો પ્રયાસ કરવામાં આવે છે, પરંતુ રસ્તાની હાલત ખરાબ જ હોય છે. તત્કાલિન મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મુંબઈના રસ્તાઓનું કોક્રીટીકરણ કરવાની જાહેરાત કરી હતી અને હવે મુંબઈના રસ્તાઓનું કોંક્રિટીકરણ થઇ રહ્યું છે. આ કોંક્રિટીકરણના સમર્થનમાં મુંબઈ પાલિકાએ હાઇ કોર્ટમાં આશ્ચર્યજનક દાવો કર્યો છે.

મુંબઈના રસ્તાનું કોંક્રિટીકરણનું કામ ચાલી રહ્યું છે ત્યારે તેને કારણે મોટા પ્રમાણમાં વૃક્ષો નાશ પામી રહ્યા છે એવી ફરિયાદ કરાઇ હતી. આ અરજી પરની સુનાવણી દરમિયાન પાલિકાએ કહ્યું હતું કે મુંબઈ અતિવૃષ્ટિવાળુ ક્ષેત્ર છે જેથી અહીંના રસ્તાઓ પર ખાડા પડે છે.

મુશળધાર વરસાદને કારણે રસ્તાઓ પર ખાડા પડે છે અને તેને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. આ સમસ્યાને કારણે રસ્તાના કોંક્રિટીકરણનું કામ શરૂ કર્યુ છે જે બે તબક્કામાં કરવામાં આવી રહ્યું છે. પ્રથમ તબક્કાનું કામ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી અને બીજા તબક્કાનું કામ મે, ૨૦૨૭ સુધી પૂર્ણ કરવામાં આવશે. આ કાર્યમાં વૃક્ષો ઓછા કપાય તેનું ધ્યાન રાખવામાં આવશે, એમ પાલિકાએ જણાવ્યું હતું.

હાલમાં વૃક્ષોના જતન માટે સ્ટ્રોમવોટર ડ્રેનેજ અને યુટિલિટી ડક્ટ અલાઇટમેન્ટની યોજના કરવામાં આવે છે. જો ઝાડો કાઢી નાખવાની ગરજ હોય તો ટ્રી ઓથોરિટીની પરવાનગી લેવામાં આવે છે અને ઉદ્યાન વિભાગની મદદથી નજીકના વિસ્તારમાં વૃક્ષો રોપવામાં આવે છે. આ સિવાય રસ્તાની બાજપમાં આવેલા વૃક્ષોના સંરક્ષણ માટે ટ્રી ગાર્ડ પણ બેસાડવામાં આવ્યા હોવાનું પાલિકાએ કોર્ટને જણાવ્યું હતું. ■

# પિતાના મૃતદેહને મુખાગ્નિ આપવામાં દસમાની પરીક્ષામાં મોડો પહોંચ્યો, બેસવા ન દેવાયો

અકોલાઃ ઘણી વખત એવા પ્રસંગ બની જતા હોય છે જેના કારણે આપણે સેવેલા સપનાંઓ પર પાણી ફેરવાઇ જતું હોય છે. આવી જ એક ઘટના દસમાના વિદ્યાર્થી સાથે બની હતી. પરીક્ષા વખતે જ તેના પિતાનું હાર્ટ અટેકથી મૃત્યુ થયું. મૃત પિતાને મુખાગ્નિ આપીને તે પરીક્ષા કેન્દ્ર પર પહોંચ્યો, પણ મોડો પડ્યો હોવાને કારણે તેને પરીક્ષા આપવા ન મળી. ઉચ્ચ શિક્ષણ તરફ આગળ વધી રહેલા આ વિદ્યાર્થીના સપનાંઓ પર પાણી ફરી ગયું. અકોલા જિલ્લાના તેલ્હારા તાલુકામાં શુક્રવારે આ ઘટના બની હતી. દિલીપ સમાધાન નવલકાર (૪૨) સવારે મિત્રો પાસે ગયા હતા ત્યારે તેમને હાર્ટ અટેક આવ્યો હતો અને હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.

તેમના દીકરો વિકાસ નવલકાર દસમા ધોરણની બોર્ડની પરીક્ષા આપી રહ્યો હતો. પિતાને અંતિમ વિદાય આપીને તે પરીક્ષા આપવા ગયો તથા પરીક્ષા કેન્દ્રના અધિકારીઓને આ સંપૂર્ણ પ્રસંગની માહિતી આપી. પરીક્ષાનો સમય જતો રહ્યો હતો, પરંતુ વિકાસ પરીક્ષા આપી શકે એ માટે શિક્ષકોએ ઘણા પ્રયાસ કર્યા. તેમ છતાં તેઓ નિષ્ફળ રહ્યા. આખરે વિકાસને પરીક્ષા ન આપતા જ ઘરે પાછું ફરવું પડ્યું હતું. ■

# મહારાષ્ટ્રના પ્રધાન કોકાટેની જેલની સજા સસ્પેન્ડ કરાઇ

મુંબઈઃ બનાવટી દસ્તાવેજ રજૂ કરીને સરકારી ક્વોટા હેઠળના ફ્લેટ મેળવવાના ૧૯૯૫ના કેસમાં મહારાષ્ટ્રના પ્રધાન માણિકરાવ કોકાટેને ફટકારવામાં આવેલી બે વર્ષની જેલની સજા હવે નાશિકની કોર્ટે સસ્પેન્ડ કરી છે.

એનસીપીના નેતા અને હાલમાં કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટે અને તેમના ભાઇ સુનીલ કોકાટે સામેના કેસની સુનાવણી મંગળવારે થઇ હતી.

નાશિકની કોર્ટે વીસમી ફેબ્રુઆરીએ બન્ને ભાઇને દોષી ઠરાવ્યા હતા જ્યારે અન્ય બે જણને ૧૯૯૫ના કેસમાંથી મુક્ત કર્યા હતા. ભૂતપૂર્વ પ્રધાન સ્વ. ટી. એસ. દિઘોલેઆ અંગેની ફરિયાદ કરી હતી. કોર્ટે બન્ને જણ પર વ્યક્તિદીઠ ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

માણિકરાવ અને તેના ભાઇએ સોમવારે ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ કોર્ટમાં તેમને ફટકારવામાં આવેલી બે વર્ષની સજા સામે અપીલ કરી હતી. કોર્ટે તેમને સજા રદ કરવા માટે અરજી કરવાની પરવાનગી પણ આપી હતી અને તપાસકર્તા પક્ષ પાસેથી આ અંગે જવાબ પણ માગ્યો હતો.

કોર્ટે તેમને એક લાખ રૂપિયાના સ્યોરિટી બોન્ડ પર જામીન પણ આપ્યા હતા. મુખ્ય પ્રધાનના દસ ટકા ક્વોટા હેઠળ નાશિકમાં બનાવવામાં આવેલી ઇમારતમાં લો ઇન્કમ ગ્રૂપ (એલઆઇજી) હેઠળના બે ફ્લેટ કોકાટે ભાઇઓએ મેળવ્યા હોવાનું તપાસકર્તા પક્ષે જણાવ્યું હતું.

દિઘોલેએ આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ■

# બાન્દ્રામાં ગૅસની પાઈપલાઈન તૂટતાં આગ લાગી




મુંબઈઃ બાન્દ્રામાં રસ્તાના સમારકામ દરમિયાન ગૅસની પાઈપલાઈનમાં ભંગાણ પડતાં આગ લાગી હતી. લગભગ અડધા કલાક સુધી વાહનવ્યવહાર માટે માર્ગ બંધ કરી સમારકામ હાથ ધરાયું હતું. ફાયર બ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું કે બાન્દ્રા પશ્ચિમમાં પાંચમા રોડ પર આવેલા પ્રોફેસર અલ્મેડા પાર્ક નજીક રસ્તાનું કામ ચાલી રહ્યું છે. ખોદકામ દરમિયાન મંગળવારની સાંજે પાંચ વાગ્યે ગૅસની પાઈપલાઈન તૂટી ગઈ હતી. પાઈપલાઈનમાં ભંગાણ પડવાને કારણે ગૅસ લીક થવા લાગ્યો હતો અને આગનો ભડકો થયો હતો. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મહાનગર ગૅસના પ્રતિનિધિને પણ જાણ કરાઈ હતી. આગ તરત ઓલવી નાખવામાં આવી હતી અને ગૅસ સપ્લાય કામચલાઉ ધોરણે ખંડિત કરવામાં આવ્યો હતો. લગભગ અડધા કલાક સુધી વાહનવ્યવહાર રોકી પાઈપનું સમારકામ કરાયું હતું, એમ ફાયર બ્રિગેડે જણાવ્યું હતું. ■

# લૂંટને ઈરાદે સહકર્મચારીની હત્યા કરનારો જમ્મુ-કાશ્મીરમાં પકડાયો

થાણેઃ ભિવંડીમાં વેતનની રકમ લૂંટવાને ઇરાદે હથોડો ફટકારી સહકર્મચારીની કથિત હત્યા કરીને ફરાર થઈ ગયેલા યુવકને પોલીસે જમ્મુ-કાશ્મીરના અનંતનાગ ખાતેથી પકડી પાડ્યો હતો. નિઝામપુરા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર વિશ્વાસ ડગલેએ જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ સાબીર રહેમતુલ્લા અન્સારી (૨૧) તરીકે થઈ હતી. બિહારના પૂર્વ ચંપારણનો વતની અન્સારી અને ઉત્તર પ્રદેશના ઉન્નાવમાં રહેતો નીરજ કુમાર ગોપીનાથ વિશ્વકર્મા (૪૦) ભિવંડી શહેરના ખોની ગ્રામ પંચાયત પરિસરમાં આવેલી પાવરલૂમ ફૅક્ટરીમાં કામ કરતા હતા.

પોલીસ ફરિયાદ અનુસાર ચોરીથી ફેબ્રુઆરીએ આરોપીએ વિશ્વકર્માનો પગાર લૂંટવાને ઇરાદે તેના પર હુમલો કર્યો હતો. વિશ્વકર્માના માથા અને કપાળ પર હથોડો ફટકારવામાં આવ્યો હતો. ગંભીર ઇજાને કારણે તેને સારવાર માટે મુંબઈની કેઈએમ હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. ઘટનાને જોનારા સાક્ષીએ પોલીસને આપેલી માહિતીને આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. આરોપીને ટ્રેસ કરવામાં આવતાં તે દિલ્હી ગયો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. પોલીસની ટીમ દિલ્હી પહોંચે તે પહેલાં આરોપી ત્યાંથી પણ ફરાર થઈ ગયો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસે દિલ્હીના રેલવે સ્ટેશનો પર લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી આરોપીના મોબાઈલ ફોનને ટ્રેસ કરવાનો પ્રયત્ન કર્યો હતો. દિલ્હી રેલવે પોલીસ સાથેની તપાસમાં જણાયું હતું કે આરોપી જમ્મુ-કાશ્મીર જતી ટ્રેનમાં ચઢ્યો હતો. છેલ્લે તેનું મોબાઈલ લૉકેશન અનંતનાગ દર્શાવાયું હતું. જમ્મુ-કાશ્મીર પોલીસની મદદથી અનંતનાગના લાલચોક ખાતેની એક બૅકરીમાંથી આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો. પોલીસે તેની પાસેથી ચોરીનો મોબાઈલ ફોન અને ૨૯ હજારની રોકડ જપ્ત કરી હતી. ભિવંડી લાવી આરોપીની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# લાડકી બહેનોને વધુ એક ગિફ્ટ, હોળીમાં મળશે સાડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર દ્વારા રાજ્યની લાડકી બહેનોને હવે હોળીમાં ગિફ્ટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહાયુતિ સરકારે મહિલાઓને એસટીની બસમાં પચાસ ટકાની રાહત આપી, ત્યારબાદ લાડકી બહેન યોજના લાવીને તેમને માસિક ૧,૫૦૦ રૂપિયા આપ્યા. હવે ફડણવીસ સરકારે મહિલાઓ માટે વધુ એક યોજના અમલમાં મૂકી છે. રાજ્ય સરકારે હોળી નિમિત્તે રાજ્યની રેશનિંગની દુકાનોમાંથી મહિલાઓને સાડી આપવાનું નક્કી કર્યું છે. આ લાભ ફક્ત અંત્યોદય રેશન કાર્ડ ધરાવતી મહિલાઓને જ મળશે.

લાભાર્થી મહિલાઓને રેશન દુકાન પર જઈને ઈ-પોસ મશીન પર અંગુઠો મુક્યા બાદ એક કાર્ડ દીઠ એક સાડી આપવામાં આવશે. રાજ્યના સહકાર, માર્કેટિંગ અને વસ્ત્રોદ્યોગ વિભાગો દ્વારા આ સાડી અંત્યોદય પરિવારની મહિલાઓને આપવામાં આવશે. હોળી સુધીમાં બધી જ મહિલાઓને સાડી આપી દેવામાં આવશે એવી શક્યતા છે. ■

# પાકિસ્તાનની હાર બાદ ભારત વિરોધી સૂત્રોચ્ચારઃ ભંગારની દુકાન પર ચાલ્યું બુલડોઝર

મુંબઈઃ ચૅમ્પિયન્સ ટ્રોફીની ક્રિકેટ મૅચમાં પાકિસ્તાનની હાર બાદ સિંધુદુર્ગ જિલ્લામાં ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરવા બદલ પોલીસે ભંગારના વ્યાવસાયિક સહિત તેની પત્નીની પણ ધરપકડ કરી હતી. આ ઘટના પછી માલવણ પાલિકાના અધિકારીઓએ સિંધુદુર્ગના તારકરલી રોડ પર આવેલી વેપારીની ગેરકાયદે દુકાન તોડી પાડી હતી.

રવિવારે ચૅમ્પિયન્સ ટ્રોફીની દુબઈમાં રમાયેલી મૅચ પાકિસ્તાનને પછાડી ભારતે છ વિકેટે જીતી હતી. એ જ રાતે અમુક રહેવાસીઓએ માલવણ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને કિતાબુલ્લાહ હમીદુલ્લા ખાન (૩૮) વિરુદ્ધ ફરિયાદ કરી હતી. ખાન પરિવાર સાથે તારકરલી રોડ પર રહેતો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ફરિયાદ અનુસાર ખાન, તેની પત્ની આયેશા (૩૫) અને ૧૫ વર્ષના પુત્રએ ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. મૅચમાં રોહિત શર્મા આઉટ થયા પછી પણ આ પરિવારે ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

ખાનના આવા વર્તનની વિરુદ્ધમાં સ્થાનિક રહેવાસીઓએ સોમવારે માલવણના દેઉલવાડા પરિસરમાં બાઈક રૅલી કાઢી હતી. આ બાબતને ગંભીરતાથી લઈ પોલીસે સોમવારે ગુનો નોંધી દંપતીની ધરપકડ કરી હતી, જ્યારે દંપતીના સગીર પુત્રને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ હાજર કરાયો હતો. (પીટીઆઈ)■

# માતા ક્યારેય ન કરે બાળકની મારપીટઃ કોર્ટ

મુંબઈઃ કોઇ પણ માતા પોતાના બાળકની મારપીટ કરી ન શકે, એવું હાઈ કોર્ટે મંગળવારે કહ્યું હતું. સાત વર્ષના પુત્ર પર હુમલો કરવા બદલ તેના જીવનસાથી સાથે ધરપકડ કરાયેલી ૨૮ વર્ષની મહિલાને કોર્ટે જામીન આપ્યા હતા.

ફરિયાદી પિતા અને માતા વચ્ચે વૈવાહિક વિવાદ ચાલે છે, જેને કારણે બાળક પીડાઈ રહ્યું છે અને બંનેના રોષનો ભોગ બની રહ્યું છે, એવું ન્યાયાધીશ મિલિંદ જાધવની સિંગલ બેન્ચે નોંધ્યું હતું. છોકરાના મેડિકલ રિપોર્ટ દર્શાવે છે કે તે નિયમિત રીતે મારપીટનો ભોગ બની રહ્યો છે. વિવિધ મેડિકલ પેપર્સ એવું પણ દર્શાવે છે કે બાળકની સંભાળ રાખવા માટે માતાએ મુશ્કેલીઓ ઉઠાવી છે, એવું કોર્ટે નોંધ્યું હતું. મહિલાની ૨૦૨૩માં ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારથી એ કસ્ટડીમાં છે. છોકરાના પિતાએ એવી ફરિયાદ કરી હતી કે તેની પત્ની અને તેના સાથીએ સગીર બાળક પર અનેક વાર શારીરિક હુમલાઓ કર્યા હતા. એક વાર તેને મારી નાખવાનો પણ પ્રયાસ કર્યો હતો. ■

# વિદેશી ચલણના હવાલા રૅકેટનો પર્દાફાશઃ મહિલા સહિત બે પકડાયાં

પુણેઃ કસ્ટમ્સ વિભાગના ઍર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) ૩.૪૭ કરોડના વિદેશી ચલણ સાથે સંકળાયેલા હવાલા રૅકેટનો પર્દાફાશ કરીને મહિલા સહિત બે જણને પકડી પાડ્યાં હતાં.

આરોપીઓની ઓળખ ટ્રાવેલ એજન્ટ ખુશબૂ અગરવાલ (૪૧) અને વિદેશી ચલણ સપ્લાય કરનાર મુંબઈના મોહંમદ આમિર તરીકે થઇ હતી. એઆઇયુના અધિકારીઓએ મુંબઈની ફોરેક્સ કંપનીમાંથી વિવિધ દેશોનાં વિદેશી ચલણ જપ્ત કર્યાં હતાં.

૧૭ ફેબ્રુઆરીએ સ્પાઇસ જેટની ફ્લાઇટમાં દુબઇથી પુણે આવી રહેલા ત્રણ પ્રવાસીનો ઉપયોગ કરી એક વ્યક્તિ દ્વારા નોટબૂકના પાનાંઓની વચ્ચે મોટા પ્રમાણમાં વિદેશી ચલણ સંતાડીને ટ્રોલી બેગોમાં મોકલવામાં આવી રહ્યું હોવાની માહિતી મળ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. એઆઇયુના અધિકારીઓએ ત્રણેય પ્રવાસીની તથા તેમના સામાનની તલાશી લેતાં ૩.૪૭ કરોડનું વિદેશી ચલણ મળી આવ્યું હતું. ત્રણેય પ્રવાસીઓની પૂછપરછમાં તેઓ સ્ટુડન્ટ હોવાનું અને ટ્રોલી બેગ પુણેની ટ્રાવેલ એજન્ટ ખુશબૂ અગરવાલની હોવાનું જાણવા મળ્યું હતું.


ખુશબૂ અગરવાલે ત્રણેય સ્ટુડન્ટને દુબઇની ટ્રિપ માટે ટ્રાવેલ પૅકેજ આપ્યું હતું. પુણેથી નીકળતી વખતે છેલ્લી ઘડીએ અગરવાલે સ્ટુડન્ટ્સને બે બેગ આપી હતી અને કહ્યું હતું કે તેમાં ઓફિસના દસ્તાવેજો છે, જે દુબઇની ઓફિસમાં પહોંચાડવાના છે. સ્ટુડન્ટ્સે બેગ લઇ લીધી હતી અને તેઓ પુણેથી રવાના થયા હતા.

એઆઇયુના અધિકારીઓએ ત્યાર બાદ પુણે એરપોર્ટ પરથી અગરવાલને તાબામાં લીધી હતી અને તેનું નિવેદન નોંધ્યું હતું.

અગરવાલે કબૂલ્યું હતું કે વિદેશી ચલણ તેનું છે. બાદમાં અધિકારીઓએ મુંબઈની ફોરેક્સ કંપનીમાં સર્ચ કરીને વિદેશી ચલણ સપ્લાય કરનારા મોહંમદ આમિરને પકડી પાડ્યો હતો. કંપનીમાં સર્ચ દરમિયાન વિવિધ દેશોનું વિદેશી ચલણ મળી આવ્યું હતું. એઆઇયુ અને કસ્ટમ્સના અધિકારીઓએ બાદમાં પુણે, અમદાવાદ અને મુંબઈમાં ૧૦ સ્થળે સર્ચ કરી હતી. (પીટીઆઈ)■

# પાકિસ્તાને તો ભારતની ‘બી’ ટીમ સામે જીતવા માટે પણ સંઘર્ષ કરવો પડેઃ ગાવસકર

## કોહલી માટે સની બોલ્યા, ‘તું નસીબદાર છો કે પાકિસ્તાને તારી વિરુદ્ધ ફરિયાદ નહોતી કરી’





દુબઈઃ ચાહકોમાં સની તરીકે જાણીતા સુનીલ ગાવસકરે પાકિસ્તાનની વર્તમાન ટીમનો રવિવારનો ભારત સામેનો પર્ફોર્મન્સ જોતાં કહ્યું છે કે ‘ભારતની ‘બી’ ટીમ સામે પણ પાકિસ્તાનની વર્તમાન ટીમે જીતવા ભારે સંઘર્ષ કરવો પડે. પાકિસ્તાન પાસે હંમેશાં નૅચરલ ટૅલન્ટ હોય છે. કહેવાનો અર્થ એ છે કે તેઓ ભલે ટેક્નિકલી સચોટ ન હોય, પણ બૅટ અને બૉલ વચ્ચેનો બહુ સારો તાલમેલ રાખતા તેમને બહુ સારું ફાવતું હોય છે. ઇન્ઝમામ-ઉલ-હકનું સ્ટાન્સ એવું હતું કે કોઈ યુવા બૅટર માટે એવા સ્ટાન્સની તમે ભલામણ ન કરી શકો, પણ તેની પાસે એવું ગજબનું મનોબળ હતું કે એનાથી બૅટિંગમાં તે ભલભલી ટેક્નિકલ ક્ષતિઓ દૂર કરી શક્તો હતો.’

દરમ્યાન વિરાટ કોહલીએ રવિવારે અણનમ ૧૦૦ રન બનાવવાની સાથે વિક્રમી ૫૧મી સેંચુરી ફટકારી એ બદલ પાકિસ્તાન સામે ભારત ચૅમ્પિયન્સ ટ્રૉફીની રોમાંચક મૅચ જીતી તો ગયું, પણ વિરાટની એક ભૂલને લીધે ભારત કદાચ હારી ગયું હોત અને એ બ્લન્ડર બદલ બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે કોહલીને વખોડ્યો છે.

એ અસાધારણ ઘટના વખતે ગાવસકર કોમેન્ટેરી-બૉક્સમાં હતા. તેઓ કોહલી પર એક ભૂલ બદલ ખૂબ નારાજ હતા. સનીના મતે કોહલીએ એ ભૂલ અપરિપકવ ખેલાડીથી થાય એ રીતે કરી હતી જેને લીધે કોહલીએ હાફ સેન્ચુરી પહેલાં જ વિકેટ ગુમાવી દીધી હોત.

આ ઘટના વખતે ૨૪૨ રનના લક્ષ્યાંક સામે ભારતનો સ્કોર ૧૧૬/૨ હતો અને વિરાટ ૪૨ રને બૅટિંગ કરી રહ્યો હતો તેમ જ શ્રેયસ ઐયર થોડી ક્ષણ પહેલાં જ ક્રીઝમાં આવ્યો હતો.

કોહલીએ ફાસ્ટ બોલર રઉફના બૉલને કવર અને પોઇન્ટ તરફ મોકલીને ઝડપથી રન દોડવાનું શરૂ કર્યું હતું. કોહલી રનઆઉટના પ્રયાસમાં સલામત રીતે નોન-સ્ટ્રાઇક એન્ડ પર પહોંચી તો ગયો, પણ થ્રો કરવામાં આવેલા બૉલને તેણે વાંકા વળીને હાથથી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો જે નિયમની વિરુદ્ધ કહેવાય. જોકે ત્યારે પાછળ કોઈ ફીલ્ડર નહોતો.

કોહલી જેવો અનુભવી પ્લેયર આવું કૃત્ય કરે એ ગાવસકરને જરાય ન ગમ્યું. જો પાકિસ્તાનની ટીમે ‘બૉલને અવરોધવાનો પ્રયત્ન’ એ નિયમ હેઠળ અમ્પાયરને વિરાટની વિકેટ માટે અપીલ કરી હોત તો અમ્પાયરે તેને આઉટ આપ્યો હોત.

ગાવસકરે કોમેન્ટરી બૉક્સમાંથી કહ્યું, ‘ભલે થ્રો થયેલો બૉલ કલેક્ટ કરવા માટે વિરાટની પાછળ કોઈ ફીલ્ડર નહોતો, પણ વિરાટે બૉલને રોકવાનો પ્રયાસ કરવાની જરૂર જ નહોતી. તે નસીબદાર હતો કે કોઈએ ત્યારે ‘ઓબ્સ્ટ્રક્ટિંગ ધ બૉલ’ની અપીલ નહોતી કરી.’ ■

# ભારતે ન્યૂ ઝીલૅન્ડ સામે શમીના સ્થાને કોઈ સ્પિનરને રમાડવો જોઈએઃ ડૅરેન ગૉફ





દુબઈઃ ભારત ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ગ્રૂપ ‘એ’ સ્ટેજમાં બન્ને મૅચ (બાંગ્લાદેશ સામે અને પાકિસ્તાન સામે) જીતીને આસાનીથી સેમિ ફાઇનલમાં પહોંચી ગયું છે અને હવે ભારતે ત્રીજી તથા છેલ્લી લીગ મૅચ રવિવારે દુબઈમાં જ ન્યૂ ઝીલૅન્ડ સામે રમવાની છે જે વિશે ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ડૅરેન ગૉફની ટીમ ઇન્ડિયા માટે એક સલાહ છે જે વાઇરલ થઈ છે.

મોહમ્મદ શમીએ પાકિસ્તાન સામેની રવિવારની મહત્ત્વપૂર્ણ મૅચમાં પ્રથમ ઓવરમાં પાંચ વાઇડ ફેંક્યા હતા અને પછી બે ઓવર બાદ ઈજાને કારણે ૨૦ મિનિટ સુધી મેદાનની બહાર હતો. તેની ફિટનેસ પર અગાઉથી જ શંકા હતી. તેને એ મૅચમાં આઠ ઓવરમાં ૪૩ રનમાં એક પણ વિકેટ નહોતી મળી.

ઇંગ્લૅન્ડનો ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ડૅરેન ગૉફ ૫૪ વર્ષનો છે. તે ૧૯૯૪થી ૨૦૦૬ દરમ્યાન ઇંગ્લૅન્ડ વતી કુલ ૨૧૯ મૅચ રમ્યો હતો જેમાં તેણે કુલ ૪૬૭ વિકેટ લીધી હતી.

ડૅરેન ગૉફે આગામી રવિવારની ન્યૂ ઝીલૅન્ડ સામેની ભારતની સંભવિત પ્લેઇંગ-ઇલેવન વિશે સોશિયલ મીડિયામાં પ્રતિક્રિયા આપી છે. તેનું એવું માનવું છે કે રવિવારે ભારતે ન્યૂ ઝીલૅન્ડ સામે મોહમ્મદ શમીને આરામ આપવો જોઈએ અને તેના સ્થાને કોઈ સ્પિનરને રમાડવો જોઈએ.


ગયા રવિવારે પાકિસ્તાન સામેની મૅચ બાદ ટીમના ખેલાડી શ્રેયસ ઐયરે પત્રકારોને શમી વિશેના સવાલના જવાબમાં કહ્યું હતું કે તે પૂરેપૂરો ફિટ છે.

જોકે ડૅરેન ગૉફનું એવું માનવું છે કે ‘ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતીય ટીમે શમીને આરામ આપવો જોઈએ કે જેથી તેની ઈજા વધી ન જાય.

દુબઈની પિચ સ્લો છે. મેં જોયું છે કે હાર્દિક પંડ્યા સારી બોલિંગ કરી રહ્યો છે. શમીને આરામની જરૂર છે.’

રવિવારે પાકિસ્તાન સામેની ભારતીય ટીમમાં ત્રણ સ્પિનર અક્ષર પટેલ, કુલદીપ યાદવ અને રવીન્દ્ર જાડેજાનો સમાવેશ હતો. કુલદીપને ત્રણ તેમ જ જાડેજા-અક્ષરને એક-એક વિકેટ મળી હતી. આ ટૂર્નામેન્ટ માટેની ભારતીય સ્ક્વૉડમાં બીજા બે સ્પિનર વરુણ ચક્રવર્તી તેમ જ વૉશિંગ્ટન સુંદર પણ સામેલ છે. ■

# પૅટ કમિન્સના મતે ટીમ ઇન્ડિયાને એક જ મેદાન પર રમવાનો મોટો લાભ





સિડનીઃ ઑસ્ટ્રેલિયાનો સફળ સુકાની પૅટ કમિન્સ પગની ઘૂંટીની ઈજાને કારણે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં રમવા નથી આવ્યો અને તાજેતરમાં જ પત્ની બેકીએ પુત્રીને જન્મ આપ્યો હોવાથી પરિવાર સાથે વેકેશન માણી રહ્યો છે, પરંતુ ઘરમાં બેસીને ટીવી પર પોતાની ટીમની મૅચો જોવાની સાથે તે બીજી ટીમો પર પણ અવલોકન આપતો રહે છે જેમાંની એક સમીક્ષા તેણે ભારતીય ટીમની બાબતમાં કરી છે.

કમિન્સે એક ચૅનલને કહ્યું છે કે ‘ભારતીય ટીમને સૌથી મોટો લાભ એ થયો છે કે એ એક જ મેદાન પર તમામ મૅચો રમી રહી છે.’

પાકિસ્તાન આ ટૂર્નામેન્ટનું મુખ્ય યજમાન છે અને ભારતે પોતાની ટીમ પાકિસ્તાન નથી મોકલી એટલે હાઇબ્રિડ મૉડેલ હેઠળ ભારતીય ટીમ પોતાની બધી મૅચો દુબઈમાં રમી રહી છે. દુબઈમાં બાંગ્લાદેશ સામેની પ્રથમ મૅચમાં ભારતે ૨૧ બૉલ બાકી રાખીને છ વિકેટે તેમ જ પાકિસ્તાન સામેની બીજી મૅચમાં ૪૫ બૉલ બાકી રાખીને છ વિકેટે વિજય મેળવ્યો હતો. હવે રવિવાર, બીજી માર્ચે દુબઈમાં જ ભારતનો ન્યૂ ઝીલૅન્ડ સામે મુકાબલો થશે.

કમિન્સે મુલાકાતમાં કહ્યું છે કે ‘એક જ સ્થળે (દુબઈમાં) રમવાનો ભારતીય ટીમને બહુ મોટો ફાયદો છે. ટીમ ઇન્ડિયા ખૂબ મજબૂત છે અને દેખીતી રીતે તમામ મૅચો એક જ ગ્રાઉન્ડ પર રમાઈ હોવાનો આ ટીમને મોટો લાભ થઈ રહ્યો છે.’

હવે રવિવારે ભારતનો મુકાબલો કિવીઓ સામે છે અને કિવીઓ બન્ને મૅચ પાકિસ્તાનમાં બે સ્થળે રમ્યા છે અને રવિવારે ત્રીજા મેદાન પર એટલે કે દુબઈમાં ભારત સામે રમશે. કરાચીમાં ન્યૂ ઝીલૅન્ડે પાકિસ્તાનને ૬૦ રનથી હરાવ્યું હતું અને પછી રાવલપિંડીમાં બાંગ્લાદેશ સામે પાંચ વિકેટે વિજય મેળવ્યો હતો.

ભારતીય ટીમ હવે સેમિ ફાઇનલ પણ દુબઈમાં રમશે અને જો ફાઇનલમાં પહોંચશે તો એ ફાઇનલ (પાકિસ્તાન મુખ્ય યજમાન હોવા છતાં એના કોઈ મેદાન પર નહીં, પરંતુ દુબઈમાં જ રમાશે. ઉલ્લેખનીય છે કે બીજી સેમિ ફાઇનલ લાહોરમાં રમાવાની છે. ■

# ઑસ્ટ્રેલિયા-સાઉથ આફ્રિકા મૅચ રદઃ જાણી લો હવે સેમિ ફાઇનલ માટે ગ્રૂપ ‘બી’માંથી કોને કેટલો ચાન્સ છે

## આજે ઇંગ્લૅન્ડ-અફઘાનિસ્તાનમાંથી જે હારશે એ સ્પર્ધાની બહાર થઈ જશે



રાવલપિંડીઃ ચૅમ્પિયન્સ ટ્રોફીમાંથી યજમાન પાકિસ્તાનની ટીમ જ રેસમાંથી બહાર ફેંકાઈ જતાં પાકિસ્તાનમાં આ ટૂર્નામેન્ટ પ્રત્યે લોકોનો રસ અને ઉત્સાહ ઓછા થઈ ગયા છે ત્યાં હવે રાવલપિંડીમાં ગઈ કાલે ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચેની મૅચ વરસાદને કારણે ન રમાતાં મડાગાંઠ ગૂંચવાઈ ગઈ છે, કારણકે ગ્રૂપ ‘બી’ની ચારેય ટીમો વચ્ચેની હરીફાઈ વધુ તીવ્ર બની છે. ખાસ વાત એ છે કે આજે (બુધવારે) ઇંગ્લૅન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચેની મૅચ નૉકઆઉટ જેવી થઈ ગઈ છે અને એ મૅચમાં હારી જનારી ટીમ સ્પર્ધાની બહાર ફેંકાઈ જશે.

ગ્રૂપ ‘એ’માંથી ભારત અને ન્યૂ ઝીલૅન્ડની ટીમ સેમિ ફાઇનલમાં પહોંચી ગઈ છે, જ્યારે પાકિસ્તાન અને બાંગ્લાદેશની ટીમ બહાર ફેંકાઈ ગઈ છે. ભારત અને ન્યૂ ઝીલૅન્ડ સામે ગ્રૂપ ‘બી’માંથી સેમિ ફાઇનલમાં કોણ આવશે એ જાણવા માટે ક્રિકેટપ્રેમીઓએ હજી થોડા દિવસ રાહ જોવી પડશે.

### ક્લાસેનને થયો ફાયદો

ગઈ કાલે ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાની મૅચમાં સતતપણે ઝરઝર વરસાદ પડતો રહેવાને કારણે ટૉસ પણ નહોતો થઈ શક્યો. ભારતીય સમય મુજબ બપોરે બે વાગ્યે ટૉસ થવાનો હતો, પણ વરસાદને લીધે ખૂબ રાહ જોવામાં આવી હતી. છેવટે ત્રણ કલાક અને ૧૦ મિનિટ બાદ (૫.૧૦ વાગ્યે) મૅચ રદ અને અનિર્ણિત જાહેર કરાઈ હતી. ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે ૨૦૨૩ના વર્લ્ડ કપની સેમિ ફાઇનલ પછીનો આ પહેલો જ મુકાબલો હતો જે થયો જ નહીં.

ટૉસ ન થતાં બન્ને ટીમોએ પોતપોતાની પ્લેઇંગ-ઇલેવન જાહેર ન કરવી પડી હોવાથી સાઉથ આફ્રિકાના હિન્રિક ક્લાસેનને ઈજામાંથી મુક્ત થવા વધુ ત્રણ દિવસ મળ્યા છે, કારણકે હવે સાઉથ આફ્રિકાની મૅચ શનિવારે ઇંગ્લૅન્ડ સામે રમાવાની છે.

### ગ્રૂપ ‘બી’માં કોણ કેવી સ્થિતિમાં?

ગ્રૂપ ‘બી’માં ઑસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, ઇંગ્લૅન્ડ અને અફઘાનિસ્તાનનો સમાવેશ છે. સાઉથ આફ્રિકાની ટીમ ત્રણ પૉઇન્ટ અને +૨.૧૪૦ના રનરેટ સાથે મોખરે છે, જ્યારે ઑસ્ટ્રેલિયાના પણ ત્રણ પૉઇન્ટ છે અને +૦.૪૭૫ના રનરેટ સાથે બીજા સ્થાને છે. ઇંગ્લૅન્ડ (૦ પૉઇન્ટ, -૦.૪૭૫નો રનરેટ) અને અફઘાનિસ્તાને (૦ પૉઇન્ટ, -૨.૧૪૦નો રનરેટ) હજી જીતનું ખાતું નથી ખોલાવ્યું અને અનુક્રમે ત્રીજા-ચોથા સ્થાને છે.

### કોને સેમિનો ચાન્સ?

ગઈ કાલની ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચેની મૅચ ધોવાઈ ગઈ એને પગલે આ મુજબના સમીકરણો સર્જાયાં છેઃ

(૧) પહેલી ગ્રૂપ મૅચ જીતી ચૂકેલા ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા જો અનુક્રમે અફઘાનિસ્તાન તથા ઇંગ્લૅન્ડ સામેની પોતપોતાની છેલ્લી ગ્રૂપ મૅચ જીતી જશે તો તેઓ સેમિ ફાઇનલમાં પહોંચી જશે અને અફઘાનિસ્તાન તથા ઇંગ્લૅન્ડની ટીમ સ્પર્ધાની બહાર થઈ જશે.

(૨) ઇંગ્લૅન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચેની આજની મૅચ નૉકઆઉટ મૅચ બની રહેશે. એમાં પરાજિત થનારી ટીમ બહાર થઈ જશે અને વિજેતા થનારી ટીમે પછીની મૅચની હરીફ ટીમને હરાવવી પડશે કે જેથી કરીને સેમિ ફાઇનલમાં સ્થાન પાક્કું કરી શકાય.

(૩) બીજી રીતે જોઈએ તો શુક્રવારની ઑસ્ટ્રેલિયા-અફઘાનિસ્તાન મૅચ અને શનિવારની સાઉથ આફ્રિકા-ઇંગ્લૅન્ડ મૅચ ક્વૉર્ટર ફાઇનલ જેવી બની રહેશે.

(૪) ઇંગ્લૅન્ડ અને અફઘાનિસ્તાને સેમિમાં પહોંચવા પોતપોતાની બાકીની બન્ને મૅચ જીતવી જ પડશે.

# ભારતની મહિલા હૉકી ટીમ ઑલિમ્પિક ચૅમ્પિયન સામે વિજયી

ભુવનેશ્વરઃ સલિમા ટેટેના નેતૃત્વમાં ભારતની મહિલા હૉકી ટીમે ગઈ કાલે અહીં એફઆઇએચ પ્રો લીગ નામની ટૂર્નામેન્ટમાં અપસેટ સર્જ્યો હતો. ભારતીય ટીમે વર્તમાન ઑલિમ્પિક ચૅમ્પિયન નેધરલૅન્ડ્સની ટીમને પેનલ્ટી શૂટઆઉટમાં ૨-૧થી હરાવી દીધી હતી.

બન્ને ટીમ વચ્ચેની મુખ્ય મૅચ ૨-૨થી ડ્રૉ રહ્યા બાદ શૂટઆઉટનો સહારો લેવો પડ્યો હતો જેમાં ભારતે વિજય મેળવીને સનસનાટી મચાવી દીધી હતી.

મુખ્ય મૅચમાં પિએન સેન્ડર્સે ૧૭મી મિનિટમાં અને ફાય વૅન ડર એલ્સ્ટે ૨૮મી મિનિટમાં ગોલ કરીને નેધરલૅન્ડ્સને ૨-૦થી સરસાઈ અપાવી હતી. જોકે ગોલકીપર સવિતા પુનિયાના ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સને લીધે નેધરલૅન્ડ્સની ખેલાડીઓ વધુ ગોલ નહોતી કરી શકી અને પછીથી ભારત વતી બે ગોલ થયા હતા એટલે મૅચ ૨-૨ની બરાબરીમાં થઈ ગઈ હતી.

૩૫મી મિનિટમાં દીપિકાએ અને ૪૩મી મિનિટમાં બલજિત કૌરે ગોલ કરીને સ્કોર ૨-૨ની બરાબરીમાં લાવી દીધો હતો.

શૂટઆઉટમાં દીપિકા અને મુમતાઝ ખાને એક-એક ગોલ કર્યો હતો, જ્યારે હરીફ ટીમમાંથી ફક્ત મારિન વીન ગોલ કરી શકતા ભારતનો ૨-૧થી રોમાંચક વિજય થયો હતો.

આ બીજા તબક્કાનો મુકાબલો હતો અને પ્રથમ તબક્કામાં નેધરલૅન્ડ્સ સામે ભારતનો ૨-૪થી પરાજય થયો હતો.

૧૫મી ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં ભારતીય ટીમ ત્રણ મૅચ જીતી છે અને પાંચ હારી છે.

દરમ્યાન ગોલકીપર સવિતા પુનિયા ૩૦૦મી મૅચ રમી એ નિમિત્તે તેનું સાથી ખેલાડીઓએ સન્માન કર્યું હતું. ભારતીય મહિલા હૉકી ખેલાડીઓમાં વંદના કટારિયા પછી સવિતા માત્ર બીજી એવી ખેલાડી છે જે ૩૦૦ મૅચ રમી છે. ગોલકીપર્સમાં ભારતના પુરુષ હૉકી ખેલાડીઓની ટીમના પીઆર શ્રીજેશ પછી સવિતા બીજી ગોલકીપર છે જે ૩૦૦ મૅચ રમી છે. ■

# આઈઆઈટીયન બાબાની બન્ને આગાહી ખોટી પડી

## મોટા ઉપાડે કહ્યું હતું કે ‘વિરાટ ફ્લોપ જશે, ભારત હારી જશે’



નવી દિલ્હીઃ પ્રયાગરાજના મહાકુંભથી ફેમસ થયેલા અભય સિંહ ઉર્ફે આઈઆઈટીયન બાબાએ રવિવારની દુબઈની ભારત-પાકિસ્તાન મેચ વિશે જે બે ભવિષ્યવાણી કરી હતી એ બન્ને ખોટી પડતાં તેઓ સોશિયલ મીડિયામાં ટ્રોલ થયા છે જેને પગલે તેમણે માફી માગવી પડી છે.

બાબાએ આગાહી કરી હતી કે વિરાટ કોહલી પાકિસ્તાન સામેની આ મેચમાં ફ્લોપ જશે અને ભારત આ મેચ હારી જશે.

જોકે મેચમાં બાબાની આગાહી કરતાં સાવ ઊલટું જ બન્યું. વિરાટ કોહલી અણનમ સેન્ચુરી (૧૦૦ અણનમ, ૧૧૧ બોલ, સાત ફોર) સાથે મેચ-વિનર બન્યો અને ભારતે આસાનીથી મેચ જીતી લીધી. હાર્દિક પંડ્યાએ બાબર આઝમ અને સાઉદ શકીલની મહત્ત્વની વિકેટ લીધી તેમ જ બીજા બે ગુજરાતી ખેલાડીઓ અક્ષર અને જાડેજાનો પણ જીતમાં મોટો ફાળો હતો. ત્રણ વિકેટ લેનાર કુલદીપ યાદવે ૩૦૦ આંતરરાષ્ટ્રીય વિકેટોની સિદ્ધિ પણ મેળવી હતી.

આઈઆઈટીયન બાબાની આગાહી ખોટી પડતાં જ મીડિયામાં ક્રિકેટપ્રેમીઓ તેમના પર તૂટી પડ્યા છે. મીમ્સ બન્યા છે જેમાં બાબાને એવા અર્થમાં કહેવાયું છે કે તમે તો મોટા ઉપાડે જે આગાહીઓ કરી હતી એ સાવ ખોટી પડી.

આઈઆઈટીયન બાબાએ મેચ પહેલાં એક વીડિયો માટે કહ્યું હતું, ‘મૈં તુમ કો પહેલે સે બોલ રહા હૂં, ઇસ બાર ઇન્ડિયા નહીં જીતેગી. જો જો હૈ, વિરાટ કોહલી... સબ કો બોલ દો કે આજ જિતકે દિખાએ. અબ મૈંને મના કર દિયા હૈ તો નહીં જિતેગી તો નહીં જિતેગી. અબ ક્યા ભગવાન બડે હૈ યા તુમ બડે હો.’

‘એક્સ’ પર બાબાએ પોતાની આગાહી ખોટી પડતાં ક્રિકેટપ્રેમીઓની માફી માગતા જણાવ્યું છે કે ‘હું જાહેરમાં માફી માગું છું અને બધાને જીતની ઉજવણી કરવાની અરજ કરું છું. ઈટ્સ પાર્ટી ટાઈમ. મુજે મન હી મન પતા થા કી ઇન્ડિયા જિતેગા.’

‘એક્સ’ પર એક ક્રિકેટપ્રેમીએ તો બાબા પર ગુસ્સે થઈને લખી નાખ્યું કે ‘દોસ્તો, આ બાબાને જીવતો પકડો અને ભારતની બહાર ફેંકી દો.’

બીજા એક મીડિયા યુઝરે લખ્યું, ‘મોરલ ઑફ ધ સ્ટોરી ઇઝ... ભવિષ્યવાણી પર ક્યારેય ભરોસો ન કરો.’

# ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ ૬૦.૨ કરોડ દર્શકોએ જોઇ

નવી દિલ્હીઃ દુબઈમાં રવિવારે રમાયેલી આઇસીસી ચૅમ્પિયન્સ ટ્રૉફીમાં ભારત-પાકિસ્તાન મેચને ‘જિયો હોટસ્ટાર’ પર રેકોર્ડ ૬૦.૨ કરોડ દર્શકોએ જોઈ હતી. જિયો સિનેમા અને ડિઝની હોટસ્ટારના મર્જરથી જિયો હોટસ્ટાર બન્યું હતું. ભારત-પાકિસ્તાન મેચ દરમિયાન દર્શકોની સૌથી વધુ સંખ્યા એક સમયે ૬૦.૨ કરોડ સુધી પહોંચી ગઈ હતી જ્યારે વિરાટ કોહલીએ ૨૪૧ રનના લક્ષ્યનો પીછો કરતી વખતે વિજયી ચોગ્ગો ફટકાર્યો હતો.

આ સાથે કોહલીએ પોતાની ૫૧મી સદી પૂર્ણ કરી હતી. જ્યારે મોહમ્મદ શમીએ મેચની પહેલી ઓવર નાખી ત્યારે દર્શકોની સંખ્યા ૬.૮ કરોડ સુધી પહોંચી ગઈ અને મેચ દરમિયાન તે વધતી રહી હતી. પાકિસ્તાનની ઇનિંગ્સની છેલ્લી ઓવરમાં દર્શકોની સંખ્યા ૩૨.૧ કરોડ સુધી પહોંચી ગઈ હતી.

જ્યારે ભારતે લક્ષ્યનો પીછો કરવાનું શરૂ કર્યું ત્યારે દર્શકોની સંખ્યા વધીને ૩૩.૮ કરોડ થઈ ગઈ અને લાંબા સમય સુધી ૩૬.૨ કરોડ પર સ્થિર રહી હતી. પછી જેમ જેમ ભારત વિજય તરફ આગળ વધ્યું તેમ તેમ આ સંખ્યા રેકોર્ડ સ્તરે વધી ગઈ હતી. આ મેચ ભારત અને પાકિસ્તાન વચ્ચે સૌથી વધુ જોવાયેલી મેચ બની ગઈ છે. તેને લાઇવ સ્ટ્રીમિંગ દ્વારા ૬૦.૨ કરોડ લોકોએ જોઇ હતી.

અગાઉ ભારત-પાકિસ્તાન વચ્ચેની ૨૦૨૩ વન-ડે વર્લ્ડ કપની મેચ ૨૨.૫ કરોડ દર્શકોએ લાઇવ સ્ટ્રીમિંગ દ્વારા જોઈ હતી. આ મેચનું લાઈવ સ્ટ્રીમિંગ ડિઝની હોટસ્ટાર પર થયું હતું. ■

# કોહલીએ ખૂબ દોડાવ્યા, પણ ઑસ્ટ્રેલિયા સામે તો પાકિસ્તાની ફીલ્ડરનું પૅન્ટ જ ઊતરી ગયું હતું!



દુબઈઃ ફરી ફૉર્મમાં આવીને જો પાકિસ્તાન સામે ફટકાબાજી કરવાની હોય તો વિરાટ કોહલી એ તક ક્યારેય નથી ચૂકતો અને રવિવારે દુબઈમાં તેને વધુ એક મોકો મળ્યો હતો જેનો તેણે પૂરો ફાયદો ઉઠાવ્યો હતો અને વિક્રમી ૫૧મી સદી (૧૦૦ અણનમ, ૧૧૧ બૉલ, ૧૫૧ મિનિટ, સાત ફોર) ફટકારી દેવાની સાથે વન-ડેમાં સૌથી ઝડપે (સૌથી ઓછી ૨૮૭ ઇનિંગ્સમાં) ૧૪,૦૦૦ રન પણ પૂરા કરવાની અપ્રતિમ સિદ્ધિ પણ મેળવી હતી. કોહલીએ પાકિસ્તાનના ફીલ્ડર્સને ખૂબ દોડાવ્યા હતા. આ પ્રસંગે પાકિસ્તાની ટીમના એક ફીલ્ડરની ત્રણ મહિના પહેલાં હૉબાર્ટમાં ઑસ્ટ્રેલિયા સામે જે હાસ્યાસ્પદ હાલત થઈ હતી એનો વીડિયો અને ફોટો બે દિવસથી વાઇરલ થઈ રહ્યો છે.

રવિવારે કોહલી પાકિસ્તાનના કોઈ પણ બોલરના બૉલમાં સિક્સર નહોતો ફટકારી શક્યો, પરંતુ તેણે સાત ફોર જરૂર ફટકારી હતી. તેણે શુભમન ગિલ (૪૬ રન) સાથે ૬૯ રનની, શ્રેયસ ઐયર (૫૬ રન) સાથે ૧૧૪ રનની, હાર્દિક પંડ્યા (આઠ રન) સાથે નવ રનની અને અક્ષર પટેલ (ત્રણ અણનમ) સાથે ૨૧ રનની અતૂટ ભાગીદારી કરી હતી.

મૅન ઑફ ધ મૅચ કોહલીએ એક અને બે રન ઘણી વાર લીધા હતા અને એ રીતે તેણે પાકિસ્તાની ફીલ્ડર્સને ખૂબ દોડાવ્યા હતા. કોહલીના મિજાજને પારખીને પાકિસ્તાનના કૅપ્ટન મોહમ્મદ રિઝવાને ઘણા ફીલ્ડર્સને દૂર-દૂર ફેલાવી દીધા હતા, પણ કોહલીએ નજીકના સ્થાને બૉલ મોકલતા રહીને છૂટક રન લેતા રહીને રન મશીન ચાલુ રાખ્યું હતું અને ભારતને ૪૩ ઓવરની અંદર વિજય અપાવી દીધો હતો.

ત્રણ મહિના પહેલાં ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં પાકિસ્તાની ટીમ ટી-૨૦ સિરીઝ ૦-૩થી હારી હતી. હૉબાર્ટમાં ત્રીજી ટી-૨૦ ચાલી રહી હતી. પેસ બોલર જહાંદાદ ખાનની પાકિસ્તાન વતી એ પહેલી જ મૅચ હતી. એમાં તે બોલિંગને લીધે નહીં, પણ ફીલ્ડિંગમાં તેના કિસ્સામાં જે કંઈ બન્યું એને લીધે હાસ્યાસ્પદ થઈ ગયો હતો. તેણે ઑસ્ટ્રેલિયાના જેક ફ્રેઝર-મૅકગર્કની વિકેટ લીધી એ પહેલાં એક તબક્કે શાહીન શાહ આફ્રિદીના બૉલમાં જેક ફ્રેઝરે શૉટ માર્યો અને બૉલ બાઉન્ડરી લાઇન તરફ જઈ રહ્યો હતો ત્યારે જહાંદાદે ડીપ થર્ડ મૅન પર રૉકેટની જેમ મેદાન પર ડાઇવ મારીને બૉલ રોકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે તેણે જેવી ડાઇવ મારી કે તેનું પૅન્ટ ઊતરી ગયું હતું અને તેનું અન્ડરવેઅર દેખાઈ ગયું હતું. આસપાસમાં બેઠેલા પ્રેક્ષકો હસી પડ્યા હતા અને સ્વાભાવિક છે કે ટીવી પર આ મૅચ જોઈ રહેલા અસંખ્ય દર્શકોને પણ હસવું આવી ગયું હશે. જોતજોતામાં સોશિયલ મીડિયામાં આ ઘટનાનો વીડિયો વાઇરલ થઈ ગયો હતો અને મીમ્સ બનવા લાગ્યા હતા. જેક ફ્રેઝરને એમાં ફોરના ચાર રન મળી ગયા હતા. જોકે પછીથી જહાંદાદે જ તેને તેના ૧૮ રનના સ્કોર પર આઉટ કરી દીધો હતો.

એ મૅચમાં પાકિસ્તાનના ૧૧૭ રનના જવાબમાં ઑસ્ટ્રેલિયાએ ૧૧.૨ ઓવરમાં ત્રણ વિકેટે ૧૧૮ રન બનાવીને મૅચ અને સિરીઝ જીતી લીધી હતી. ■

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com




# નિફ્ટીનું નૂર કેમ હણાયું?

### ટ્રમ્પની ટેરિફ વૉર સાથે ‘સેલ ઈન્ડિયા, બાય ચાઈના’નો ટ્રેન્ડ અને અમેરિકાનું સ્ટેગફ્લેશન ઈક્વિટી માર્કેટની કમર તોડી નાખશે?

શેરબજાર પર એકસાથે અમેરિકન આફતો ત્રાટકી પડી છે. એક તરફ ટ્રમ્પે ટેરિફની અવળચંડી મિસાઇલોનો મારો સતત ચાલુ રાખ્યો છે, તો બીજી તરફ અમેરિકામાં સ્ટેગફ્લેશન જામવાની આશંકાએ વિશ્વભરના શેરબજારીયાઓની ઊંઘ હરામ કરી નાંખી છે. આ તરફ નિફ્ટીનું નૂર હણાઇ ગયું છે અને તેમાં ચીન તરફ ડોલરનો પ્રવાહ ફંટાઇ જવાની આ નવી મુસીબતથી રોકાણકારોની ચિંતા વધી છે.

સોમવારે લગભગ ૯૦૦ પોઇન્ટનો ધબડકો નોંધાવ્યા બાદ મંગળવારે વિશ્વબજારમાં ચારેતરફ નરમાઇના હવામાનમાં સેન્સેક્સે આશ્ચર્યજનક રીતે સાધારણ સુધારો નોંધાવ્યો હતો. જોકે, એને વેલ્યૂબાઇંગનું નામ આપો કે ગમે તે નામ આપો, પરંતુ સવાલ એ જ છે કે નિફ્ટી ક્યાં સુધી ગબડતો રહેશે? મંગળવારે પણ નિફ્ટી તો સત્રને અંતે નેગેટીવ ઝોનમાં જ સ્થિર થયો હતો!

આ સવાલનો આમ તો હાલ કોઇ એનાલિસ્ટ સ્પષ્ટ જવાબ નથી આપતાં પરંતુ કદાચ નિફ્ટીનું નૂર હણાવા પાછળના કારણમાં આ સવાલનો કંઇક જવાબ મળી શકે! સરળ અને દેખીતા, કે રોજ છપાતા કારણોની વાત કરીએ તો કોર્પોરેટ ક્ષેત્રની નબળી કમાણી, વિદેશી ફંડોની એકધારી વેચવાલી અને આર્થિક સ્તરની અનિશ્ચિતતાઓએ રોકાણકારોનો વિશ્વાસ ભાંગી નાંખ્યો હોવાથી મુખ્ય બેન્ચમાર્ક ચાર મહિના પહેલાના વિક્રમી ઊંચા સ્તરેથી નીચે પટકાઇ ગયા છે.

નિફ્ટી અને સેન્સેક્સમાં ફેબ્રુઆરીમાં અત્યાર સુધીમાં લગભગ ચાર ટકાથી મોટો ઘટાડો થયો છે, બીજા શબ્દોમાં ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ જોવા મળેલા તેમના શિખર સામે ઉક્ત બંને બેન્ચમાર્કમાં અનુક્રમે ૧૩.૮૦ ટકા અને ૧૨.૯૮ ટકા સુધીનું ધોવાણ થયું છે.

વિશ્લેષકો કહે છે કે નિફ્ટી ડેન્ઝર ઝોનમાં પ્રવેશી રહ્યો છે. નિફ્ટીમાં છેલ્લી વખત સતત પાંચ મહિનાનો ઘટાડો જુલાઈ અને નવેમ્બર ૧૯૯૬ વચ્ચે જોવા મળ્યો હતો. નિફ્ટીમાં ફક્ત બે વાર પાંચ મહિનાનો ઘટાડો જોવા મળ્યો છે, જ્યારે ૧૯૯૮ અને ૨૦૦૧માં ચાર મહિનાનો ઘટાડો જોવા મળ્યો છે. રેકોર્ડ પરનો સૌથી લાંબો ઘટાડો સપ્ટેમ્બર ૧૯૯૪થી એપ્રિલ ૧૯૯૫ વચ્ચે સતત આઠ મહિનાનો રહ્યો છે.

હવે આપણે શેરબજારને ડહોળનારા મુખ્ય કેન્દ્ર બની ગયેલા અમેરિકા તરફ જોઇએ તો કન્ઝ્યુમર ડિમાન્ડમાં નરમાઈ અને ટેરિફ ધમકીઓની ચિંતાને કારણે વધેલી અને વધતી રહેતી આર્થિક અનિશ્ચતતા વચ્ચે ગ્લોબલ ઇક્વિટી માર્કેટમાં ઝટકો લાગતાં ભારતીય શેરબજાર પણ સપાટામાં આવી ગયાં છે.

એકતરફ ફેબ્રુઆરીમાં યુએસ કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ ૧૫ મહિનાના નીચલા સ્તરે પહોંચ્યો હતો, જ્યારે પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પની પ્રસ્તાવિત ટેરિફ સાથે વધુ નવા દેશોમાં ટેરિફ લાદવાની ધમકીઓને કારણે ઇન્ફલેશન વધુ વકરવાની ધારણાએ ઇક્વિટી રોકાણકારોની ચિંતામાં વધારો કર્યો છે.

ભારતના બંને મુખ્ય બેન્ચમાર્ક સપ્ટેમ્બર ૨૦૨૪ના તેમના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી અંદાજે ૧૩ ટકા જેટલા ઘટ્યા છે, કોર્પોરેટ ક્ષેત્રના નબળા પરિણામ ઉપરાંત આગળ પણ કામગીરી નબળી રહેવાની આશંકા, ટ્રમ્પ ટેરિફ ટેરરને કારણે વિદેશી સંસ્થાકીય ફંડોની એકધારી વેચવાલી અને આંતરરાષ્ટ્રીય વેપારમાં વધી રહેલી અનિશ્ચિતતાને કારણે ઇક્વિટી માર્કેટનું મોરલ સાવ ખખડી ગયું છે.

બજારના નિરીક્ષકોના મતે ચીન ફરી જોખમ બન્યું છે. ચીની શેરોમાં તીવ્ર ઉછાળો નજીકના ભવિષ્યમાં પણ અવરોધરૂપ છે. ચીની શેરબજાર આકર્ષક રહેવાને કારણે ‘સેલ ઇન્ડિયા, બાય ચાઇના’ વેપાર સૂત્ર થોડા સમય માટે ચાલુ રહી શકે છે.

તાજેતરમાં મુંબઇ સમાચાર સાથેની વાતચીતમાં નાણાં પ્રધાન નિર્મલા સીતારામન અને નાણાં સચિવે જણાવ્યું હતું કે વિદેશી ફંડો પ્રોફિટ બુકિંગ કરીને નફો કોઇ બીજા ઇમર્જિંગ માર્કેટમાં નહીં પરંતુ તેમના પોતાના દેશમાં પરત લઇ જઇ રહ્યાં છે. જોકે, એફઆઇઆઇ ચીનમાં રોકાણ વધારી રહ્યાં હોવાનું જાણવા મળ્યું છે. ભારતમાં એકધારી વેચવાલી સામે ચીનમાં તેઓ લેવાલી કરી રહ્યાં છે અને એ ટ્રેન્ડ ચાલુ રહ્યો તો તે ભારતીય રોકાણકારો માટે નુકસાનકારક બની શકે છે.

અમેરિકામાં ટેરિફના ટોરપિડોને કારણે લાંબા ગાળાના ફુગાવાની અપેક્ષાઓ વધી રહી હોવાથી, ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં અપેક્ષિત ઘટાડો થવાની શક્યતા સાવ ઘટી ગઇ છે. ખુદ અમેરિકાના બિઝનેસ લીડર્સ પણ આ સંદર્ભે ચિંતા વ્યકત કરી રહ્યા છે.

એક આશાવાદી સ્ટોક એનાલિસ્ટે જણાવ્યું હતું કે, ફેડરલ રિઝર્વ પણ આક્રમક વલણ અપનાવી શકે છે, જે યુએસ શેરબજારોને અસર કરે છે. જો આવું થાય અને યુએસ બોન્ડ યીલ્ડ ઘટવા લાગે, તો વિદેશી સંસ્થાકીય રોકાણકારો ભારતમાં વેચવાલી કરવાનું બંધ કરી શકે છે અને ખરીદી ફરી શરૂ કરી શકે છે. જોકે, નજીકના ગાળાનું દૃશ્ય અત્યંત અનિશ્ચિત છે.

વિશ્વના સૌથી મોટા અર્થતંત્રમાં ધીમી વૃદ્ધિ અને વધતી કિંમતો દ્વારા ઉદ્ભવેલા સ્ટેગફ્લેશન એટલે કે વિકાસવિહિન ફૂગાવાની પરિસ્થિતિ ભારતના, ખાસ કરીને ઇન્ફર્મેશન ટેકનોલોજી જેવા નિકાસ સંચાલિત ક્ષેત્રો માટે ચિંતાજનક સંકેત છે. સ્ટેગફ્લેશન વિદેશી રોકાણકારો માટે ભારત અને અન્ય ઊભરતાં બજારોને ઓછા આકર્ષક બનાવે છે, આથી તેઓ ડોલર અને યુએસ ટ્રેઝરી જેવી સુરક્ષિત સંપત્તિ તરફ વળવાની શક્યતા છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ફેબ્રુઆરીમાં અત્યાર સુધીમાં રૂ. ૪૨,૦૦૦ કરોડથી વધુના ભારતીય ઇક્વિટી શેરનું ચોખ્ખું વેચાણ કર્યું છે, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૪૪,૦૦૦ કરોડના શેરની ચોખ્ખી ખરીદી કરી છે. વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં એફઆઇઆઇએ અંદાજે રૂ. ૧,૨૦,૦૦૦ કરોડની ચોખ્ખી વેચવાલી કરી છે. આ ઉપરાંત ચીન તરફ વધુ લેવાલી માટે આગળ જતાં ભારતમાં વધુ વેચવાલીનો ભય છે. વ્યાપક બજારોમાં તદ્દન અનિશ્ચિત હવામાન છે. અમુક સત્રમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં સારી લેવાલી પણ જોવા મળી હતી અને ઉક્ત બંને ઇન્ડેક્સે લાર્જકેપ બેન્ચમાર્કને પાછળ પણ મૂકી દીધાં હતા. જોકે, એકંદરે નિષ્ણાતો કહે છે કે આટલા ધોવાણ બાદ પણ નાના શેરોના મૂલ્યાંકન ઊંચા હોવાથી તેમાં કશ નથી. આ વર્ગના શેરોમાં લગભગ ત્રીસેક ટકા જેટલું ધોવાણ થઇ ગયું હોવાનો અંદાજ છે. અમુક શેરમાં તો ૮૦ ટકા સુધી ધોવાણ થયું છે.

બજારના પીઢ અભ્યાસુઓ જણાવે છે કે, આપણા બજારમાં સકારાત્મક પરિબળ એ છે કે લાર્જકેપનું મૂલ્યાંકન વાજબી બન્યું છે અને નાણાકીય ક્ષેત્ર જેવા ચોક્કસ સેગમેન્ટમાં આકર્ષક બન્યું છે, જેનાથી લાંબા ગાળાના રોકાણકારોને ખરીદી કરવાની તકો મળી છે. અલબત્ત, વ્યાપક બજારમાં મૂલ્યાંકન ઊંચું હોવા છતાં, આ સેગમેન્ટમાં પસંદગીના શેરોમાં તકો મોજૂદ છે. નોંધવું રહ્યું કે આ શેરોએ રોકાણકારોને મબલખ કમાણી પણ કરાવી છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# કાશ પટેલનો કેવો છે કરિશ્મા

### ટ્રમ્પે મૂળ ગુજરાતી એવા કાશને FBIના ડિરેક્ટર કેમ બનાવ્યા? કાશની લવ સ્ટોરી પણ જાણવા જેવી છે.



કાશ પટેલ ગર્લફ્રેન્ડ સાથે



આ બોક્સ ઓફિસમાં હિટ થાય એવી સલીમ જાવેદ ટાઈપની રસપ્રદ પટકથા છે.

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના ભાદરણ ગામના રમેશભાઈ વિનોદ પટેલ ૭૦-૭૫ વર્ષ પહેલાં આફ્રિકાના યુગાન્ડા જઈને વસે છે. જોકે ૧૯૭૧માં સરમુખત્યાર ઈદી અમીન ભારતીય સમુદાયને ૯૦ દિવસમાં યુગાન્ડા છોડવાનો હુકમ આપે છે. કનડગત બાદ પરિવારસહ એમણે યુગાન્ડા છોડી દેવું પડે છે પરિવારે અમેરિકા-કેનેડા અને બ્રિટનમાં શરણાર્થી તરીકે રહેવા માટે અરજી કરી હતી. પરિવાર થોડી વાર ભારતમાં રહે છે. કેનેડાએ અરજીનો સ્વીકાર કરતાં પરિવાર કેનેડા જાય છે અને ત્યાંથી અમેરિકા જાય છે.

હવે કથામાં નાનકડો એવો ટ્વિસ્ટ ૧૯૮૦માં પરિવારમાં પુત્ર કશ્યપનો જન્મ થાય છે. અમેરિકામાં જન્મેલા સંતાનો આપમેળે અમેરિકાના નાગરિક બને છે એવા અધિકારને લીધે કશ્યપ અમેરિકન નાગરિકત્વ મેળવે છે. અલબત્ત, એ વાત અલગ છે કે અમેરિકાના પ્રમુખ અને કશ્યપના બોસ ડોનલ્ડ ટ્રમ્પે હવે અમેરિકામાં જન્મેલા બાળકોને આપમેળે નાગરિકત્વ આપવાનું બંધ કરી દીધું છે.

આ જ કશ્યપ કાયદાના સ્નાતક બને છે. હાલમાં ટ્રમ્પે કશ્યપની વફાદારીથી ખુશ થઈને એમને અમેરિકાની કેન્દ્રીય એજન્સી ‘ફેડરલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન’ (FBI)ના ડિરેક્ટર તરીકે નોમિનેટ કર્યા છે..

તાજેતરમાં સેનેટે ૪૪ વર્ષના પાટીદાર કશ્યપના નામાંકનને મંજૂરીની મહોર સાંકડી બહુમતીથી મારી હતી. એમની તરફેણમાં ૫૧ અને વિરુદ્ધમાં ૪૯ મત પડે છે. તેમના જ પક્ષ રિપબ્લિકન બે સભ્ય પણ એમની વિરુદ્ધમાં મતદાન કરે છે. આમ છતાં કશ્યપને એ બહુ પ્રતિષ્ઠિત પદ મળે છે. આ થયો પટકથાનો મોટો ટ્વિસ્ટ!

ટ્રમ્પ જે વસાહતીઓને ધિક્કારે છે અને ગેરકાયદે વસાહતીને હાથમાં કડી અને પગમાં બેડી પહેરાવીને લશ્કરી વિમાનમાં વતન મોકલાવે છે. એવા એક વસાહતીનો પુત્ર ૩૭,૦૦૦ કર્મચારી ધરાવતી અમેરિકાની ફેડરલ એજન્સીના નવમા ડિરેક્ટર બને છે. કેટલી મોટી સિદ્ધિ..! એક ભારતીય-અમેરિકન અને મૂળ ગુજરાતી પહેલી વાર FBIના ડિરેક્ટર બને છે.

કશ્યપ પ્રમોદ વિનોદ પટેલને અમેરિકામાં બધા કાશ પટેલ તરીકે ઓળખે છે- બોલાવે છે કાશ એમની ગર્લફ્રેન્ડે પકડેલી ગીતા પર હાથ રાખીને સોગંદ લે છે. એનાથી પણ બધાને સરપ્રાઈઝ થાય છે. જે કાશ FBIને ગાળો દેતા હતા એ જ કાશ હવે એફબીઆઈના વડા બન્યા છે. એમના વિદેશી મૂળ અને ટ્રમ્પના વફાદાર હોવાને લીધે એમની આ નિમણૂકની વ્યાપક ટીકા થઈ રહી છે. સામાન્ય રીતે આવી નિમણૂક થાય ત્યારે ઉમેદવારને ૭૦થી વધારે મત મળતા હોય છે, પરંતુ કાશને ડેમોક્રેટિક પાર્ટીના એક પણ સાંસદે મત આપ્યો નથી. એમના વિરોધીઓ કહે છે કે કાશ પટેલ તટસ્થ નહીં રહે અને FBIને ટ્રમ્પ કંટ્રોલ્ડ બ્યુરો બનાવી દેશે. અમુક વિરોધીઓ કહે છે કાશ પાસે આ હોદ્દા પર બેસવા જેટલા શિક્ષણ અને લાયકાત નથી.

ટ્રમ્પે પણ વારંવાર FBI પર અવિશ્વાસ વ્યક્ત કર્યો છે. ખાસ કરીને FBIએ માર-આ-લોગો રિસોર્ટમાં દરોડા પાડ્યા હતા અને ટ્રમ્પ પર એવા આક્ષેપ કર્યો હતો કે ટ્રમ્પે ગુપ્ત વર્ગીકૃત દસ્તાવેજો ગેરકાયદે પોતાની પાસે રાખ્યા હતા કાશના વખાણ કરીને. ટ્રમ્પે કહ્યું હતું કે એ ઉત્કૃષ્ટ વકીલ, તપાસકર્તા અને અમેરિકા ફર્સ્ટના લડવૈયા છે.

અલબત્ત, કાશની નિમણૂક કરી એની પાછળ ટ્રમ્પ્પનો સ્વાર્થ પણ છે. જો બાઈડેનના શાસનમાં ટ્રમ્પ સામે અનેક ફોજદારી કેસ થયા હતા અને આમાં કાશે એમને મદદ કરી હતી. ટ્રમ્પનો જોરદાર બચાવ કર્યો હતો. કાશ પટેલ પણ ટ્રમ્પની જેમ FBIના વિરોધી છે. ટ્રમ્પ સામે ‘ડીપ સ્ટેટ’ કાવતરા કરે છે.‘ ડીપ સ્ટેટ’ નો અર્થ કથિત ગુપ્ત નેટવર્ક જેમાં બિન ચૂંટાયેલા સરકારી અધિકારીઓ અને ખાનગી એન્ટિટીનો સમાવેશ થાય છે અને આ ડીપ સ્ટેટ શાસક સામે કાવતરા કરે છે. કાશે ડીપ સ્ટેટ સામે ‘ગવર્નમેન્ટ ગેંગસ્ટર્સ’ નામનું પુસ્તક પણ લખ્યું છે.

ટ્રમ્પ કહે છે કે કાશ પટેલ એજન્સીની નિષ્ઠા, બહાદુરી અને પ્રમાણિકતા પાછી સ્થાપિત કરશે. ટ્રમ્પે એવી આશા વ્યક્ત કરી છે કે કાશ પટેલના નેતૃત્વ હેઠળ FBI ગુનાની મહામારીને તોડી નાખશે સરહદ પરથી માનવ અને ડ્રગ્સની તસ્કરી રોકશે.

કાશ પટેલે સંકટના સમયે પણ ટ્રમ્પનો સાથ છોડ્યો નથી. ટ્રમ્પના ફોજદારી ખટલા વખતે કાશ એમની સાથે જ હતા. કાશે કહ્યું હતું કે ટ્રમ્પ ગેરબંધારણીય સર્કસના પીડિત છે.

૨૦૨૦ના પરિણામને ઉલટાવાના આરોપ ટ્રમ્પ પર મુકાયા હતા. ૬ જાન્યુઆરી, ૨૦૨૧માં ટ્રમ્પના ટેકેદારોએ ન્યૂ યોર્કમાં રમખાણો કર્યા હતાં. કાશ એ વખતે તત્કાલિન સંરક્ષણ પ્રધાનના સ્ટાફના વડા હતા. કાશે જુબાની આપી હતી કે ટ્રમ્પે હુમલા પહેલાં ૧૦,૦૦૦થી ૨૦,૦૦૦ જવાનોને તૈનાત કર્યા હતા. અલબત્ત, કોલારાડો કોર્ટે ત્યારે કહ્યું હતું કે કાશ એ વિશ્વસનીય સાક્ષી નથી. અમેરિકાની સેનેટના ૨૦૨૦ના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે રશિયાએ ૨૦૧૬ની ચૂંટણીમાં ટ્રમ્પને આક્રમક રીતે મદદ કરી હતી.

કાશની સોગંદવિધિ વખતે એમની ગર્લફ્રેન્ડ એલેક્સિસ વિલ્કિન્સન છવાઈ ગઈ હતી. સફેદ વસ્ત્ર પરિધાન કરનાર એલેક્સિસ કાશે સોગંદ લીધા ત્યારે ગીતાનું પુસ્તક પકડ્યું હતું. એલેક્સિસ કહે છે કે ‘કાશ પ્રમાણિક -વફાદાર- ભલો અને દરકાર લેનારો ઈન્સાન છે... ટ્રમ્પે મને પૂછ્યું હતું કે કાશ વફાદાર છે? ત્યારે મેં હા પાડી હતી. મને તેની નિમણૂકની વાત ખબર પડી ત્યારે મેં ત્રણ જ શબ્દો કહ્યા હતા : ‘આઈ એમ ગોના ક્રાય. હું રડી પડીશ !’.

એલેક્સિસ ગાયક- લેખક અને કોમેન્ટેટર છે. એ પણ ટ્રમ્પની ટેકેદાર છે. પક્ષના કાર્યક્રમમાં જ એ બન્નેની મુલાકાત થઈ હતી ને પ્રથમ દૃષ્ટિએ પ્રેમ થયો હતો. એણે પ્રેસ સેક્રેટરી તરીકે જોબ લીધી છે, જેથી કાશ સાથે વોશિંગ્ટનમાં રહી શકે.


કાશ કહે છે કે એક સામાન્ય બાળક તરીકે મારું સ્વપ્ન અમેરિકા આવવાનું હતું. આ સ્વપ્ન સાકાર થયું છે.

FBIના વડા બનવાથી મને સર્વોત્તમ ગૌરવ મળ્યું છે. કાશ FBIના કમર્ચારીઓ અને અધિકારીઓને વોશિંગ્ટન બદલે બીજા શહેરની ઓફિસમાં મોકલવા માંગે છે. કાશ પત્રકારોને કહે છે કે તમે મારે માટે નકારાત્મક અને બદનક્ષીભરી વાતો લખવાનું ચાલુ રાખો. મને કોઈ ઓબ્જેક્શન નથી. જોકે તમે મારા મહિલા અને પુરુષ અધિકારીઓ વિશે કશું એલફેલ લખતા નહીં. કાશ પટેલ ભગવાન શંકરના ભક્ત છે. ભાદરણના પનોતા પુત્રે એની કલગીમાં વધુ એક પીછું ઉમેર્યું છે. ■




પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# આઝાદ ભારતનું પ્રથમ સ્કેમ એટલે જીપ કૌભાંડ



વી. કે. કૃષ્ણ મેનન



૧૯૪૭ની પંદરમી ઓગસ્ટ વિભાજનની ભયંકર વેદના છતાં દેશવાસીઓની આંખમાં એકદમ તાજ્જાં સપના હતાં. પોતાની સરકાર, દેશી નેતૃત્વના આગમનથી હર્ષોલ્લાસ હતા. ઉમંગ, આશા, આનંદ, અપેક્ષાના તોતિંગ મોજામાં સૌ ભીંજાતા હતા. મન, મસ્તક અને માહોલમાં એક જ લાગણીનો કોરસ ગુંજતો હતો-

દુ:ખ ભરે દિન બીતે રે ભૈયા,
અબ સુખ આયો રે
રંગ જીવન મેં નવા લાયો રે...

એક તરફ અંગ્રેજોનો ગંદવાડ ઉલેચવાનો હતો. પ્રજાની આંકાક્ષાને મૂર્તિમંત કરવાની હતી પણ છૂટા પડેલા પાકિસ્તાનને બાલ્યાવસ્થામાં જ હાથમાં ચળ ઊપડી હતી. એણે ભારત સામે સત્તાવાર અને બિનસત્તાવાર યુદ્ધ છેડી દીધા હતા.

૧૯૪૭-૪૮ના ભારત-પાકિસ્તાન યુદ્ધ વચ્ચે ભારતીય લશ્કરને શસ્ત્રો અને જીપની જરૂર પડી. આ સ્વાભાવિક છે કારણ કે દેશનું જેમ લશ્કર નવું હતું અને હજી તો સ્થિર થાય કે કંઈ સમજ પડે એ અગાઉ પોતાનાં અસલી પાકિસ્તાને રંગ બતાવ્યો હતો. આને લીધે બ્રિટન સ્થિત હાઈ કમિશનર વેંગાલીલ કૃષ્ણન કૃષ્ણ મેનન (૩મે, ૧૮૯૬, ૬ ઓક્ટોબર, ૧૯૭૪)ને શસ્ત્રો-જીપ ખરીદીની જવાબદારી સોંપાઈ. હકીકતમાં કોઈ દેશ કે શાસન વ્યવસ્થામાં હાઈકમિશનરને આવી સત્તા નહોતી.

પરંતુ આ બધાની ઝાઝી પરવા કર્યા વગર વી. કે. કૃષ્ણ મેનન એકદમ સ્ફુર્તિ સાથે સક્રિય થઈ ગયા. આ ભાઈ વચ્ચે ભૂતકાળમાં સ્વાતંત્ર્ય સૈનિક ઉપરાંત રાજકારણી અને વકીલ રહી ચૂકયા હતા. મેનને તો યુદ્ધની ઝડપે ઓર્ડર આપી દીધા. આ ઓર્ડર કોને, કઈ શરતે આપ્યા એનો હોબાળો સ્વતંત્ર ભારતના કૌભાંડયુગનો જનક બનવાનો હતો, એવું તે શું થયું હતું આ ફર્સ્ટ સ્કૅમ ઑફ ઈન્ડિયામાં?

વી. કે. કૃષ્ણ મેનને લંડનમાં બેઠા-બેઠા બ્રિટનની વિવાદાસ્પદ કંપનીઓ સાથે પોતે જ કરાર પર સહી-સિક્કા કરી નાખ્યા. આંતરરાષ્ટ્રીય શસ્ત્ર સોદાની એકેય ઔપચારિકતા પૂરી કર્યા વગર આ કરાર થયા હતા. સ્વાભાવિક છે કે એક હાઈ કમિશનર કોઈ રાજકીય પીઠબળ કે મોટા નેતાના ઈશારા વગર આટલી મોટી ગુસ્તાખી કરવાનું સપનામાં ય વિચારે નહીં.

હકીકતમાં એ સમયે અમેરિકા કે કેનેડામાંથી સારી ગુણવત્તાવાળી અને પ્રમાણમાં સસ્તી જીપ મળી શકી હોત. પરંતુ મેનને તો જીપ બ્રિટનની કંપની સાથે જીપ ખરીદવાના રૂા. ૮૦ લાખ (આજે આ રકમ ચણા મમરા જેવી લાગે પણ ત્યારે નાનીસુની નહોતી જ. એક દાખલો આપું: ત્યારે દશ ગ્રામ સોનાનો ભાવ રૂા. ૮૮.૬૨-હા, અઠ્યાસી રૂપિયા ને બાંસઠ પૈસા-હતો)નો સોદો કરી નાખ્યો. સાવ અજાણી એવી એન્ટિ મિસ્ટાન્ટેસ કંપનીને આ ઓર્ડર અપાયો, ત્યારે એની કેપિટલ માત્ર ૬૦૫ પાઉન્ડ હતી.

મેનને દાવો એવો કર્યો હતો કે આ કંપની આપણને જીપ સાથે સ્પેરપાર્ટસ પણ આપશે એટલે એની પસંદ કરાઈ છે. કોઈ પણ જીપ કે એની ગુણવત્તા અંગેના પ્રમાણપત્રોની ચોકસાઈ કર્યા વગર મેનને એ કંપનીને ઓર્ડરની કુલ રકમના ૬૫ ટકાની આગોતરી ચુકવણીની તૈયારી બતાવી. બાકીની ૨૦ ટકા રકમ જીપના નિરીક્ષણ બાદ અને અંતિમ હપ્તો ડિલિવરી પર ચુકવવાનું નક્કી થયું હતું. આ સાથે કંપનીએ આપેલી ૧૦ ટકા જીપની ચકાસણી કરવાની પણ શરત મુકાઈ હતી.

હા, એક મુદ્દો રહી ગયો. નવી નહીં પણ રિફબીશડ એટલે કે સેકન્ડ હેન્ડ કે સમારકામ થયેલી જીપ ખરીદવાનો આ સોદો કરાયો હતો. ખેર, પહેલા લોટની ૧૫૫ જીપ ભારત આવી પણ સંરક્ષણ મંત્રાલયે એ સ્વીકારવાનો સ્પષ્ટ નનૈયા ભણી દીધો. કારણ એટલું જ કે સાવ નકામી ૧૫૦૦ જીપના સોદામાંની આ ૧૫૫ જીપનો પહેલો લોટ કેવો હતો? એ બંદરથી ગેરેજ પહોંચવાની ક્ષમતા ય ધરાવતી નહોતી, તો પછી યુદ્ધમાં કેટલી ઉપયોગી થઈ શકે? સંરક્ષણ મંત્રાલયે સ્વાભાવિક કારણોસર જીપ ન સ્વીકારી તો ભોંઠા પડીને ક્ષમા માગવાને બદલે કંપનીએ બાકીની જીપ મોકલવા પર બ્રેક મારી દીધો.

બચાડા મેનનની હાલત કફોડી થઈ કારણકે એ કંપનીનો સંપર્ક જ સાધી શકતા નહોતા. અંતે મેનને એસ.સી.કે. એજંસીઝ સાથે ૧૦૦૭ જીપના સોદા માટે કરાર કર્યો. આમાં એવું નક્કી થયું હતું કે ભારતને દર મહિને ૬૮ જીપની ડિલિવરી મળશે અને આ જૂની કંપની સાથે થયેલા નુકસાનનું વળતર નવી કંપનીના સોદામાં ભારત સરકારને ચુકવી અપાશે.

આ જાદુ કેવી રીતે થયો હશે? જૂની કંપની ૩૦૦ પાઉન્ડમાં જીપ વેચવાની હતી, જેના માટે નવી કંપની ૪૫૮ પાઉન્ડ લેવાની હતી. વળી, મેનને કરારમાં એક નવો ફેરફાર સ્વીકાર્યો કે છ મહિના સુધી દર મહિને ૧૨-૧૨ જીપ મોકલશે. પછી દર મહિને ૧૨૦-૧૨૦ જીપ અપાશે.

અને નવો સોદો સાંગોપાગ પાર પડ્યો ખરો? ના, આ નવી કંપનીએ બે વર્ષમાં માત્ર ૪૯ જીપ જ પૂરી પાડી અને ભારતને કાણી કોડીનું ય વળતર ચુકવવાનો ઈનકાર કરી દીધો અને બ્રિટન સરકારે શું કહ્યું? બીજા વિશ્વ-યુદ્ધ પેટે બ્રિટને ભારત પાસેથી રકમ વસૂલવાની હતી. એ આ જીપના સોદામાં વળી ગઈ.

આ હતો આઝાદ ભારતનું પ્રથમ કૌભાંડ આમાં એક માત્ર નામ વી. કે. કૃષ્ણ મેનનનું ઉછળ્યું હતું.

નવીસવી લોકશાહીમાં કૉંગ્રેસનો દબદબો હોય એ સ્વાભાવિક છે. લોકસભામાં ૨૨ પક્ષના પ્રતિનિધિ હતા પણ ગૃહની ૪૮૯માંથી કૉંગ્રેસની તાકાત ૩૬૪ સભ્યોની હતી. આ સંજોગોમાં જીપ કૌભાંડનું શું થયું? વી.કે. કૃષ્ણમેનનને કેવી રીતે કેટલી સજા થઈ?

ભારતીય કૌભાંડની જનની જેવા જીપ સ્કૅમનો ઉતરાર્ધ જાણીએ આવતા અઠવાડિયે.

(ક્રમશઃ)■

**મુખવટાની પાછળ**

*ચીનમાં ઉચ્ચ સ્તરીય ભ્રષ્ટાચારને ‘તાનવુ’ અર્થાત ઘૃણિત પાપ કહે છે.*

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**ઔર યે મૌસમ હંસીં...**

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# સળગતી આગને નહીં, પણ ઠંડી પડેલી રાખને લોકો રગદોળે છે

છઠ્ઠી સદી સુધી ભારત પર શકો અને હૂણોના અસંખ્ય હુમલા થયા હતા. લાંબા સુવર્ણયુગ પછી ભારતીય પરંપરામાં વિલાસ અને વૈભવ હાવી થવા લાગ્યો હતો. એક સંશોધન મુજબ એ સમયગાળામાં મહાન રાજા યશોવર્માએ હૂણોનાં રાજા મિહિરકુળને હરાવ્યો, યશોવર્મામાં અર્જુન જેવું કૌવત દેખાતાં મહાન કવિ ભારવિએ એક અદભુત રચના લખી. ભારતીયોને આત્મસન્માન માટે જગાડવા જરૂરી હતાં એ સમયે 'કિરાતાર્જુનીય' નામનું મહાન કાવ્ય લખવામાં આવ્યું.

આજે આપણે કવિ ભારવિએ લખેલા મહાકાવ્ય કિરાતાર્જુનીયની વાત કરવી છે. ભારતીય પરંપરામાં શ્રેષ્ઠ સંસ્કૃત રચનાઓમાં તેની ગણતરી થાય છે. ભગવાન શિવ પર અનન્ય શ્રદ્ધા ધરાવતા તથા દક્ષિણ ભારતીય ગણાતાં કવિ ભારવિ પલ્લવ રાજા વિષ્ણુવર્ધનના સમકક્ષ હતા. કિરાતાર્જુનીયની કથા મહાભારતની નાનકડી ઘટના પરથી લેવામાં આવી છે. આ કલ્પનાને શબ્દદેહ આપીને અઢાર સર્ગમાં વહેંચી છે.

મહાભારતમાં એક પ્રસંગ છે, જેમાં ભગવાન શિવ અને અર્જુન વચ્ચે યુદ્ધ થાય છે અને ભગવાન શિવ અર્જુનની ધીરજની પરીક્ષા લે છે. આ પ્રસંગને નવું સ્વરૂપ આપીને સુંદર કથા આલેખવામાં આવી છે.

આધુનિક તણાવભર્યા યુગમાં આ ભારતીય કથા મેનેજમેન્ટના અનેક લેશન શીખવી જાય છે. સંસ્કૃત સાહિત્યનાં ઘણાં પુસ્તકોમાં લખાયેલી આ કથા અલગ અલગ રીતે રજૂ કરવામાં આવી છે. મહાભારતમાં જુગટું હારીને યુધિષ્ઠિર તેમજ એના ભાઈઓ અને દ્રૌપદી વનમાં ભ્રમણ કરી રહ્યાં હતાં. એ સમયે એક દૂત આવીને દુર્યોધનના સમાચાર આપે છે. દ્રૌપદી પાંડવોની દરિદ્ર હાલત વિષે વાત કરે છે અને દુર્યોધન સાથે યુદ્ધ કરવાની સલાહ આપે છે. બીજી તરફ, ભીમ પણ દ્રૌપદીને સમર્થન આપે છે અને એ તત્કાલ યુદ્ધ કરવા તૈયાર થઇ જાય છે. યુધિષ્ઠિર તત્કાલ યુદ્ધ કરવા તૈયાર થતાં નથી.

આ કથામાં યુધિષ્ઠિર ત્વરિત યુદ્ધ કરવાની ના પાડતા સલાહ આપે છે કે ઉતાવળે કરેલો નિર્ણય આફતોનું કારણ હોય છે. યુધિષ્ઠિરનું માનવું છે કે યુદ્ધ થવાનું જ છે પણ આપણે વધારે સારી તૈયારીઓ કરવી જોઈએ. આ તૈયારીઓ માટે મહર્ષિ વ્યાસજી અર્જુનને હિમાલય જવાની આજ્ઞા આપે છે અને અર્જુન એક યક્ષની સહાયથી હિમાલયના






ઇન્દ્રનીલ પર્વત પહોંચે છે. જયારે આફત મોટી હોય ત્યારે દુશ્મનની જાળમાં ફસાવા કરતાં પોતાની તૈયારીઓ પર ભાર મુકવાની વાત આજે દેશ અને દુનિયાએ શીખવાની જરૂર છે.

અહીંથી કથા આપણી આજની ભાષામાં કહીએ તો ટ્વિસ્ટ આવે છે કથા બદલાય છે અને અર્જુનની આસપાસ ફરે છે. હિમાલયમાં શરદ ઋતુની વાતની વિગતે વર્ણન લખવામાં આવી છે. અર્જુન પોતાની સાધનામાં આગળ વધે છે, પોતાના માનસપુત્ર એવા અર્જુનની પરીક્ષા લેવા માટે ઇન્દ્ર સ્વર્ગમાંથી અપ્સરાઓ અને ગંધર્વોને મોકલે છે. અર્જુનને અપ્સરાઓ પોતાની તરફ આકર્ષવા પ્રયત્ન કરે છે . એની સામે ગંધર્વો સાથે પ્રેમલીલા રાચે છે. આ બધાનું કવિ ભારવિએ અદભુત વર્ણન કર્યું છે. અહીં શીખવું જોઈએ કે પોતાનો ધ્યેય પ્રાપ્ત કરતી વેળા લાલચો આપવામાં આવે તો પણ લક્ષ્યને વળગી રહેવું જોઈએ. અર્જુન મનમાં વિકાર લાવ્યા વગર પોતાના ધ્યેયને વળગી રહે છે. સ્વર્ગનો રાજા ઇન્દ્ર પણ અર્જુનની પરીક્ષા લેતાં યુદ્ધનો મોહ છોડીને મોક્ષ માટે ધ્યાન કરવાનું કહે છે ત્યારે અર્જુન સ્પષ્ટ જવાબ આપે છે કે મને મોક્ષમાં કોઈ રસ નથી, મારે હથિયાર જોઈએ છે. મારું તપ પાંડવોને યુદ્ધમાં શક્તિશાળી બનાવવા માટે છે. આ જવાબ સાંભળીને ઇન્દ્ર તેને ભગવાન શિવની આરાધના કરવા જણાવે છે. અર્જુનના તપને કારણે હિમાલયમાં હલચલ મચી જાય છે અને ઋષિમુનિઓ દેવાધિદેવ મહાદેવને ફરિયાદ કરે છે. ભગવાન શિવ કિરાતનો વેશ ધારણ કરીને અર્જુનના ધૈર્યની પરીક્ષા લેવાનું નક્કી કરે છે. કોર્પોરેટ જગતમાં ટકી રહેવા પોતાના કામ માટે એટલી મહેનત કરવી જોઈએ કે સૌથી સિનિયર વ્યક્તિ સુધી તમારી ફરિયાદ થવી જોઈએ અને સિનિયર વ્યક્તિને પણ તમારી નિષ્ઠાની તપાસ કરવા માટે આવવું પડે.

મૂક નામનો દાનવ અર્જુન સાથે યુદ્ધ માટે આવે છે અને અર્જુન તેને બાણ મારે છે અને એ જ સમયે ભગવાન શિવ કિરાતના વેશમાં દાનવને બાણ મારે છે. અર્જુન અને કિરાત વચ્ચે વાગ્યુદ્ધ થાય છે કે દાનવને કોણે માર્યો?

વાત વણસતા બંને વચ્ચે યુદ્ધ થાય છે અને અર્જુન તમામ પ્રકારના આયુધ વાપરે છે. કિરાત પર કોઈ આયુધની અસર થતી નથી અને અર્જુન સમજી જાય છ કે આ ભગવાન શિવ છે. ભગવાન પાસે માફી માગે છે અને ભગવાન શિવ એને પાશુપાત્ર આયુધ આપે છે જે કોઈ માનવ પાસે નથી.

કિરાતાર્જુનીય મહાકાવ્ય એ તમામ રસને જોડીને અંતે વીરતાની વાત કરે છે. મહાકાવ્યમાં અનેક બેસ્ટ ક્વોટ અવતરણ છે. જો આ કથનનો જ અભ્યાસ કરવામાં આવે તો જીવનમાં કોઈ મૂંઝવણ સતાવે નહિ. એક સ્થાને લખ્યું છે કે સમૃદ્ધિ પામવા વીરતા જરૂરી છે. લક્ષ્મી અને શ્રી શબ્દનો ભરપૂર ઉપયોગ કરનારા ભારવિએ લખ્યું છે કે જે બીજાને દાન આપી શકવાની હિમ્મત રાખતો હોય એની પાસે લક્ષ્મી વસતી હોય છે. સળગતી આગને નહીં, પણ ઠંડી પડેલી રાખને લોકો રગદોળે છે. રાજાઓની વીરતા માટે ભારવીએ લખ્યું છે કે શત્રુઓ તરફ શાંત રહેનારા મુનિ બનીને સિદ્ધિ મેળવી શકે છે, પણ એ રાજા બની શકતા નથી.

ભારવિ માટે એક કથા એવી છે કે એ અત્યંત ગરીબ સ્થિતિમાં હતા અને તળાવના કિનારે એક શ્લોકની રચના કરે છે. આ શ્લોક રાજાને આપી દે છે, જેમાં કોઈ પણ નિર્ણય લેતાં પહેલા ધીરજ ધરવી જોઈએ એવો ઉલ્લેખ હતો. એકવાર રાજા શિકાર માટે લાંબા સમય માટે બહાર જાય છે. અચાનક રાત્રે મહેલમાં આવીને જુએ છે કે એની પત્ની કોઈ યુવાન સાથે શયનખંડમાં હતી. રાજાને ગુસ્સો આવે છે અને તલવાર કાઢે છે, ત્યાં પેલા શ્લોક પર નજર પડતાં રાણીને ઉઠાડે છે. રાણી ખુશ થતાં રાજાને કહે છે કે એમનો ખોવાયેલો પુત્ર આજે મળી આવ્યો છે. રાજાને પોતાના વિચાર માટે ખેદ થાય છે. કવિ ભારવિને શોધીને ધનવૈભવ આપવામાં આવે છે. જો કે વિદ્વાનો આ કથાના તથ્ય સાથે સહમત નથી. ■

**ધ એન્ડ**

*જેને અન્યાય જોઈને ગુસ્સો આવતો ના હોય એ તમારો દોસ્ત હોય કે દુશ્મન એનાથી કોઈ ફેર પડતો નથી. (કવિ ભારવિ)*

**ઊડતી વાત**

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# ઘટેલા ભાવથી થનારી અધધધ બચતનું શું કરવું?

## અમારા રાજુ રદીને મૂંઝવે છે આ પ્રશ્ન




'ઘટાડો.' એટલું જ વંચાયું. ન્યુફાઉન્ડલેન્ડના દરિયામાં ઠંડા અને ગરમ પાણીના પ્રવાહ એકમેકમા ભળે છે એટલે ત્યાં ધુમ્મસ રચાય છે.કારમાં એસી ચાલુ હોય અને કાર બંધ કરી તમે બહાર નીકળો એટલે ચશ્માં પર ઑસ જામી જાય. તમે ચશ્માંની આરપાર જોઇ ન શકો. બધું જ ધૂંધળું દેખાય.

'ઘટાડો.' શબ્દ વાંચીને આવું જ કાંઇક લાગ્યું .

મેં આંખ ચોળી. ઠંડું પાણી આંખ પર છાંટ્યું. વાઇપર જેમ ગાડીનો કાચ લૂંછે તેમ મેં રૂમાલથી ચશ્માના કાચ લૂંછ્યા.મને મારી આંખ પર વિશ્વાસ ન થયો.

અરે, યાર કેવી રીતે વિશ્વાસ બેસે ? આજદિન સુધી આવું થયું નથી. ઘણીવાર ખુલ્લી આંખે ધોખો થાય છે, જેમ કે લગ્ન.

હું રાજુના ઘરે ગયો. રાજુને આજનું છાપું ધર્યું.

'ભાવમાં ઘટાડો.' રાજુએ વાંચ્યું. રાજુના ચહેરા પર અસમંજસ્યના ભાવ પથરાયા.. રાજુ સંમોહન થયું હોય તેમ ચકળવિકળ નજરે છાપાને નિહાળતો હતો. રાજુ માથું નકારમાં હલાવતો હતો.જગત મિથ્યા હોય તો આ સમાચાર પણ મિથ્યા જ હોય એમ .

અમને બંનેને દ્રષ્ટિભ્રમ થયો હશે કે શું? અમે બંને મુઝાઇએ ત્યારે રાધારાણીના ચરણશરણે જઇએ. રાધારાણીને છાપું ધર્યુ. સમાચાર વાંચવા કહ્યું.

'હેં આ સાચું છે ગિધુડા ?'

(રાધારાણી મને પ્રેમમાં અને ગુસ્સામાં પણ 'ગિધુડા' તરીકે સંબોધન કરે છે.) આવું તો કદી બન્યાનું મારી સાંભરણમાં નથી.' રાધારાણીએ પણ સંશય કર્યો. જેને છાપું વંચાવું તે અચંબો પામી જાય છે. સમાચાર જ સાલ્લા એવા છે કે કિન્નરે પુત્રને જન્મ આપ્યો. કોઇ માની જ ન શકે!

'રાધાભાભી, તમે સાચું કહો છો. 'વા ફરે વાદળ ફરે, ફરે નદીના નીર, વધેલા ભાવ ઘટે નહીં, ભલે ઉત્તર દક્ષિણ ઊગે સૂર' તેમ અમસ્તું કહેવાયું છે? 'રાજુએ મમરો મુકયો.'

'જેમ ૨૦૨૪ ના વરસમાં જીવેલી જિંદગી ૨૦૨૫ની સાલમાં પરત લાવી શકાય નહીં તેમ વધેલા ભાવને જીનની જેમ પાછો ચિરાગમાં લાવી શકાય નહીં. શરીર છોડી ગયેલો આત્માને ખોળિયામાં મારી મચડીને પાછો લાવી શકાય નહીં તેમ વધેલા ભાવ કદાપિ ઘટે નહીં.' રાધારાણીએ કહ્યું.

'આપણને આઝાદી મળી ત્યારે એક ડૉલર બરાબર ચાર રૂપિયા હતો. આજે એક ડૉલરનો ભાવ ૮૬.૭૦ થયેલ છે. હવે ચાર રૂપિયા બરાબર એક ડોલર કેવી રીતે થઇ શકે?' મેં ભાવ વધારાના વિષચક્રને વર્ણવ્યું.

'ગિરધરલાલ, આઝાદી સમયે એક તોલા સોનાનો ભાવ અઠયાંશી રૂપિયા હતો. આજે એક તોલા સોનાનો ભાવ ૮૩૦૦૦ રૂપિયા છે. સોનાનો ભાવ ૯૪૩૧૮% વધ્યો છે.. સોનાનો ભાવ ઘટીને અઠયાંશી રૂપિયા કદી ન થાય.' રાધારાણીએ કુશળ અર્થશાસ્ત્રીની જેમ વિગત શેર કરી.

'રાજુ, હિમાલય પર્વત પરથી ઊતરેલી ગંગા નદી પાછી કદાપિ હિમાલય પર પરત ફરતી નથી.. ધનુષ્યમાંથી છૂટેલ બાણ પરત આવતું નથી. બોલેલા શબ્દો પાછા મોમાં પરત ફરી શકતા નથી તેવી જ રીતે તૂટેલ મન-મોતી કે કાચ સાંધી શકાતા નથી . મસાણે ગયેલા મડદા મસાણેથી પાછા આવતા નથી. બસ, એમ જ વધેલા ભાવો પણ ક્યારેય ઘટતા નથી.' મેં રાજુને વધેલા અફર ભાવોની સ્થિતિ દાખલા સહ સમજાવી.

'ગિરધરલાલ, ખાતર, ગેસ સિલિન્ડર, ચાંદી, ટમેટા , ડુંગળી, લસણ, કોથમીર, મરી મસાલા, સૌંદર્ય પ્રસાધન, સોનું , ચાંદી, મકાન, ફલેટ.. ગમે તે આઇટમનું નામ લો. એના વધેલા ભાવો ઘટ્યા હો તો મને કહો.' રાજુએ મને ચેલેન્જ આપી.'

'રાજુ, આ દૂધનો ભાવ ઘટાડો એ એક મિરેકલ એટલે કે ચમત્કાર છે' મે રાજુને અજાયબી જેવા અજનબી સમાચાર જણાવ્યા.

'ગિરધરલાલ, કેટલાક દૂધની ડેરીવાળા જબરા ચાલાક હોય છે. દૂધની કોથળીમાં એકાદ-બે રૂપિયાનો કમરતોડ વધારો કરી ગૃહિણીઓના બજેટને ખોરવી નાંખે. છતાં પણ, ભાવ વધારાની યાદીમાં ભાવ વધારો શબ્દ લખવાની જગ્યાએ ભાવ સુધારો કરી જનતાને છેતરે . કોઇ ઠોઠ નિશાળિયાને વાર્ષિક પરીક્ષાના પરિણામપત્રકમાં નાપાસને બદલે 'ઇમ્પ્રુવન્નટ ઇઝ રિકવાયર્ડ' જેવા ફૂલ ગુલાબી શબ્દો લખે . 'રાજુએ મને દૂગ્ધાયણની મુગ્ધાયણ સંભળાવી.

'ગિધુડા, ડેરી સંચાલકો શિયાળા કે ઉનાળામાં લીલા પશુચારા, ખાણદાણના ભાવ વધે તો દૂધના ભાવ વધારે તે સમજી શકાય. પશુ ઉત્પાદકોને દૂધના પ્રોત્સાહક ભાવ આપવાની લ્હાયમાં ગ્રાહકેને અસ્ત્રા વિના મૂંડી નાખે . ચોમાસામાં લીલો પશુચારો વિપુલ માત્રામાં મળી રહે ત્યારે ભાવ ઘટાડવાનું વિચારે તો એમના પરમ પૂજય પિતાશ્રી વૈકુંઠલોકે જતા રહે? જાહેરાત ન આપે તો દૂધની કોથળી પાંચ રૂપિયાના ઓછા ભાવે વેચે તો ખોટ ન જાય' રાધારાણીએ ગૃહિણી તરીકેની ભડાશ નિકાળી.

'ગિરધરલાલ, પેલી દૂધ કંપની એ તો કમાલ કરી નાખી. છેલ્લા આઠ વરસમાં સોળ રૂપિયાનો વધારે જંગી વધારો કરીને કરોડો રૂપિયા ગ્રાહકના ખિસ્સા પર બ્લેડ મારીને સેરવી લીધા.હવે ગાડાના પૈડાં જેવા એક રૂપિયાનો માતબર ઘટાડો કર્યો છે.'

રાજુએ મને છાપામાં પ્રગટ થયેલ સમાચાર મોટેથી ફરી સંભળાવ્યા. એરણની ચોરી કરી સોયનું દાન કરનાર સદેહે સ્વર્ગે જવા વિમાનની રાહ જુવે તેવું ગિમિકસ કર્યું છે.

કહે છે કે આ ભાવ ઘટાડાનો લાભ પાંચસો મિલિલિટરની કોથળીનો વપરાશ કરનારને નહીં મળે. આનો લાભ લિટર દૂધ લેનારને જ મળશે. ટૂંકમાં 'ચકલી મોટીને ફૈડકો નાનો' જેવું કર્યું.

અમારા રાજુ રદીએ રોજના એક રૂપિયાની બચતની મહિના, વરસ પ્રમાણે ગણતરી કરી મર્સિડીઝ બેન્ઝ કાર ખરીદવા,આલીશાન વિલા લેવા તેમજ તૃપ્તિ ડમરી સાથે લગ્ન કરી ચાર્ટર વિમાનમાં હનીમૂન કરવાનો માઇક્રો પ્લાન પણ ઘડી કાઢ્યો છે.

વાંચક બિરાદરો,તમે દૂધના ઘટેલા ભાવથી થનારી લાઇફટાઇમ બચતમાંથી કશોક ખર્ચ કરવાનો કંઇ પ્લાન બ્લાન કર્યો છે કે નહીં? જો પ્લાન કર્યો હોય તો પણ કોઈને જણાવશો નહીં, કેમ કે ડેરી વાળા પાછા દૂધના ભાવમાં કયારે વધારો કરી નાંખશે એ કહેવાય નહીં.■

**તસવીરની આરપાર**

____ભાટી એન.
feedback@bombaysamachar.com

# માણો, મહાકુંભની તસવીરી ઝલક...

આજે મહાશિવરાત્રી છે. એટલે ભારતભરમાં શંકર ભગવાનની સ્તુતિ થાય તેના દર્શન કરવા લાખો લોકો (શ્રદ્ધાળુ) સોમનાથ જશે તો જૂનાગઢમાં પણ ગીરનારની તળેટીમાં ભવનાથ મંદિર પરિસર આગળ ભવ્યતાતિભવ્ય સાધુ, સંતો, દિગંબર સાધુની રેવાળી પણ જોવા જેવી હોય છે.

મહાશિવરાત્રીએ મૃગીકુંડમાં દિગંબર સાધુનું શાહીસ્નાન બાદ મેળો પૂર્ણ થાય છે. પણ આજે મહાશિવરાત્રીએ પ્રયાગરાજ ખાતે તા. ૧૪-૧-૨૫થી તા. ૨૬-૨-૨૫ સુધી મહાકુંભમાં લગભગ સિતેર કરોડ શ્રદ્ધાળુઓએ શાહીસ્નાન કરી ઈતિહાસ રચી દીધો છે! સનાતન હિન્દુ ધર્મનો ઐતિહાસિક ઉત્સવ ભારત વર્ષમાં સુવર્ણ અક્ષરે અંકિત બની રહેશે. એક જ સ્થળે સિતેર કરોડ શ્રદ્ધાળુઓ ત્રિવેણી સંગમ કિનારે સ્નાન કરે તે જ હિન્દુ ધર્મની આસ્થા બુલંદ થઈ છે. ને આના આયોજનમાં ભારત સરકારના સહયોગથી યુ.પી. સરકારના યોગી આદિત્યનાથનું સુચારૂ આયોજન પણ દેખાતું હતું.


૧૪૪ વર્ષે આવતા મહાકુંભના સાક્ષી બનવા કરોડો સનાતન ધર્મીઓ પ્રયાગરાજ ગયાને ગંગા, જમના, સરસ્વતિના ત્રિવેણી સંગમ કિનારે સ્નાન કરી પુણ્યનું ભાથું બાંધેલ છે. પ્રયાગરાજ ખાતે લગભગ ૧૦ જેટલા પ્લેટફોર્મ બનાવેલ છે. અને આર.પી.એફ. પોલીસ ખડેપગે છે. પ્લેનમાં જવા માટે અસંખ્ય શ્રદ્ધાળુ આવે છે. પગ મુકવાની જગ્યા નહીં તેમ છતાં રેલવે પ્રશાસનનું અતિસુંદર સુચારૂ આયોજન. બહાર કુંભમેળાની વિરાટકાય તસવીરો મનમોહક હતી. તો બીજી બાજુ અદ્ભુત ચિત્રો દોરી પ્રયાગરાજ ચિત્રનગરી લાગતી હતી. ટ્રેનમાં પણ મહાકુંભની તસવીરો નિહાળવા મળતી હતી જાણે પ્રયાગરાજ આખું મેળામાં ફેરવાય ગયું હતું. શ્રદ્ધાળુઓની ભીડ ત્રિવેણી સંગમ તરફ જતી હતી. તમામ શ્રદ્ધાળુઓની એક જ મનોકામના હતી કે ત્રિવેણી સંગમમાં શાહીસ્નાન કરવું. રોડ ઉપર વિવિધ સર્કલો પણ સપ્તરંગી બનાવેલ લાઈટિંગનો નઝારો કાબિલે તારીફ હતો. મહામહેનતે ચાલીને સંગમ કિનારે ગયો તો લાખો લોકોની સાથે શ્રદ્ધા, ભક્તિ, ધર્મના ત્રિવેણી સંગમમાં મેં ડુબકી મારી, પવિત્ર સ્નાન કરી મારી જાતને પુણ્ય શાળી લેખી. સંગમ કિનારે બોરીયો રાખી કિનારો બનાવેલ ત્યાંજ સ્નાન થાય તે માટે હુડકાનું સુરક્ષા કવચ રાખેલ. જેથી ઊંડાણવાળા પ્રવાહમાં કોઈ ના જાય તેવી વ્યવસ્થાની સાથે હુડકામાં ત્રિવેણી સંગમની મુસાફરી કરતા હતા. એક સાથે લાખો શ્રદ્ધાળુઓ સ્નાન કરતા હતા. ઉપર હેલિકૉપ્ટર ઉડાન ભરતું હતું. પાણી સ્વચ્છ રાખવા મશીન નિરંતર કચરો ખેંચી બહાર કાઢતું હતું. દિવસ રાત સ્નાન ચાલુ હતું. જય મહાશિવ આજે કુંભ મેળો પૂર્ણ થાય છે. ■











પ્રકરણઃ ૫

# જમનો

**અનિલ રાવલ**

બીજે દિવસે જમન નગરશેઠ હરજીવન અદાને ઘરે ગયો. બેઠકમાં મૂકેલા બાંકડા પર બેઠો. કાળા ચશ્માં ઉતારીને બાજુ પર મૂક્યા. એણે અંદર સુધી નજર નાખી જોઇ, પણ નગરશેઠ દેખાયા નહીં. સારી વાર થઇ ગઇ. ઘરમાં કોઇ હિલચાલ જણાઇ નહીં. થોડીવારે નગરશેઠના વહુ જેને ગામ આખું શેઠાણી કહેતું એ નાસ્તાની પ્લેટ લઇને આવ્યાં. ચંદ્રમા જેવું મોં, કપાળે ગોળ લાલ ચાંદલો, ભરાવદાર કાયા, રાંદલ તેડાવતી વખતે ઘરે પધારતાં ભૂઇમા જેવું પ્રભાવી વ્યકિતત્વ..જેને જોઇને પગે લાગવાની આપોઆપ ઇચ્છા થાય. જમન એને પગે લાગ્યો.

'બેસ, નાસ્તો કરી' લે. શેઠાણીની વાણીમાંથી મીઠાશ ઝરી. જમને ફરી નગરશેઠને શોધતી નજર ફેરવી.

'પૂજા કરે છે...હમણા આવશે. ત્યાં સુધી તું શાંતિથી નાસ્તો કરી લે.' શેઠાણી અંદર ગયાં. જમને થોડા ડર સાથે નાસ્તો કર્યો. એને મનમાં થયા કરતું હતું કે નગરશેઠ કડવા વેણ કહેશે, બે આકરા શબ્દો સંભળાવશે અને કદાચ બહુ ગુસ્સો હશે તો પોતાને માટે કોઇ આખરી નિર્ણય લેશે.

'સાંભળો, તમે પેલા ભાઇને બોલાવ્યા છે એ હજી આવ્યા નથી.? પૂજાપાઠ પતાવીને નગરશેઠે શેઠાણીને પૂછ્યું.

'આવી જાશે,. ઇ સમયના પાક્કા માણસ છે.'

'જમન આવ્યો.?' નગરરશેઠે પૂછ્યું.

'હા, એ તો ક્યારનો ય આવી ગયો છે. નાસ્તો કરે છે.' શેઠાણીએ પાણીઆરેથી લોટો ભરીને નગરશેઠના હાથમાં પકડાવતા કહ્યું: 'લ્યો, જમન માટે પાણી લેતા જાવ.'

નગરશેઠે બેઠકમાં દાખલ થઇને જમન સામે લોટો ધર્યો. જમને મોં અધ્ધર કરીને લોટામાંથી પાણી ગટગટાવ્યું. પેટમાં ટાઢક થઇ, પણ મનમાં ઉચાટ હતો કે નગરશેઠે શા માટે બોલાવ્યો હશે. ભાગ્યે જ બેઠકમાં આવીને બેસનારાં શેઠાણીએ જેવો પ્રવેશ કર્યો અને ખુરસી બેઠા કે તરત જ દસના ટકોરા પડ્યા. અને એ સાથે જ ગામના ત્રિભુવન જ્યોતિષ પ્રગટ્યા.

'આવો,પધારો મારાજ, પધારો. નગરશેઠે મોટો આવકારો આપ્યો. ધોળા બાસ્તા જેવા ધોતિયું અને ઝભ્ભો, ખભે કેસરી ખેસ, કપાળ પર તાણેલું લાંબું તિલક, ગળામાં રુદ્રાક્ષની માળા. કપડાંની ભરત ભરેલી થેલીમાં વીંટાળીને રાખેલું ટીપણું, જ્યોતિષશાસ્ત્રની ચોપડીઓ અને બિલોરી કાચ જેવા હાથવગાં સાધનો હતાં. જેવા યજમાન એવો ઠાઠ. સ્થાન ગ્રહણ કરતા પહેલા એની નજર જમન પડી. જમનના કરતૂતો વિશે જાણતા જ્યાતિષ જમનને જોઇને ચમક્યા, પણ મોં પર અણસાર આવવા ન દીધો. જમન પણ એમને જોઇને ચોંકી ગયો. નગરશેઠે આમને શા માટે બોલાવ્યા હશે.? મનમાં અટકળો શરૂ થઇ ગઇ. ત્રિભુવન મારાજને એમ હતું કે શેઠાણીએ પોતાના જન્માક્ષર જોવડાવવા તેડાવ્યો હશે, પણ જમનને જોઇને શંકા થવા લાગી.

મારાજ મારે જમનના જોષ જોવરાવવા છે. શેઠાણી મૂળ વાત પર આવ્યાં.

મારાજ મીઠું માર્મિક હસ્યા. 'એની કુંડળી છે.?'

'કુંડળી તો ક્યાંથી હોય એની, પણ હાથની રેખા જોઇને કંઇક કહી શકાય તો.' શેઠાણીએ જમનને જોતા જોતા કહ્યું.

> **હાથમાં લાકડી પકડીને કાળી પડી ગયેલી અને ઘસાઇ ગયેલી હસ્તરેખાઓ શોધવી પડે એમ હતી. મારાજે થેલીમાંથી બિલોરી કાચ કાઢીને હસ્તરેખા જોવાનું શરૂ કર્યું.**

'શેઠાણીબા, જમનના જન્માક્ષર હોય તો પણ શું ફરક પડે? એને જોઇને...જાણીને બધી ખબર તો છે કે એની શું હાલત છે અને ભવિષ્ય કેવું હશે.?'

'ના, મારાજ મારે એ જાણવું છે કે ગાયો સાથે જે થઇ રહ્યું છે...જે થયું છે એમાં જમનનો કોઇ દોષ ખરો....તમે તો જાણો છો કે હજી બે દા'ડા પેલા એક ગાય મરી ગઇ.' નગરશેઠ બોલ્યા.

જમન ઝડપથી ફફડી રહેલાં હોઠની ભાષા ઉકેલી શકતો નહતો, પણ ત્રણેય સામે વારાફરતી જોતા એને એટલું તો સમજાયું કે વાત એના વિશેની છે.

'હાથની રેખાઓ જોઇને એના પાછલા જનમ વિશે કંઇક ખબર પડે તો ઉકેલ આવે.' શેઠાણીના અવાજમાં ગાયોની જ નહીં, પણ જમનની પણ ચિંતા હતી.

મારાજે જમનને પોતાની પાસે બોલાવ્યો. જમને નગરશેઠ અને પછી શેઠાણીની સામે જોયું. શેઠાણીએ માથું ધૂણાવ્યું. જમન ખુરસી તાણીને મારાજની સામે ગોઠવાયો. મારાજે હાથ બતાવવાનો ઇશારો કર્યો. જમને જમણા હાથની હથેળી ધરી. હાથમાં લાકડી પકડીને કાળી પડી ગયેલી અને ઘસાઇ ગયેલી હસ્તરેખાઓ શોધવી પડે એમ હતી. મારાજે થેલીમાંથી બિલોરી કાચ કાઢીને હસ્તરેખા જોવાનું શરૂ કર્યું. બિલોરી કાચ ઘડીક હથેળીની એકદમ નજીક લઇ જાય.. પાછો ઉપરની બાજુ કરે..દરેક આંગળીના ટેરવાંનો આકાર.. એની રેખાઓ બારીકીથી તપાસે. મારાજના કામમાં કોઇ પક્ષપાત નહતો, કામગીરીમાં ઇમાનદારી સ્પષ્ટ દેખાતી હતી.

મારા જોષ જોવરાવવાથી શું વળશે.? મારો ભૂતકાળ, મારો વર્તમાનકાળ અને મારું ભવિષ્ય..બધું અહીં જ છે...આ હથેળીની રેખાઓ કરતાં તમે વધુ જાણો છો. જમન જાણે કે શેઠાણીને કહી રહ્યો હતો. શેઠાણી ગાલ પર હાથ ટેકવીને બેઠાં હતાં. એની કરુણામય આંખોમાં જમન પ્રત્યેની મમતા છલકાતી હતી. અને નગરશેઠથી આ છાનું નહતું. શેઠાણીના જ આગ્રહથી મારાજને બોલાવ્યા હતા.

મારાજે માથું ઊંચું કરીને બોલવાનું શરૂ કર્યું. 'આનું આયુષ્ય લાંબું છે. અતિશય લાગણીશીલ છે અને દુર્વાસા ઋષિ જેવો ગુસ્સાવાળો....ક્રોધ ચડે તો ત્રીજું નેત્ર ખોલી શકે એટલો શકિતશાળી પણ છે.' મારાજ અટક્યા.....ફરી રેખાઓ પર નજર કરતા બોલ્યાઃ 'કોઇ અતૃપ્ત આત્મા છે. ગયા જનમમાં અધૂરાં રહી ગયેલાં કાર્યો પૂરા કરવા આવ્યો હોય એવો અણસાર મળે છે.' શેઠાણી અને નગરશેઠે એકબીજા સામે જોયું.

'પણ એ તો ગાયો ચરાવવાનું કામ કરે છે'.....શેઠાણી વચ્ચે બોલ્યાં. પણ મારાજે એમનાં શબ્દો પર ધ્યાન આપ્યા વિના આગળ ચલાવ્યું: 'ગયા જનમમાં એનું અકસ્માતથી મોત થયું હોઇ શકે. કોઇ દેશી વાહન..જેવા કે બળદગાડા હેઠળ ચગદાઇ ગયો હોય કે ઘોડાગાડીએ અડફેટે લીધો હોય.'

'તો શું આ જનમે એ ગાયોના મોતથી એનો બદલો લેતો હશે,?'. નગરશેઠે પૂછ્યું. મારાજ એના કામમાં તલ્લીન હતા. કોઇનાય સવાલનો જવાબ આપતા નહતા.

'ગયા જનમે આ શંકરનો ભક્ત હતો.'

'ઓહ, એટલે જ ગઇકાલે એણે શિવતાંડવ કરેલું'...નગરશેઠના મોંમાંથી ઉદગાર નીકળ્યા.

'હવે સમજાયું કે એ સ્મસાનમાં જઇને કેમ બેસે છે' શેઠાણીએ ટાપસી પુરાવી.

'આ ઓલિયા પીર જેવો માણસ છે. મનનો ફકીર છે. એ પશુમાત્રને પ્રેમ કરે છે. આ માણસ કોઇ મહાપીડાથી પીડાય છે.' મારાજે બિલોરી કાચ બાજુના ટેબલ પર મુકીને શેઠાણી અને નગરશેઠની સામે જોયું. પણ એ બન્ને તો અવાચક હતાં. શું બોલવું, શું પૂછવું કાંઇ સમજાયું નહીં. જમન ખુલ્લી હથેળીની રેખાઓને તાકતો બેસી રહ્યો હતો. ખરા પ્રશ્નો તો શેઠ અને શેઠાણી પાસે નહીં, જમનની આંખોમાં હતા. (ક્રમશઃ)■





## ભાષા વૈભવ...


અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RIPE | પાપ |
| THIN | પાસે |
| SIN | પાકું |
| BACK | પાતળું |
| NEAR | પાછળ |

## ઓળખાણ પડી?

૧૯૭૦ના દાયકામાં ચેસમાં સોવિયેત યુનિયનનું આધિપત્ય અટકાવી વર્લ્ડ ચેમ્પિયન બનેલા ખેલાડીની ઓળખાણ પડી?

અ) બ્રાયન કિંગ
બ) બેન્ટ લાર્સન
ક) બોબી ફિશર
ડ) ડોનલ્ડ બાયરન



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ર | ૨ સ | ૩ પ | ૪ ર | સ | ■ | ૫ ક | ટ લા | ૬ ડું |
| સ્તા | ■ | ૭ લા | ટ ગ | ત | ■ | ૮ પ | ળી | ■ | ગ |
| ૯ ચ | ર | મ | ■ | ૧૦ લ | ૧૧ વા | રો | ■ | ૧૨ ક | ર |
| ળ | ■ | તી | ■ | ■ | ૧૩ તા | ણા | વા | ણા | ■ |
| ■ | ૧૪ સ | ■ | ૧૫ ભ | ડ | ■ | ગ | ■ | ૧૬ દ | ૧૭ ઉં |
| ૧૮ વ | ળ | ૧૯ ત | ર | ■ | ૨૦ જો | ત | ૨૧ રું | ■ | બ |
| ળ | ■ | ૨૨ પા | ણી | ૨૩ ચા | રું | ■ | ૨૪ ડ | ૨૫ મ | રો |
| ૨૬ ગ | રા | સ | ■ | ર | ■ | ૨૭ રાં | ■ | ર | ■ |
| ણી | ■ | ■ | ૨૮ મા | ■ | ૨૯ અ | ઢ | ળ | ક | ■ |
| ■ | ૩૦ મ | જિ | યા | રું | ■ | વું | ■ | ૩૧ લું | ગી |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | | ■ |
| | ■ | | ■ | ૫ | | ■ | | ■ | ૬ |
| ૭ | ૮ | | ■ | | ■ | ૯ | ■ | ૧૦ | |
| ■ | | ■ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | | |
| ૧૪ | | | ■ | ૧૫ | | | | ■ | |
| ૧૬ | | ■ | ૧૭ | | ■ | | ■ | ૧૮ | ■ |
| | ■ | ૧૯ | | ■ | ૨૦ | ■ | ૨૧ | | ૨૨ |
| ■ | ૨૩ | | ■ | ૨૪ | | | | | |
| ૨૫ | | ■ | ૨૬ | | | ■ | | | |
| ■ | ૨૭ | | | | ■ | ૨૮ | | | |

### આડી ચાવી

૧. કપડાં ભરાવવાનો વાંસડો (૪)
૩. પાણીનાં વાસણો મૂકવાની જગા (૪)
૫. દ્રૌપદીનાં --- સભામાં ચીર ખેંચાયાં (૨)
૭. થોડું (૩)
૧૦. હિંમત (૨)
૧૧. જૂના ફાટેલાં કપડાંના ડૂચા (૨)
૧૨. કૂવાના પાણીથી થતી ખેતી (૪)
૧૪. જભ્ભા-સુરવાલ પર પગમાં પહેરો (૩)
૧૫. ખસના રોગવાળું (કૂતરું) (૪)
૧૬. ફળીયું શહેરમાં --- બની જાય (૨)
૧૭. ગાડી --- એટલે ગાડી ધરાવતું (૨)
૧૯. દોરડું, લગામ, અછોડો (૨)
૨૧. પાણીનું બેડું, છાલક (૩)
૨૩. સાપની ફેણ (૨)
૨૪. મહારાષ્ટ્રનો ભક્તિ સંપ્રદાય (૪)
૨૫. 'માણવું'નું આજ્ઞાર્થ (૨)
૨૬. દસ વર્ષનો સમય (૩)
૨૭. ગુલાંટ, એક બાળરમત (૪)
૨૮. એકદમ બરાબર, પૂરેપૂરું (૪)

### ઊભી ચાવી

૧. ગાડું, રથ (૩)
૨. અણસમજુ (૩)
૩. વારો (૨)
૪. ટીપ, ટાંચણ, નોંધ (૨)
૫. પરોઢિયું મોંસૂઝણું (૫)
૬. મરણ, ગામ બદલવું તે (૪)
૮. કવિ રવિ ઠાકુરની ---ને નોબેલ પ્રાઈઝ મળેલું (૪)
૯. સળગતું પાતળું લાકડું (૪)
૧૦. ગરીબની ---ના લેવાય (૨)
૧૩. વધુ ગાયો (૨)
૧૪. એક સુગંધી ફૂલ (૩)
૧૭. ગંધ (૨)
૧૮. બાળક (૨)
૧૯. --- એ મીરાને વિષનો પ્યાલો મોકલ્યો (૨)
૨૦. ખટાશ ચડેલો રસ (૩)
૨૧. અંગ્રેજોને જમવામાં --- જોઈએ (૪)
૨૨. મન ચંગા તો --- મેં ગંગા (૪)
૨૩. કૂંપળ (૩)
૨૪. પેટમાં વાયુ ઉત્પન્ન કરે એવું (૩)
૨૬. ભાવ, કિંમત (૨)

## ગુજરાત મોરી મોરી રે

'બાળકને સારું ખવરાવીએ પણ ધાક ન છોડીએ' એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ડોળો પણ કડવો સોનાનું રાખીએ ખવરાવીએ

## માતૃભાષાની મહેક

ગંધના દસ પ્રકાર છેઃ (૧) ઇષ્ટ, કસ્તૂરીમાં, (૨) અનિષ્ટ, વિષ્ટામાં. (૩) મધુર, ફૂલમાં, (૪) ખાટો, આમલીમાં, (૫) કડવો, મરચામાં, (૬) નિર્હારી, હિંગમાં, (૭) સંહત એટલે મિશ્રિત, જુદા જુદા કલ્કમાં, (૮) રૂક્ષ, સરસવના તેલમાં, (૯) સ્નિગ્ધ, તાજા ગરમ કરેલા ઘીમાં અને (૧૦) વિશદ, ચોખામાં.

## સુડોકુ-૮૦૨૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૮ | | | ૩ | ૭ | ૯ |
| ૧ | | | | | | | | |
| | | | | | ૩ | | ૮ | ૪ |
| ૮ | ૬ | | | ૩ | | ૯ | | ૭ |
| | ૩ | ૯ | | | | ૫ | ૨ | |
| ૭ | | ૨ | | ૪ | | | ૩ | ૮ |
| ૨ | ૫ | | ૪ | | | | | |
| | | | | | | | | ૫ |
| ૩ | ૯ | ૮ | | | ૬ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૨૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૨ | ૯ | ૪ | ૫ | ૬ | ૮ | ૧ |
| ૬ | ૧ | ૮ | ૨ | ૩ | ૭ | ૯ | ૪ | ૫ |
| ૫ | ૯ | ૪ | ૧ | ૮ | ૬ | ૭ | ૨ | ૩ |
| ૧ | ૮ | ૬ | ૪ | ૫ | ૩ | ૨ | ૯ | ૭ |
| ૯ | ૪ | ૫ | ૭ | ૧ | ૨ | ૩ | ૬ | ૮ |
| ૨ | ૩ | ૭ | ૮ | ૬ | ૯ | ૫ | ૧ | ૪ |
| ૭ | ૫ | ૧ | ૬ | ૯ | ૮ | ૪ | ૩ | ૨ |
| ૪ | ૬ | ૩ | ૫ | ૨ | ૧ | ૮ | ૭ | ૯ |
| ૮ | ૨ | ૯ | ૩ | ૭ | ૪ | ૧ | ૫ | ૬ |

## ઈર્શાદ

*મને મળી નિષ્ફળતા અનેક,*
*તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં*
– ઉમાશંકર જોશી

## ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'સૂમનો પૈસો સખી ખાય' કહેવતમાં સૂમ શબ્દનો અર્થ જણાવો.

અ) શ્રીમંત  બ) કંજૂસ  ક) દાનવીર  ડ) સખા

## માઈન્ડ ગેમ

ઓલિમ્પિક રમતોત્સવ દરમિયાન વિવિધ રમત રમાય છે. કઈ રમતને ઘોડેસવારી સાથે સંબંધ છે એ કહી શકશો?

અ) Archery  બ) Canoeing
ક) Croquet  ડ) Equestrian

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| PAL | દોસ્ત |
| PALE | નિસ્તેજ |
| PAIL | બાલદી |
| PEEL | છાલ |
| PILL | ગોળી |

ઓળખાણ પડી?
સાઉથ આફ્રિકા

માઈન્ડ ગેમ
ઍન્ટાર્કટિકા

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
પૈસો

ગુજરાત મોરી મોરી રે
ભલી આપડી ઝૂંપડી કોઈ ન કહે બાપડી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) સુભાષ મોમાયા (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) સુરેખા દેસાઈ (૭) ધીરેન્દ્ર ઉદ્દેશી (૮) ગીતા ઉદ્દેશી (૯) પ્રતિમા પમાણી (૧૦) નીતા દેસાઈ (૧૧) ભારતી બુચ (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) કલ્પના આશર (૧૫) ગીરીશ શેઠ (૧૬) શીલા શેઠ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) લજિતા ખોના (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) મહેશ દોશી (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ સંઘવી (૨૩) પ્રવીણ વોરા (૨૪) મીનળ કાપડિયા (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) તાહેર ઔરંગાબાદવાલા (૨૮) શીરીન ઔરંગાબાદવાલા (૨૯) ભાવના કર્વે (૩૦) મનીષા શેઠ (૩૧) ફાલ્ગુની શેઠ (૩૨) નિતિન બજરિયા (૩૩) અંજુ ટોલિયા (૩૪) ખુશરૂ કાપડિયા (૩૫) જગદીશ ઠક્કર (૩૬) વીણા સંપટ (૩૭) દેવેન્દ્ર સંપટ (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) પુષ્પા ખોના (૪૧) જયવંત પદમશી ચિખલ (૪૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) રમેશ દલાલ (૪૬) હિના દલાલ (૪૭) નૂતન વિપીન (૪૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૯) જયેશ પરબતભાઈ ચૌહાણ (૫૦) નયના ગિરીશ મિસ્ત્રી (૫૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## કહ્યાગરો બોયફ્રેન્ડ



સમયનું ચક્ર એ હદે ફરી ગયું છે કે 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય' કહેવતે 'દીકરી ને ગાય ફાવે ત્યાં જાય' સ્વરૂપ ધારણ કરી લીધું છે. બોય્ઝ લોકો ગર્લફ્રેન્ડ રાખતા એની જગ્યાએ હવે ગર્લ્સ લોકો બોયફ્રેન્ડ પસંદ કરે છે, જોખી જોખીને. દરેક યંગ ગર્લ ઈચ્છે છે કે બોયફ્રેન્ડ એની વાત શાંતિથી સાંભળી લે, સમસ્યાનું સમાધાન કરે અને જરાય અકળાય નહીં.

અલબત્ત, આવાં લક્ષણો ધરાવતો દોસ્ત મળવા માટે નસીબ જોઈએ, જે સહુ કોઈનું પાધરું નથી હોતું. બોયફ્રેન્ડ ફોન રિસીવ ન કરે, મેસેજનો સમયસર જવાબ ન આપે, વગેરે બનતું રહે છે.

'હું કહીશ એમ કરીશ ને' એનું અક્ષરશઃ પાલન કરે એવો બોયફ્રેન્ડ મેળવવા ચીનની કન્યાઓ AI - ચેટબોટને દોસ્ત બનાવી રહી છે. ચીનમાં 'ડીપસ્પેસ' નામની સ્માર્ટફોન ગેમ લોકપ્રિય થઈ છે, જેમાં AI અને વોઇસ રેકગ્નિશન (અવાજની ઓળખાણ)ની મદદથી ૫ પુરુષ પાત્ર તૈયાર કરવામાં આવ્યા છે, જે પ્રેમીની માફક ગેમ રમતી કન્યાઓ સાથે વાત કરે, એમની સાથે ફ્લર્ટ કરે અને એની મૂંઝવણ - અકળામણનો ઉકેલ પણ આપે. આને કારણે રિયલ બોય્ઝને બદલે ચીની કુંવરીઓ પોતાની બધી વાત માનતા AI પુરુષની સાથે પ્રેમમાં પડી રહી છે.

કવિ સુન્દરમ પુનર્જન્મ લે તો 'હું માનવી માનવ થાઉં તો ઘણું'ની બદલે 'હું રોબોટ, માનવી જેવું કરી શકું તોય ઘણું' પંક્તિ એમની કલમમાંથી અવતરે તો નવાઈ ન લાગવી જોઈએ.

## સોય દોરો - સ્વેટર - સિનેમા



અસલના વખતમાં ગામડાંની છોકરીઓના શાળાના ભણતર કરતાં ઘરકામ અને ભરતગૂંથણ શીખવવા પર વધુ ધ્યાન આપવામાં આવતું. પરણવા લાયક થાય ત્યારે જોવા આવેલા છોકરાને અને સાથે આવેલા વડીલોને દીકરીએ કરેલું ભરતકામ, ગૂંથણકામ અને આભલા - ટીકી વગેરે દેખાડવામાં આવતા. લગ્નના એકાદ વર્ષ પછી વહુ જો સ્વેટર ગૂંથવા બેઠી હોય તો એ ગર્ભવતી હોવાનું સિગ્નલ ગણાતું.

હવે આ હોબીનું પરદેશગમન થયું છે અને દોરાનો દડો, સોયા અને હૂક લઈ કામિનીઓ થિયેટરમાં ફિલ્મ જોવા આવે છે. ડેનમાર્ક, નોર્વે, સ્વીડન, ફિનલેન્ડ, જર્મની અને યુએસ પછી ઓસ્ટ્રિયાના વિયેના શહેરમાં પણ સ્વેટર ગૂંથતાગૂંથતા થિયેટરમાં ફિલ્મ જોવાનો ટ્રેન્ડ ફેલાયો છે. 'ક્રાફ્ટ સિનેમા નાઈટ્સ' તરીકે ઓળખાતી આ શૈલીમાં રૂપેરી પડદા પર ફિલ્મ શરૂ થાય ત્યારે થિયેટરની લાઈટ ઝળહળતી જ રાખવામાં આવે છે, જેથી સોયદોરાથી કામ કરવામાં મુશ્કેલી ન પડે. આવા શો હાઉસફુલ જઈ રહ્યા છે અને યુવતીઓના મગજનો એક હિસ્સો ફિલ્મ એન્જોય કરે છે જ્યારે બીજો હિસ્સો એમનામાં રહેલા દાદીમાને જીવંત કરે છે. ફિલ્મ પૂરી થયા પછી આપસમાં સ્ટોરી કે એક્ટિંગ કેવા હતા એની ચર્ચાને બદલે 'આજે ગળું તો અડધું થઈ ગયું' કે 'બાંયમાં બ્રાઉન કલર સારો લાગશે ને?' એવી ચર્ચા થતી હશે ને!

## દિલ તો પાગલ હૈ...



'દિલ દીવાના હૈ ... દિલ તોડનેવાલે તુજે દિલ ઢૂંઢ રહા હૈ... જબ દિલ હી ટૂટ ગયા, હમ જીકે ક્યા કરેંગે'...

દિલ તૂટી જવાની વ્યથા કે બ્રેક અપ પછીની બબાલ માટે આંસુ સારવાના એક હજાર ને એક રસ્તા છે. દિલને ટાઢક આપવા દિલની આગળ રહેલા ખિસ્સા ખાલી કરવામાં કોઈ પાછી પાની નથી કરવામાં આવતી. ફિલ્મ 'ધનવાન'માં રાજેશ ખન્ના અને 'શરાબી'માં અમિતાભ બચ્ચનનાં દિલ એ હદે દીવાના થાય છે કે આખા થિયેટરમાં એકમાત્ર પ્રેક્ષક બની હીરોઈન સમક્ષ હૃદયની જાજમ પાથરવા તૈયાર થઈ જાય છે. સોશિયલ મીડિયા પર ખ્યાતિ ધરાવતા ઈન્ફલુએન્સર બોબી સપતુરાએ પ્રેમના પાગલપનમાં પૈસાનો પાવર ઉમેર્યો છે. બ્રેકઅપ પછી હળવા થવા ધ્રુસકે ધ્રુસકે રડવાથી દિલનું દર્દ ઓછું થઈ જતું હોવાની માન્યતા છે. સોશિયલ મીડિયા પર બાદશાહત ભોગવી રહેલા અબજોપતિ મિસ્ટર બોબીએ બ્રેકઅપ પછી ઈન્ડોનેશિયા સ્થિત એશિયાની સૌથી મોટી નાઈટ ક્લબ બુક કરાવી અને આખી ક્લબમાં માત્ર એકલા હાજર રહી આંસુની નદી વહેતી કરી. ક્લબના ડીજેએ હૃદય પર મલમ સાબિત થાય એવા બોબીને મનગમતાં ગીત ગાવાનું શરૂ કર્યું. ક્લબના મોટા સ્ક્રીન પર 'આપ કે બ્રેકઅપ કે લિયે દિલગીર હૈં' શબ્દો અને સંગીતમય દર્દીલા ગીતે બોબીને ગજબની સાંત્વના આપી અને સવાર પડતા ભાઈ 'દિલ તો હૈ દિલ દિલ કા એતબાર ક્યા કીજે' ગાતો ગાતો બહાર નીકળ્યા.

## હાય રામ, ડોલ્સ કા હૈ દીવાના



ચંદ્રકાન્ત સાંગાણીનીગુજરાતી ફિલ્મ 'મારે જાવું પેલે પાર'ના' 'તારી ઢીંગલીની સાથે મારો ઢીંગલો રમે' ગીતમાં સંજીવ કુમારનું પાત્ર પાગલ છે. જોકે, યુએસના ન્યૂ જર્સીમાં રહેતો ક્રિસ નામનો યુવાન માનસિક રીતે સ્થિર અને સ્વસ્થ છે, પણ એને ઢીંગલીઓ સંઘરવાનું ગાંડપણ છે. ૧૬ વર્ષની કિશોરાવસ્થામાં એક ઢીંગલી માટે ઢગલો લગાવ્યા પછી છેલ્લાં ૧૦ વર્ષથી દેશ - વિદેશમાં ફરી જાતજાતની જૂની અને વિચિત્ર દેખાતી ડોલ્સ - ઢીંગલીઓ ભેગી કરવાનું ભૂત એના માથા પર સવાર છે. ભારત સહિત વીસેક દેશની સફર દરમિયાન ક્રિસ યાદગીરી તરીકે દરેક દેશમાંથી કમ સે કમ એક ઢીંગલી તો ખરીદે જ છે. આજે એની પાસે ૧૯૦૦થી ૧૯૫૦ના સમય કાળની આશરે ૨૫૦ ડોલ છે, જેની કિંમત અંદાજે ૪૦૦૦ ડૉલર (આશરે સાડા ત્રણ લાખ રૂપિયા) છે. એની ડોલમાં ખાસ્સી એવી વરાયટી છે ક્રિસ પાસે અને હવે એ 'વિન્ટેજ ડોલ' તરીકે ઓળખાવા લાગી છે. જોકે, વિન્ટેજ વેલ્યુને રોકડી કરવાનો ક્રિસનો કોઈ ઈરાદો નથી. એને તો બસ ઢીંગલીઓ સાથે મમત્વ થઈ ગયું છે. માણસને માણસ માટે હેત ઓછું થઈ રહ્યું છે, પાળેલા પ્રાણી, ટેકનોલોજી અને રમકડાં માટે લગાવ વધી રહ્યો છે. આ પણ કરમ એક કઠણાઈ જ કહેવાયને ?!

## લ્યો કરો વાત!

*ચીની મહિલા યાંગ યાગ્સીના જીવનનો બદલાવ જાણવા જેવો છે. ૨૨ વર્ષની ઉંમરે એરલાઈનમાં ફ્લાઈટ એટેન્ડન્ટતરીકે કામ કરનારી યુવતીનો મહિનાનો પગાર કોરોનાના કપરા કાળમાં ઘટીને ૩૨ હજાર રૂપિયા થઈ ગયો હતો. પૈસાની ખેંચને કારણે હવામાં ઊડવાની નોકરી છોડી ડુક્કર પાળવાના ફાર્મમાં નોકરી લઈ લીધી. કામ આસાન નહોતું, પણ ડુક્કરના પાલન, વેચાણ અને સોશિયલ મીડિયા મેનેજમેન્ટને કારણે બે મહિનામાં બાવીસ લાખની કમાણી થઈ. હવામાં ઊડવાની નોકરીએ જમીન પર પછાડી હતી તો જમીન પરની નોકરીએ એને ફરી હવામાં ઊડતી કરી દીધી.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**મારે રિ-મેરેજની કંકોત્રી છપાવવી જોઈએ?**

* રિ (ફરી) જમણવાર રાખશો તો મહેમાન આવશે જરૂર, પણ ચાંલ્લાની નો ગેરેન્ટી !

**મનમાં પરણવાથી શું મળે?**

* મનની માનેલી વ્યક્તિ સાથે માન મૂકીને પરણવા મળે.

**લગ્ન વખતે લગ્ન ગીત ગવાય. તો છૂટાછેડા વખતે શું?**

* આરોપ અને આક્ષેપની કથા.

**સંતાનને સ્કૂલે લેવા મૂકવા જતી વખતે પણ મમ્મી કેમ મેકઅપ કરતી હશે?**

* સુંદરતાના માર્કસ મળે એ માટે.

**બૂફે ભોજનનો ફાયદો શું?**

* ફરતાં ફરતાં ખાઈ શકાય...પંચાત કરી શકાય ને પચાવી પણ શકાય.

**વડીલને પગે લાગવાથી શું મળે?**

* વાંકા વળીને પગે લાગવાની કસરત થાય. નસીબદાર હો તો બદલામાં આશીર્વાદ વત્તા પૈસા મળે

**શાક ખરીદીમાંથી બચાવેલા પૈસાથી બહેનો પાણીપુરી ખાય. તો પુરુષ શું ખાતા હશે?**

* શાક.

**અક્કલ ગિરવે મૂકવાથી શું એ પાછી આવે?**

* હકીકતમાં અક્કલ હોય તો એ પાછી મેળવી શકાય.

**ગાય ઘાસ ચરવા જાય તો ભેંસ?**

* ફાસ્ટ ફૂડ ચરવા થોડી જતી હશે ?!

**આદું ખાઈને પાછળ પડેલી વ્યક્તિથી બચવા શું કરવું?**

* માથે લીંબુ મરચા બાંધવા.

**ગાજર કેમ લટકાવાય છે?**

* કોઈને શીર્ષાસન યોગ શીખવવા.

**ભૂલભૂલામણીમાંથી નીકળ્યા પછી શું?**

* એ રસ્તે ફરી નહીં જવાનું.

**નેતા કેમ ટોપી પહેરતાં હશે?**

* બીજાને ટોપી પહેરાવવા.

**પરાક્રમને ચક્રમ સાથે કોઈ લેવાદેવા હશે?**

* લેવા-દેવા હોત તો એ ચક્રમ નહીં વિક્રમ વીર હોત!

**સર કેટલા પ્રકારના હોય?**

* યસ્સ સર- નો સર- સમયસર-ટાઈમસર- રીતસર -લાઈનસર- ધોરણસર અને કારણસર!

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# માગ પુરવઠાનો સિદ્ધાંત



એક પ્રચલિત ચોવક છેઃ 'જિજેં રાંકે ખડ પ મોંઘો' 'જિજેં' એટલે વધારે 'ખડ' એક પશુઓનો ખાદ્ય પદાર્થ છે. 'ખડ' એટલે ખોડ પણ થાય અને સૂકાં ઘાસ માટે પણ એ શબ્દનો પ્રયોગ થાય છે. 'પ' અક્ષર એક આખા શબ્દ માટે વપરાયો છે જેનો અર્થ થાય છેઃ 'પણ'! 'મોંઘો' એટલે 'મોંઘું' કે વધારે કિંમત, અર્થ એવો થાય છે કે, વસ્તુ ઓછી હોય અને તેના ભોકતા વધારે! અહીં અર્થશાસ્ત્રના 'માંગ અને પુરવઠા'નો સિદ્ધાંત આપોઆપ વણાઈ જાય છે. જે વસ્તુનું પ્રમાણ ઓછું હોય અને વાપરનારા વધારે હોય તો તેના ભાવ ઊંચા જ રહેવાના!

ઘણાને કાચી કેરી બહુ ભાવતી હોય છે. પણ કાચી કેરીની ખટાસ કેટલું નુકસાન કરે છે, તે દર્શાવતી એક ચોવક છેઃ 'જુકો કરે કેરી સે ન કરે વેરી' 'જુકો' શબ્દનો અર્થ થાય છે 'જે,' 'સે,'નો અર્થ થાય છે 'તે' અને 'વેરી' એટલે દુશ્મન. અર્થ સ્પષ્ટ છેઃ કાચી કેરી જેટલું નુકસાન કરે તેટલું તો દુશ્મન પણ ન કરે! અથવા દુશ્મનથી પણ કાચી કેરી વધારે ખતરનાક હોય છે. 'ખટરસ' આમ પણ સમાજમાં બદનામીનો જ રસ ગણાય છે. સમાજમાં જે 'ખટરસીયા' માણસો રહે છે, એ સમાજ માટે 'વેરી' સમાન હોય છે. જોયું? કેટકેટલા વ્યાપક અને ગૂઢ અર્થ ધરાવતી હોય છે ચોવકો!

ગુજરાતીમાં એક કહેવત છે કે **'ધીરજનાં ફળ મીઠાં'** કે પછી **'ઉતાવળે આંબા ન પાકે'** એજ અર્થ ધરાવતી ચોવકો છે કે, **'જેંણા જા ફળ મીઠા'** કે પછી **'જેંણા સે જાડ તરૂડ મેં આમાં ન પચેં'** 'જેંણા' શબ્દ વપરાયો છે, જેનો અર્થ થાય છેઃ ધીરજ. 'જા'નો અર્થ થાય છે 'ના', 'મીઠા' એટલે મિઠાં, બીજી ચોવકમાં 'તરૂડ' શબ્દ છે અને તેનો અર્થ થાય છે ઉતાવળ 'આમાં' એટલે કેરી કે આંબા. 'પચેં'નો અર્થ છે 'પાકે' પણ ચોવક જે કહેવા માગે છે તે અર્થ એ છે કે, કોઈ પણ કામ ઉતાવળ કરવા જતાં પૂરું થતું હશે, પરંતુ જરૂર તે ગુણવત્તા ગુમાવતું હશે, પરંતુ ધીરજ રાખીને કાર્ય કર્યું હોય તો તે ગુણવત્તા સભર બની રહે છે. કોઈ જબરદસ્તીથી કામ ન કરાય.

આવી રીતે ઉતાવળ કે, જોર જબરદસ્તી ન કરનાર માટે એક ચોવક છેઃ 'જોર જો સાટો નાંય' અર્થ છેઃ કામ કરો પણ ધીરજ પૂર્વક, ઉતાવળ નથી પૂરું કરવાની અથવા તો 'તમે આ કામ મારું કરી આપો એવો મારો જરા પણ દુરાગ્રહ નથી, પણ તમારાથી થાય તો જરૂર કરો.' એ અંગે મારી કોઈ જબરદસ્તી નથી. 'જોર' એટલે ઉતાવળ અને 'સાટો માંય' એટલે જરૂર નથી.

કોઈ પણ વ્યક્તિ તે કેવા પ્રકારનું વાચન પસંદ કરે છે અને તેના મિત્રો કેવા છે, તેના પરથી એ મૂલવાય છે. કારણ કે ચારિત્ર્ય પર, આચાર અને વિચારો પર વાચન અને મિત્રોની સોબત, એ બન્નેની સારી અને ખરાબ અસર પડતી જ હોય છે, તેના માટે ચોવક છેઃ 'ધાગી આમૂં સૂંઢો ફિટાય' એક સૂંડલામાં રાખેલા આંબામાંના એકમાં પણ 'દાગ' કે 'ચાંદી' પડે તો એ એક સડતો જતો આંબો બધા આંબાને દાગ લગાડશે બગાડશે! એવું જ વાચન અને મિત્રોની સોબતનું છે.

મિત્રો ગુણિયલ રાખવા અને વાચન 'શિષ્ટ' રાખવું! જો મિત્રો સારા હોય તો ક્યારેય દિલમાં 'દાગ'ન લાગે! સ્વાર્થ પેદા ન થાય. અર્પણની ભાવના સદાય રમતી રહે. અહીં ચોવકમાં 'ધાગી' શબ્દ છે તેનો અર્થ થાય છે, દાગ લાગેલો. 'આમૂં' એટલે આંબો. 'સૂઢો'નો અર્થ થાય છે સૂંડલો અને 'ફિટાય' એટલે બગાડે!

અર્પણની ભાવના નિયતને શુદ્ધ રાખે છે, અને જેની નિયત શુદ્ધ હોય તેનાં કામ ક્યારેય અટકતાં નથી! માણો આ ચોવકઃ 'નીથ સુધ, તેંલા માંની ગુંધ' 'નીથ' એટલે નિયત. 'સુધ' એટલે શુદ્ધ, 'માંની' એટલે રોટલો અને 'ગુંધ' એટલે ઘણું! જેની નિયત શુદ્ધ હોય તેને ખાવાના સાંસાં ન પડે! ■

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# મનની બારી ઉઘાડનાર હાથ હંમેશાં શિક્ષકનો જ હોય છે

### હોવા છતાં દેખાય નહીં, એ જોવાની પ્રક્રિયા એટલે શિક્ષણ

એક શાળામાં એક વખત ચિત્રકામ સ્પર્ધા રાખવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીએ એક ગામનું ચિત્ર બનાવવાનું હતું. બધા વિદ્યાર્થી હોંશે હોંશે ચિત્ર બનાવવા લાગ્યા. આનંદ કરતાં કરતાં ચિત્ર બનાવતાં હતાં. જે વિદ્યાર્થીઓને ભણવામાં રુચિ ઓછી હોય તેવા વિદ્યાર્થીઓ પણ ચિત્રકામમાં રુચિ દાખવતાં હોય છે. વિદ્યાર્થીઓએ ગામનાં ચિત્રમાં સુંદર મજાનું મંદિર દોર્યું. વૃક્ષો દોર્યાં. ગામની ભાગોળે વહેતી નદી દોરી. નદી કાંઠે પાણી પીતાં અને ચરતાં ઢોર પણ દોર્યાં. સુંદર મકાનો અને વ્યવસ્થિત શેરીઓ પણ ચિત્રમાં દર્શાવ્યાં. આ બધું દર્શાવ્યું હોવા છતાં ચિત્રમાં એક વસ્તુની ખામી જોવા મળી હતી. વિદ્યાર્થીઓએ ચિત્રમાં સ્કૂલ નહોતી દર્શાવી..

આ ઘટના પરથી એવું ચોક્કસ તારવી શકાય કે વિદ્યાર્થીઓને સ્કૂલ ગમતી નથી. તેમ છતાં સ્કૂલે જવું પડે છે. એમને ભણવું ત્રાસદાયક લાગે છે. આપણે જાણીએ છીએ કે વિદ્યાર્થી કાળ દરમિયાન મહેનત નથી કરતા તેમને નિશાળના દરવાજાની બહાર નીકળીને મહેનત કરવી પડે છે. રસ્તા પર ભીખ માગતા ભિખારીએ કોઈ જ પરીક્ષા આપી હોતી નથી. વિદ્યાર્થીની દ્રષ્ટિએ ભિખારી સુખી કહેવાય, કારણ કે ભણવાની કોઈ માથાકૂટ જ નહીં. પરંતુ કમાવા માટે કેટલી મહેનત કરવી પડે છે? સમાજમાં એમનું કોઈ સ્થાન હોતું નથી.

વિદ્યાર્થીઓને એવું ગળે ઉતરાવવામાં આવે છે કે, શિક્ષણ બહુ અગત્યનું છે. શિક્ષણ વિના બધું નકામું છે. વાત પણ ખરી છે. તેમ છતાં આત્મખોજ કરવાની જરૂર છે કે વિદ્યાર્થીઓને શિક્ષણમાં રસ કેમ ઉત્પન્ન થતો નથી? શિક્ષણની અગત્યતા કઈ રીતે સમજાવી શકાય? એકબીજા પ્રસંગ પરથી આ વાતને વધુ સ્પષ્ટ કરીએઃ

એકવાર એક વર્ગખંડમાં એક વિદ્યાર્થીએ શિક્ષકને પૂછ્યું, 'સાહેબ શિક્ષણ એટલે શું? શિક્ષકે આ પ્રશ્નનો ત્યારે કશો જ જવાબ ના આપ્યો. શિક્ષકે કહ્યું કે, 'આનો જવાબ હું પછી ક્યારેક આપીશ.'



થોડા દિવસો વીત્યા. વિદ્યાર્થીઓ આ સવાલને લગભગ ભૂલી ગયેલા. એક દિવસ ક્લાસરૂમમાં આવીને શિક્ષકે કહ્યું, 'આજે આપણે ક્લાસરૂમમાં ભણવાનું નથી.ભણવા માટે આપણે બીજી જગ્યાએ જવાનું છે.'

આ સાંભળીને વિદ્યાર્થીઓ ખુશ થઈ ગયા. બધા વિદ્યાર્થીઓને શિક્ષક એક અંધારા ઓરડામાં લઈ ગયા, જ્યાં બિલકુલ સૂર્યપ્રકાશ આવતો નહોતો. ઓરડામાં રહેલી ટ્યૂબલાઈટ્સને કારણે સાવ અંધારું પણ નહોતું. બધા વિદ્યાર્થીને ઓરડામાં રહેલા બાંકડા પર બેસાડી દેવામાં આવ્યા. શિક્ષકે એમને કહ્યું, 'હું આજે તમને જે ભણાવવા જઈ રહ્યો છું, એ તમને કાયમ યાદ રહેશે. તમે તમારી આસપાસ રહેલી દરેક વસ્તુ કે વ્યક્તિને ધ્યાનથી જોઈ લો. હું તમને પંદર મિનિટ આપું છું. તમારે જે અવલોકન કરવું હોય તે કરવાની છૂટ, પરંતુ પછી હું તમને એક સવાલ પૂછીશ એ સવાલનો જવાબ તમારે મને આપવો પડશે.'

પંદર મિનિટ સુધી વિદ્યાર્થીઓ પોતાની આસપાસ રહેલા વાતાવરણને જોતા રહ્યા. એકબીજાના ચહેરા જોયા. શિક્ષકનો ચહેરો જોયો. ઓરડામાં કેટલા બાંકડાઓ છે, એ જોયા. કેટલી ટ્યૂબલાઈટ્સ છે એ જોયું અને ઓરડામાંથી બહાર નીકળવાનું એક માત્ર બારણું જોયું.

પંદર મિનિટ બાદ શિક્ષકે એ ઓરડાનું બારણું બહારથી બંધ કરાવી દીધું, જેથી વિદ્યાર્થીઓ ઓરડાની બહાર ન જઈ શકે. થોડા સમય પછી ઓરડામાં રહેલી બધી જ ટ્યૂબલાઈટ્સ બંધ થઈ ગઈ ને અચાનક એ ઓરડામાં અંધકાર છવાઈ ગયો. વિદ્યાર્થીઓ ખૂબ ડરી ગયા.

વિદ્યાર્થીઓ શિક્ષકને પૂછવા લાગ્યા, 'સાહેબ, અંધારું કેમ થઈ ગયું?' વિદ્યાર્થીઓને કોઈ જવાબ ના મળ્યો.

'સાહેબ,તમે અહીંયા જ છો ને? સાહેબ, તમે જવાબ કેમ નથી આપતા?'

શિક્ષકે કોઈ જવાબ ના આપ્યો. હવે વિદ્યાર્થીઓની ચિંતા અને ડર બંને વધવા લાગ્યા. એમને એવું લાગ્યું કે આવા અંધારામાં આપણને પૂરીને સાહેબ બહાર જતા રહ્યા. એમને લાગ્યું કે નક્કી ભૂતકાળમાં કરેલા કોઈ તોફાનની સજા સાહેબ અત્યારે આપી રહ્યા છે.

જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ વિદ્યાર્થીઓની ધીરજ અને હિંમત બંને ખૂટવા લાગ્યાં. એમણે બૂમો પાડવાની શરૂઆત કરી. દરવાજા પર હાથ પછાડવા લાગ્યા.

'મહેરબાની કરીને કોઈ દરવાજો ખોલો. અમને અંધારાનો ડર લાગે છે.' ચીસો પાડીને મદદ માટે કરગરવા લાગ્યા.

થોડા સમય પછી અંધારામાં એમનો જીવ મુંઝાવા લાગ્યો. બહારની તાજી હવા ના મળવાને કારણે ગભરામણ થવા લાગી.

બસ, એ જ સમયે ઓરડાના ખૂણામાં રહેલી એક બારી ઊઘડી. જેવી બારી ઊઘડી કે સૂર્યપ્રકાશ ઓરડાની અંદર આવ્યો. સાવ અંધકારમય ઓરડામાં અચાનક અજવાળું પથરાઈ ગયું.અચાનક આવેલા સૂર્યપ્રકાશ અને અજવાળાથી વિદ્યાર્થીઓ અંજાઈ ગયા. આંખો બંધ થઈ ગઈ. થોડા સમય પછી એ એકબીજાને જોઈ શક્યા.

ઓરડામાં અજવાળું આવ્યું એ વાતનો આનંદ તો તેમને હતો જ,પરંતુ એમનાં મનમાં બે પ્રશ્નો થયા. પહેલો એ કે ઓરડામાં રહેલી આ બારી કોણે ઉઘાડી ? બીજો પ્રશ્ન એ કે આ બારી ઓરડામાં જ હતી તો આપણને કેમ ન દેખાણી?

વિદ્યાર્થીઓએ ધ્યાનથી જોયું તો બારીની બાજુમાં ઊભેલા શિક્ષક એમને દેખાયા. વિદ્યાર્થીઓ ખૂબ ખુશ થઈ ગયા કે સાહેબ તો અહીંયા જ હતા.

વિદ્યાર્થીઓએ શિક્ષકને પૂછ્યુંઃ 'સર, તમે આવું કેમ કર્યું ?' સાહેબે જવાબ આપ્યોઃ

'એક દિવસ તમે મને પૂછ્યું હતું ને કે શિક્ષણ એટલે શું ? બસ, એ પ્રશ્નનો જવાબ આપવાનો પ્રયત્ન કરતો હતો. આ બારી આ જ ઓરડામાં રહેલ હતી, પરંતુ તમારામાંથી કોઈ પણ વિદ્યાર્થી એ બારીને જોઈ ન શક્યો.જો તમને ખ્યાલ હોત કે આ ઓરડામાં એક બારી પણ છે તો તમે નક્કી એ બારી ઉઘાડવાનો પ્રયત્ન કર્યો હોત. જો તમે આ બારી ઉઘાડી હોત તો તમારે કોઈને અંધારામાં રહેવાનો સમય આવ્યો ન હોત. જે હાજર છે. જે અસ્તિત્વમાં છે,તેમ છતાં જે તમને દેખાતું નથી એ જોવાની પ્રક્રિયા એટલે શિક્ષણ! હંમેશા યાદ રાખજો કે બારી ઓરડાની હોય કે મનની હોય,પરંતુ ઉઘાડનાર હાથ હંમેશાં શિક્ષકનો જ હોય છે.'

નિશાળના દરવાજાની બહાર રહેલા અંધારામાંથી અજવાળામાં જવા માટે બારીઓ આપણે જાતે ખોલવી પડશે.આવા સમયે આપણે આ બારીઓ સરળતાથી ઉઘાડી શકીએ એ માટે શિક્ષણ જરૂરી છે.

નિશાળના દરવાજાની અંદર મેળવેલા શિક્ષણનો સૌથી વધારે ઉપયોગ નિશાળના દરવાજાની બહારની દુનિયામાં થતો હોય છે. શિક્ષણ કોઈપણ વિષયમાં આપણી સમજણ વધારે છે, આપણામાં સંવેદનશીલતા લાવે છે. ■

# પાંચ દિવસની પછડાટ બાદ સેન્સેક્સ ૧૪૮ પોઈન્ટ વધ્યો, નિફ્ટી ૨૨,૫૫૦ની નીચે સરકયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: સેન્સેક્સે મંગળવારે પાંચ દિવસની પીછેહઠને બ્રેક મારીને સાધારણ સુધારો નોંધાવ્યો હતો, જ્યારે નિફ્ટી મામૂલી ઘસરકા સાથે નેગેટિવ ઝોનમાં બંધ રહ્યો હતો. મેટલ શેરોની નુકસાનીને હેવીવેઇટ ફાઇનાન્શિયલ અને ઓટો શેરોના સુધારાએ સરભર કર્યો હતો. એકંદરે વિશ્વબજારની નરમાઇ અને ટેરિફ વોરને કારણે સુધારો મર્યાદિત રહ્યો હતો.

બેન્ચમાર્ક સેન્સેક્સ ૧૪૭.૭૧ પોઈન્ટ અથવા ૦.૨૦ ટકા વધીને ૭૪,૬૦૨.૧૨ પોઇન્ટની સપાટી પર, જ્યારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૫.૮૦ પોઈન્ટ અથવા ૦.૦૩ ટકાના ઘટાડા સાથે ૨૨,૫૪૭.૫૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ભારતી એરટેલ, બજાજ ફાઇનાન્સ, ઝોમેટો, નેસ્લે, બજાજ ફિનસર્વ, મારુતિ અને ટાઇટન સેન્સેક્સના સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં સામેલ હતા. જ્યારે સન ફાર્મા, પાવર ગ્રીડ, ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસ, ટેક મહિન્દ્રા, એશિયન પેઇન્ટ્સ અને ટોટો મોટર્સ ટોપ લુઝર્સની યાદીમાં હતાં. સેન્સેક્સે પાછલા પાંચ સત્રમાં ૧૫૪૨.૪૫ પોઇન્ટ અથવા તો બે ટકા ગુમાવ્યા હતા.

ટાટા કેપિટલના ડિરેટકર બોર્ડે જાહેર ભરણું લાવવા અંગે મંજૂરી આપી દીધી હોવાના અહેવાલ વચ્ચે ટાટા ઇન્વેસ્ટમેન્ટના શેરમાં કરંટ જોવા મળ્યો હતો. સિંગલ સુપર ફોસ્ફેટ, એનપીકે ગ્રેન્યુલેટેડ અને મિક્સ્ડ ફર્ટિલાઇઝર્સ અને ઝિંક સલ્ફેટની ઉત્પાદક બાલાજી ફોસ્ફેટ્સ લિમિટેડ પ્રારંભિક જાહેર ઓફર સાથે ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ મૂડીબજારમાં પ્રવેશ કરશે, જેનું કદ અપર બેન્ડને આધારે રૂ. ૫૦.૧૧ કરોડનું, જ્યારે પ્રાઇસ બેન્ડ રૂ. ૬૬થી રૂ. ૭૦ પ્રતિ શેર છે. લઘુત્તમ લોટ સાઈઝ ૨,૦૦૦ ઇક્વિટી શેર્સની છે. પ્રાઇમરી માર્કેટ આ સપ્તાહે મેઇન બોર્ડના કોઇ ભરણા નથી, પરંતુ ત્રણેક એસએમઇ ભરણા આવી રહ્યાં છે.

વિશ્વની છઠી સૌથી મોટી અને ૧૩ દેશમાં હાજરી ધરાવતી રિટેલ જ્વેલરી કંપની, મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડે મુંબઇમાં ગોરેગામ ખાતે ૫૦૦૦ ચોરસફૂટનું નવું આઉટલેટ શરૂ કર્યું છે, જે મહારાષ્ટ્રનું ૨૯મું આઉટલેટ છે. કંપની યુએસ, કેનેડા, યુકે અને ઓસ્ટ્રેલિયા સહિત ૧૩ દેશમાં ૩૭૫ આઉટલેટ અને ૨૬ દેશમાં ૨૨,૦૦૦ કર્મચારી ધરાવે છે. વીમા ક્ષેત્રની કંપની ફ્યુચર જનરાલી ઇન્ડિયા ઈન્સ્યુરન્સ કંપનીએ તેના વર્કફોર્સમાં પર્સન વીથ ડીસએબિલિટીની સંખ્યા એક ટકા સુધી પહોંચી હોવાની ઉજવણીના ભાગરૂપે ઈટ્સ અંડરફૂલ વર્લ્ડ શીર્ષક સાથે કોકી ટેબલ બુક બહાર પાડી છે. કંપનીના સંચાલન હેઠળની એસેટ (એયુએમ) રૂ. ૭૪૭૩.૩૦ કરોડ છે અને ૨૦૨૪ના કેલેન્ડર વર્ષમાં બિઝનેસ પ્રીમિયમ રૂ. ૫૪૫૦ કરોડ રહ્યું છે. કંપની પાંચ વર્ષમાં બમણા વિકાસનું લક્ષ્ય રાખે છે.

આઇઆઇએફએલ ફાઇનાન્સના નવ મહિનાના નાણાકીય પરિણામને આધારે રેટિંગ એજન્સી ફીચે એવો અભિપ્રાય જાહેર કર્યો છે કે, આ કંપનીની વાર્ષિક કમાણીમાં ઘટાડો થઇ શકે છે. પ્રાઇમરી માર્કેટમાં આગામી બે નાણાકીય વર્ષમાં ૧૦૦૦થી વધુ આઇપીઓ આવવાની ધારણા છે. એસબીઆઇ લાઇફ ઇન્સ્યોરન્સ વચગાળાના ડિવિડંડ અંગે નિર્ણય ૨૮મીની બોર્ડ મિટિંગમાં જાહેર કરશે, રેકોર્ડ ડેટ સાતમી માર્ચ હોઇ શકે છે.

વૈશ્વિક બજારમાંથી નકારાત્મક સંકેત છતાં, ભારતીય શેરબજારે થોડા ઊંચા મથાળે કામકાજની શરૂઆત કરી હતી. આઈસીઆઈસીઆઈ બેન્ક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને ઝોમેટો સહિતના શેરમાં લેવાલીનો ટેકો મળવાને કારણે બેન્ચમાર્કને આગળ વધવામાં મદદ મળી હતી.

પ્રારંભિક ટ્રેડમાં એશિયન બજારોમાં ઘટાડો જોવા મળ્યો હતો, જેમાં એમએસસીઆઈ એશિયા ઇન્ડેક્સ (એક્સ-જાપાન) ૧.૨ ટકા



ગબડ્યો હતો, જે અગાઉના સત્રમાં વોલ સ્ટ્રીટમાં નોંધાયેલા નુકસાનનું પ્રતિબિંબિત હતું. સેન્સેક્સના શેરોમાં, પ્રારંભિક સત્રમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, નેસ્લે ઇન્ડિયા, મારુતિ, ઝોમેટો, આઈસીઆઈસીઆઈ બેન્ક અને હિન્દુસ્તાન યુનીલિવર ઉછાળા સાથે ખૂલ્યા હતા, જ્યારે લાર્સન એન્ડ ટુબ્રો, પાવર ગ્રીડ, ટેક મહિન્દ્રા, ટીસીએસ અને એનટીપીસીમાં શરૂઆતે ઘટાડો જોવા મળ્યો હતો.

વૈશ્વિક બજારમાં બપોરના સત્રમાં વાગ્યા સુધીમાં એસએન્ડપી ફ્યુચર્સ ૦.૧ ટકા વધ્યો હતો. જ્યારે જાપાનનો ટોપિક્સ ૦.૪ ટકા ઘટ્યો હતો. ઓસ્ટ્રેલિયાનો એસએન્ડપી એએસએક્સ ૨૦૦ ઇન્ડેક્સ ૦.૭ ટકા ઘટ્યો હતો. હોંગકોંગનો હેંગસેંગ ૦.૮ ટકા ઘટ્યો અને શાંઘાઈ કમ્પોઝિટ ૦.૩ ટકા જ્યારે યુરો સ્ટોકક્સ ૫૦ ફ્યુચર્સમાં ૦.૧ ટકાની પીછેહઠ હતી. ટેરિફ વોર અને ફેડરલના રેટ કટ અંગેના નકાકારાત્મક સંદેશ સાથે એફઆઇઆઇની અવિરત વેચવાલીને કારણે શેરબજારે સતત પીછેહઠ નોંધાવી રહ્યું છે. ટેરિફ વોર શરૂ થયા પછીના ખાસ કરીને ચીન અને યુરોપિયન સંઘના પ્રત્યાઘાતને કારણે ઇકિવટી ઇન્વેસ્ટર્સના સેન્ટિમેન્ટને ઠેસ પહોંચી છે.

બજારની નજર ભારત અને અમેરિકાના ત્રિમાસિક આર્થિક વૃદ્ધિના આંકડા, માસિક ઓટો વેચાણ ડેટા, ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા ટેરિફ પરના વિકાસ અને યુક્રેન અને રશિયા વચ્ચે શાંતિ વાટાઘાટો સંબંધિત અપડેટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.નિષ્ણાતોના મતે આ અઠવાડિયે માસિક ફ્યુચર્સ અને ઓપ્શન્સ કોન્ટ્રાક્ટની સમાપ્તી આવતી હોવાથી અફડાતફડી અને અસ્થિરતા વધી શકે છે.

ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યો હતો, જ્યારે મેટલ, ઓઈલ એન્ડ ગેસ અને રિયલ્ટી શેરોમાં વેચવાલી હતી. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ.૧.૪૯ લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે. મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૭૪,૪૫૪.૪૧ના બંધથી ૧૪૭.૭૧ પોઈન્ટ્સ (૦.૨૦ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૧.૪૯ લાખ કરોડ ઘટીને રૂ.૩૯૬.૪૮ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૭૪,૪૪૦.૩૦ ખૂલીને ઊંચામાં ૭૪,૭૮૫.૦૮ સુધી અને નીચામાં ૭૪,૪૦૦.૩૭ સુધી જઈને અંતે ૭૪,૬૦૨.૧૨ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૧૭ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૩ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૬૨ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૬૭૮ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૨૫૩ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૩૧ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૪૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૩૪ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૫૭ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૪૫ ટકા ઘટ્યો હતો.

સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૦ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૦૬ ટકા ઘટ્યો હતો.

સેકટરલ ઈન્ડેકસમાં બીએસઈ ટેલિકોમ્યુનિકેશન ૦.૬૬ ટકા, ઓટો ૦.૪૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૩૭ ટકા, એફએમસીજી ૦.૨૬ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૦૪ ટકા, બેન્કેક્સ ૦.૦૨ ટકા અને ટેક ૦.૦૧ ટકા વધ્યા હતા, જ્યારે મેટલ ૧.૬૯ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૩૪ ટકા, રિયલ્ટી ૧.૨૭ ટકા, એનર્જી ૧.૧ ટકા, કોમોડિટીઝ ૦.૯૮ ટકા, સર્વિસીસ ૦.૯૨ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૭૧ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૭ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૬૨ ટકા, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ૦.૫૯ ટકા, યુટિલિટીઝ ૦.૩૧ ટકા, પાવર ૦.૨૪ ટકા, હેલ્થકેર ૦.૨૨ ટકા અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૦૩ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૬૧ ટકા, ભારતી એરટેલ ૨.૫૫ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૬૫ ટકા, ઝોમેટો ૧.૩૭ ટકા, નેસ્લે ૧.૩૪ ટકા, બજાજ ફિનસર્વ ૦.૯૯ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૯૨ ટકા, મારુતિ ૦.૮૮ ટકા, ટાઈટન ૦.૮૦ ટકા અને હિંદુસ્તાન યુનિલિવર ૦.૮૦ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે સન ફાર્મા ૧.૫૮ ટકા, પાવર ગ્રીડ ૧.૨૫ ટકા તાતા કન્સલ્ટન્સી ૧.૧૯ ટકા, ટેક મહિન્દ્ર ૧.૧૫ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૦૪ ટકા, તાતા મોટર્સ ૦.૯૭ ટકા, લાર્સન ૦.૯૩ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૯૩ ટકા, રિલાયન્સ ૦.૮૯ ટકા અને સ્ટેટ બેન્ક ૦.૭૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૫૧૮.૪૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૯૭૪ સોદામાં ૩,૪૬૧ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૯,૬૫,૨૩૮ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ.૨,૯૪,૮૬,૫૦૮.૬૧ કરોડનું રહ્યું હતું.

## માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની વ્યાપક લેવાલીએ રૂપિયો ૪૭ પૈસા ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી અને માસાન્ત તથા અમેરિકી ટેરિફની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતાં આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી નીકળતાં ડૉલર સામે રૂપિયો ૫૧ પૈસા ગબડીને ૮૭.૧૯ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સાધારણ નરમાઈનું વલણ રહેતાં ગબડતા રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૭૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૬.૮૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૨૫ અને ઉપરમાં ૮૬.૮૩ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૪૭ પૈસાના કડાકા સાથે ૮૭.૧૯ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે આજે અમેરિકાનાં ટેરિફની અનિશ્ચિતતાઓ વચ્ચે માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી તથા વાયદામાં વેચાણો કપાતા રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે તાજેતરમાં સ્થાનિક બજારોમાં એકંદરે નરમાઈનું વલણ, ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહેતાં રૂપિયો ૮૬.૮૫થી ૮૭.૪૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. જોકે, વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈ અને રિઝર્વ બૅન્કનો હાજર બજારમાં હસ્તક્ષેપ રૂપિયામાં નરમાઈ ખાળી શકે તેમ છે.

દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં સાધારણ ૧૪૭.૭૧ પૉઈન્ટનો સુધારો જોવા મળ્યો હતો, જ્યારે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૫.૮૦ પૉઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હોવા છતાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૬૨૮૬.૭૦ કરોડની ચોખ્ખી વેચવાલીના અહેવાલ તેમ જ વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં બે મહિનાની નીચી સપાટીએથી ૦.૦૪ ટકા વધીને ૧૦૬.૬૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧૨ ટકા ઘટીને બેરલદીઠ ૭૪.૬૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો.

**વૈશ્વિક સોનામાં નફારૂપી વેચવાલીએ નરમાઈ**

## સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગબડતાં વિશ્વ બજારથી વિપરીત સોનામાં ₹ ૨૪૭નો સુધારો, ચાંદી ₹ ૩૪૬ ઘટી

### ઊંચા ભાવને કારણે નિરસ માગ રહેતાં ફેબ્રુઆરીમાં સોનાની આયાતમાં ૮૫ ટકા ઘટાડો થવાની શક્યતા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર ગઈકાલે સોનામાં સલામતી માટેની માગને ટેકે હાજરમાં એક તક્કે ભાવ વધીને ઔંસદીઠ ૨૯૫૬.૧૫ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચીને પાછાં ફર્યા હતા. વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે બન્ને કિંમતી ધાતુઓમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ઘટાડો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૫૧ પૈસા જેટલો ગબડ્યો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં વધારો થતાં આજે ઝવેરી બજારમાં વિશ્વ બજારથી વિપરીત સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૪૬થી ૨૪૭નો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ભાવમાં કિલોદીઠ રૂ. ૩૪૬નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં ખાસ કરીને સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં ડૉલર સામે રૂપિયો નબળો પડવાથી આયાત પડતરોમાં વધવાને કારણે હાજરમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૪૬ વધીને રૂ. ૮૬,૩૦૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ



સોનાના રૂ. ૨૪૭ વધીને રૂ. ૮૬,૬૪૭ના મથાળે રહ્યા હતા.

જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. તાજેતરમાં ઊંચા મથાળેથી ખાસ કરીને રિટેલ સ્તરની માગ રૂંધાઈ રહી હોવાથી ફેબ્રુઆરી મહિનામાં દેશમાં સોનાની આયાત ૮૫ ટકાના ઘટાડા સાથે બે દાયકાની નીચી સપાટીએ રહેવાની ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. જોકે, આજે ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૩૪૬ ઘટીને રૂ. ૯૫,૭૬૯ના મથાળે રહ્યા હતા.

ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ એક તક્કે વધીને ઔંસદીઠ ૨૯૫૬.૧૫ ડૉલરની સપાટી સુધી પહોંચીને પાછા ફર્યા બાદ આજે લંડન ખાતે પણ સત્રના આરંભે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૨૯૩૮.૬૩ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૩ ટકાના ઘટાડા સાથે ૨૯૫૩.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨.૧૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

કેનેડા અને મેક્સિકોએ તેની સરહદમાંથી અમેરિકામાં થઈ રહેલી ગેરકાયદેસરની ઘૂસણખોરી અટકાવા માટે સલામતી માટેના પગલાંઓ લીધા હોવા છતાં ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે બન્ને દેશોથી થતી આયાત સામે અગાઉ નિર્ધારિત કરેલી ચોથી માર્ચની મુદત અનુસાર ટેરિફ લાદવામાં આવશે, એવું જણાવ્યું હતું. આમ ટેરિફની મુદત નજીક આવી રહી હોવાથી સોનામાં પુનઃ રોકાણકારોની ટેરિફ સામેના જોખમોને ધ્યાનમાં લેતા સલામતી માટેની માગ ખૂલે તેવી શક્યતા આઈજી માર્કેટના વિશ્લેશક ચીપ જૂન રૉન્ગે જણાવ્યું હતું. જોકે, ટેરિફની અનિશ્ચિતતા અને ઊંચા ટેરિફની અર્થતંત્ર પર પડનારી અસરોને ધ્યાનમાં લેતાં અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી બે નીતિવિષયક બેઠક સુધી આક્રમક નાણાનીતિનું વલણ જાળવી રાખે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

## ટીન અને નિકલમાં સ્ટૉકિસ્ટોની વેચવાલીએ પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓનાં ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૩ અને રૂ. ૧૨નો ઘટાડો આવ્યો હતો. આ સિવાય નિરસ માગે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો. જાકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને ત્રણનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વિશ્વ બજારમાં લંડન મેટલ એક્સચેન્જમાં બે મહિનાની નીચી સપાટીએથી બાઉન્સબૅક જોવા મળવાની સાથે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ટનદીઠ ૯૪૬૫.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ નરમાઈનું વલણ રહ્યું હતું.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ધાતુ બજારમાં ખાસ કરીને ટીન અને નિકલમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૨૯૬૫ અને રૂ. ૧૨ ઘટીને રૂ. ૧૩૬૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૨૭૨, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૫૩૮ અને રૂ. ૨૩૬૪ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૮૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૮૯૦ અને રૂ. બે વધીને રૂ. ૨૦૨ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર અને બ્રાસની અન્ય વેરાઈટીઓમાં ખપપૂરતી માગને ટેકે ભાવ ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

**ખાંડમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ**

## માર્ચમાં મુક્ત વેચાણ માટે ૨૩ લાખ ટન ખાંડ છૂટી કરાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૫૦થી ૩૭૯૦માં ટકેલા ધોરણે થયાના અહાવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટો તથા રિટેલ સ્તરની માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ પાંખી રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો નોંધાયો હતો. દરમિયાન આજે સરકારે આગામી માર્ચ મહિનાના મુક્ત વેચાણ માટે ૨૩ લાખ ટન ખાંડનો ક્વૉટા જાહેર કર્યો હોવાનું ગ્રાહક બાબતો, અનાજ અને જાહેર વિતરણ વિભાગે એક અધિકૃત યાદીમાં જણાવ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો જળવાઈ રહ્યો હતો. તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૧૦થી ૩૯૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૨થી ૪૦૮૨માં થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## સન રિફાઈન્ડ સિવાયના દેશી-આયાતી તેલમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ બે રિંગિટનો સુધારો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૧૧ સેન્ટ ઘટી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે છૂટાછવાયા કામકાજોને ટેકે એકમાત્ર સન રિફાન્ડમાં જોવા મળેલા ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ના ઘટાડાને બાદ કરતાં અન્ય તમામ દેશી-આયાતી તેલના ભાવમાં આગેકૂચ જોવા મળી હતી, જેમાં સોયા રિફાઈન્ડ, સિંગતેલ, કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં રૂ. ૧૦ અને આરબીડી પામોલિનમાં રૂ. પાંચ વધી આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૫૦ તથા ઓલામના આરબીડી પામોલિનના રૂ. ૧૩૯૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સેલરિસેલ તથા ડાયરેક્ટ ડિલિવરી શરતે છૂટાછવાયા વેપાર ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૩૦, સિંગતેલના રૂ. ૧૪૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૬૦ અને સરસવના રૂ. ૧૩૬૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૨૨૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૧૪૪૦ના મથાળે થયાના અહેવાલ હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર ૧.૧૫ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૪૨૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૧૫૦થી ૪૨૨૫માં થયા હતા, જ્યારે જયપુરની મંડીમાં આજે સરસવના વેપાર ક્વિન્ટલે રૂ. ૬૩૫૦થી ૬૩૭૫માં, સરસવ એક્સપેલર અને કચ્ચી ઘાણીના ૧૦ કિલોદીઠ અનુક્રમે રૂ. ૧૩૪૦ અને રૂ. ૧૩૫૦માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦૯૫થી ૨૧૦૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ભાવનગરમાં મહાશિવરાત્રી નિમિત્તે શોભાયાત્રા નીકળશેઃ બે શોભાયાત્રાનું આયોજન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં શિવરાત્રી પર્વની ધામધૂમથી ઉજવણી થાય છે. ભાવનગરમાં બે શોભાયાત્રાનું આયોજન કરાયું છે. કૈ.વા. મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્વામી પ્રેરિત મહાશિવરાત્રિની ૩૫મી શોભાયાત્રા શિવરાત્રિના દિવસે જશોનાથથી શરૂ થશે. કૈ.વા મહેન્દ્રગીરી દોલતગીરી ગોસ્વામી પ્રેરીત ૩૫મી શોભાયાત્રા છે. તેઓના અવસાન બાદ તેમના પુત્ર જયદેવગીરી મહેન્દ્રગીરી ગોસ્વામી આયોજીત આ શોભાયાત્રામાં - ભાવનગર શહેરના શિવજીના તમામ મંદિરના મહોરા અને ફ્લોટ સાથે શોભાયાત્રા ભાવનગર શહેરમાં ફરશે.હિન્દુ ધર્મના સંગઠનો અને ગોસ્વામી સમાજના સંયોજનથી આ શોભાયાત્રા દર વર્ષે કાઢવામાં આવે છે. શોભાયાત્રા જયદેવગીરી મહેન્દ્રગીરીના સ્વખર્ચે કાઢવામાં આવશે.

તા.૨૬ શિવરાત્રીના દિવસે બપોરના ૨.૩૦ કલાકે જશોનાથ મહાદેવ મંદિરથી શરૂ થઈ વોશીંગઘાટ, ગંગાજળીયા તળાવ, ઘોઘાગેટ, એમ.જી.રોડ, ખારગેટ, મામાકોઠા રોડ, દિવાનપરા, હલુરીયા ચોક, મોતીબાગ થઈ જશોનાથ મહાદેવ મંદિરે ૬.૩૦ કલાકે પરત ફરશે. શોભાયાત્રામાં ૨૦ ટ્રેકટર, ૧ ટ્રક, ૬ બગી, ૫ રીક્ષા, ટૂ વ્હિલ અને ફોર વ્હીલ સાથે મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે.

જ્યારે ઓમ શિવ શિવાય અલખ નિરંજન જય ગીરનારી મિત્ર મંડળ દ્વારા ૧૬મી શોભાયાત્રાનું આયોજન શહેરનાં ભરતનગર ખાતે કરેલ. છે. શોભાયાત્રા તાર૬ શુક્રવારના રોજ સાંજે ૬ મહાકાલેશ્વર મહાદેવ (યોગેશ્વરનગર)થી હરીઓમનગર, કૈલાસનગર ઓમકારેશ્વર મંદિર, પ્રગતિનગર, મારૂતીનગર, ગોકુળનગર, વૃંદાવન સોસાયટી, પુષ્પક સોસાયટી, સીતારામ ચોક, જૂના સિંગલીયા ૧૨ નં.બસ સ્ટેન્ડ, ભવાની માતાજી મંદિર ભરતનગર ચોકડી, અંબે માતાનું મંદિર, વર્ધમાન નગર, અભિષેક સોસાયટી, બે માળીયા, છોટે ગોળીબાર હનુમાનજી મંદિર, યોગેશ્વરનગર, મહાકાલેશ્વર મંદીરે વિરામ લેશે. તા.૨૬ના સાંજે ૯ કલાકે મહાપ્રસાદનુ આયોજન કરેલ છે. રથયાત્રામાં વિશ્વ હિંદુ પરિષદ, બજરંગદળ અખાડા દ્વારા અવનવા દાવ કરવામાં આવશે. ■



જૂનાગઢમાં શિવરાત્રી મેળામાં ચોથા દિવસે માનવ મેરામણ ઊમટ્યું હતું આજે શિવરાત્રીના દિવસે નાગા સાધુઓની રવેડી નીકળશે. (તસવીરઃ હરેશ સોની, જૂનાગઢ)



રાજકોટના માલિયાસણ નજીક ટ્રકે રિક્ષાને કચડી પડીકું કરી નાંખી હતી, પાંચ લોકોના મોત થયા હતા તથા રિક્ષામાં ફસાયેલા બે લોકોને બહાર કાઢવા ભારે જહેમત ઉઠાવવી પડી હતી. (તસવીર– પ્રવિણ સેદાણી, રાજકોટ)

# પૂર્વ કચ્છના ચાર જાણીતા એકમોમાં ભારતીય માનક બ્યૂરો (બી.આઇ.એસ.)ના દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં સ્થિત કેટલાક ઉદ્યોગગૃહોમાં આઇ.એસ.આઇ.ના માર્કા વિના વસ્તુઓના ઉત્પાદન દ્વારા નાગરિકો સાથે છેતરપિંડી કરવામાં આવતી હોવાની ઉઠી રહેલી વ્યાપક ફરિયાદો વચ્ચે પૂર્વ બાજુના ગાંધીધામ, ભચાઉ, ભીમાસર, મીઠીરોહરમાં જરૂરી માર્ક વિના ચીજ-વસ્તુઓનું ઉત્પાદન કરતી ચાર કંપનીમાં ગાંધીધામના ભારતીય માનક બ્યૂરો (બી.આઇ.એસ.) બ્યૂરોએ વ્યાપક દરોડા પાડી ઉત્પાદનોને જપ્ત કરી લેતાં આવા ઉદ્યોગકારોમાં ફફડાટ ફેલાયો હતો.

આ અંગે જાણવા મળેલી સત્તાવાર માહિતી મુજબ, કચ્છ પેકેજિંગ, પારસ એન્ટરપ્રાઇઝ, યશ પેકેજિંગ તથા યોગ ગુરુ બાબા રામદેવના પતંજલિ ફૂડ્સના એકમમાં દરોડા પાડી, આ કંપનીઓમાં ઉત્પાદિત થઇ રહેલા આઇ.એસ.આઇ. માર્કા વગરના ટીન- કન્ટેનરને જપ્ત કર્યું હતું.

આવા ટિન કન્ટેનરનું વેચાણ,પ્રદર્શન,પ્રસ્તાવ કરવાવાળા લોકો વિરુદ્ધ ગુણવત્તા નિયંત્રણ આદેશના ઉલ્લંઘન બદલ કાર્યવાહી કરવામાં આવશે. આવા ગુના બદલ સંચાલકોને બે વર્ષની સજા અથવા ઓછામાં ઓછા રૂ. બે લાખ સુધીનો દંડ અથવા બંને સજા સાથે થઇ શકે છે, તેવું બી.આઇ.એસ.ના અધિકારીએ જણાવ્યું હતું.

બી.આઇ.એસ. દ્વારા આગામી સમયમાં પણ આવી કાર્યવાહી ચાલુ રખાશે. ગ્રાહકોએ કોઇ પણ વસ્તુ લેતા પહેલાં સતર્ક રહેવું જોઇએ અને ગુણવત્તા વગરના કે માર્કા વગરનો માલ જણાય તો બી.આઇ.એસ. ગાંધીધામનો સંપર્ક કરવા જણાવાયું હતું. આ ચારેય કંપનીના સંચાલકો સામે કોર્ટમાં કેસ કરી સુનાવણી બાદ નિર્ણય લેવામાં આવશે તેવું જાણવા મળ્યું હતું. ■

# મુંદરામાં અજ્ઞાત વાહને મોટરસાઈકલને ટક્કર મારી દેતાં બે યુવાનોના ઘટનાસ્થળે મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં જીવલેણ માર્ગ અકસ્માતોનો વણથંભ્યો સિલસિલો યથાવત રહેવા પામ્યો હોય તેમ સોમવાર રાત્રે બંદરીય મુંદરા ખાતે પોર્ટ રોડ પર સર્જાયેલી હિટ એન્ડ રનની દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં બે ૨૩ વર્ષીય યુવાનોના કમકમાટીભર્યા મોત નિપજતાં પરિવારો પર આભ તૂટી પડ્યું હતું.

પોલીસચોકીએથી પ્રાપ્ત માહિતી અનુસાર, પોર્ટ રોડ પર રાસાબાપીર સર્કલ નજીક આ જીવલેણ બનાવ બન્યો હતો જેમાં લાખાપર ગામના ૨૩ વર્ષીય સુરેશ કોલી અને વિશાલ કોલી મોટરસાઇકલ પર જઈ રહ્યા હતા ત્યારે પાછળથી કોઈ અજાણ્યા ભારે વાહનચાલકે તેમને હડફેટમાં લેતાં સર્જાયેલા અકસ્માતમાં બંને યુવાનોના ઘટનાસ્થળે કમકમાટીભર્યાં મોત નિપજતાં મુંદરા પોલીસે અજ્ઞાત વાહનચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. દરમિયાન, હતભાગી સુરેશ ચૈન્નઈના કોચીમાં ક્રેઈન ઓપરેટર તરીકે કામ કરતો હતો. તેના ઘરે ત્રણ દિવસ પહેલાં પુત્રનો જન્મ થયો હોવાથી રજા લઈને વતન આવ્યો હતો. મિત્રો સાથે રાત્રે જમવા માટે ગયો અને પરત ઘરે જતો હતો એ દરમિયાન આ કરુણાંતિકા સર્જાઈ હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ભુજ-મુંદરા રાજય ધોરીમાર્ગ પર ગત શુક્રવારે સર્જાયેલા ગોઝારા ટ્રિપલ માર્ગ અકસ્માતમાં વધુ એક મોત સાથે મૃત્યુઆંક સાત પર પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મુંદરાથી ભુજ તરફ આવી રહેલી સિતારામ ટ્રાવેલ્સની ખાનગી મિની લકઝરી બસને બાબિયા પાટિયાં પાસે ગત શુક્રવારે બપોરે નડેલા ગોઝારા ટ્રિપલ અકસ્માતમાં મૃત્યુઆંક ધારણા પ્રમાણે વધવા પામ્યો છે અને ભુજની જી.કે જનરલ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા ૨૩ જેટલા ઘાયલ પૈકી વધુ એક ઉતારું ૩૦ વર્ષીય વસીમખાન (ઝારખંડ)નું સારવાર દરમ્યાન મોડી રાત્રે મોત નિપજતાં આ અકસ્માતમાં માર્યા ગયેલા હતભાગીઓનો આંક સાત પર પહોંચ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શુક્રવારે બપોરે આગળ જઈ રહેલા ટ્રેલરે કન્ટેનરને ઓવરટેક કરવાના પ્રયાસમાં સામેથી આવતી આ બસ સાથે ધડાકાભેર અથડાઈ પડતાં આ ભયાનક અકસ્માત સર્જાયો હતો. ત્રણ વાહનો વચ્ચેની આ ટક્કર એટલી ભીષણ હતી કે મૃતદેહો સહિત અન્ય મુસાફરો બહાર રસ્તા પર ફેંકાઈ ગયા હતા.

સાત મૃતક પૈકી ત્રણની ઓળખ તેમના પરિજનોએ કરી હતી, જ્યારે એકની આધારકાર્ડથી ઓળખ મોડેથી સોબરનદાસ તરીકે થવા પામી હતી. આ અકસ્માતમાં નિમિત્ત બનેલા ટ્રેઈલરના ચાલક એવા સદામહુશેન અબ્દુલ સહેમત (રહે.મૂળ બિહાર, હાલે મીઠીરોહર-ગાંધીધામ)ની ધરપકડ કરવામાં આવી હતી. ■

# અબડાસાના જમનવારા-બરંદા વચ્ચે છકડો પલટતાં પદ્ધરવાડીના એકજ પરિવારના સાત ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના પદ્ધરવાડીથી નારાયણ સરોવર જતી વેળાએ બપોરે જમનવારા-બરંદા વચ્ચે પેસેન્જર છકડો પલટી જતાં પદ્ધરવાડીના સાત ઉતારુઓને નાની-મોટી ઈજા પહોંચી હતી.

નલિયા પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર, પદ્ધરવાડીથી છકડામાં બેસીને એક જ પરિવારના સભ્યો પવિત્ર તીર્થ સ્થાન નારાયણ સરોવર તરફ જઈ રહ્યા હતા. ત્યારે જમનવારા-બરંદા વચ્ચે કોઈ અજ્ઞાત કારણોસર આ છકડો પલટી જતાં સર્જાયેલા અકસ્માતમાં રત્ના હરેશ ભટ્ટ,વિજુબેન અરવિંદ ચાવડા, મેગા હરેશ ભટ્ટ, મંજુબેન રાજુરામ ભટ્ટ, કાજલ મહેન્દ્ર ભટ્ટ,બસંતીબેન હરેશ ભટ્ટ અને ભારતીબેન મહેન્દ્રભાઈ ભટ્ટ (રહે.તમામ પદ્ધરવાડી) ઘાયલ થતાં સારવાર અર્થે ભુજની જી.કે.જનરલ હૉસ્પિટલમાં ખસેડાયા હતા. ■



રાજકોટ માર્કેટયાર્ડમાં ચણાની આવક ૧૭૫૦૦ મણ, ધાણાની આવક ૧૯૦૦૦ મણ, જીરુંની આવક ૭૫૦૦ મણ અને તુવેરની આવક ૧૫૦૦૦ મણ થવા પામી હતી, ઉપરના તમામ જણસીઓ ભરેલા વાહનોને માર્કેટયાર્ડમાં ક્રમવાર પ્રવેશ આપી ઉતરાઈ કરાવવામાં આવી હતી.
(તસવીર– પ્રવિણ સેદાણી, રાજકોટ)

# કચ્છના મોટા રણમાંથી ભૂસ્તરશાસ્ત્રીઓએ આશરે ત્રણ હજાર વર્ષ પુરાણા જળ પ્લાવિત વિસ્તારમાં રહેતા પક્ષીના પગલાંના નિશાન ખોળી કાઢ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અનેક જૈવિક વિવિધતા ધરાવતા ભાતીગળ પ્રદેશ કચ્છના મોટા રણમાં છેલ્લાં એક વર્ષથી ચાલી રહેલાં સંશોધનાત્મક ખોદકામ દરમિયાન વૈજ્ઞાનિકોને આશરે ૩૦૦૦ વર્ષ જૂના શોરબર્ડ નામના પક્ષીના પગલાંના નિશાન મળી આવ્યાં છે. ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય ભૂમિ સરહદ નજીક આવેલા રણ વિસ્તારમાં ભૂસ્તરશાસ્ત્રીઓ દ્વારા સંશોધન હાથ ધર્યું હતું. જેમાં ધ ગ્રેટ અલ્લાહ બંધ પાસેના કરીમ શાહી વિસ્તારમાંથી સામાન્ય રીતે નદી કિનારે જોવા મળતાં પક્ષીના પગના નિશાન મળી આવ્યા હતા.

આ અંગે ભુજ સ્થિત આર.આર. લાલન કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર દર્શિત પડિયાએ જણાવ્યું હતું કે, ‘પક્ષીઓની છાપ કાંપના સ્તરથી ઘણી નીચે હતી. નજીકમાં આશરે ૨૦ કિલોમીટર દૂર જળાશય આવેલું છે. હજારો વર્ષ પહેલા અહીંથી દરિયાની ભરતીના પાણી નીચા ગયા હોવાની શક્યતા છે.’ આમ પણ કચ્છના રણની મુરુ ભૂમિમાંથી દરિયાની સપાટી પર જોવા મળતી વનસ્પતિના અવશેષો મળતા જ રહે છે.

વર્ષ ‘૧૮૧૯ના મહા ભૂંકપથી નિર્મિત થયેલા અલ્લાહ બંધ પાસેના કરીમ શાહી વિસ્તારમાં આ પક્ષીઓના નિશાન મળી આવ્યા છે.’ બંજર રણ વિસ્તારમાં હજારો વર્ષ અગાઉ પાણી હતાં એ બાબત આ શોધથી ઉજાગર થઇ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશના જાણીતા ભૂસ્તરશાસ્ત્રીઓ દર્શિત પડિયા, ભવાનીસિંહ દેસાઈ, સુરુચિ ચૌહાણ અને બાબુલાલ વાઘેલા દ્વારા તાજેતરમાં નેચર પબ્લિકેશનમાં ‘ડિસ્કવરી ઓફ ફોસિલ એવિયન ફૂટપ્રિન્ટ્સ ફ્રોમ લેટ હોલોસીન સેડિમેન્ટ્સ ઓફ અલ્લાહ બંડ અપલિફ્ટ ઇન ગ્રેટ રણ ઓફ કચ્છ ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા’ શીર્ષક હેઠળ આ સંશોધનનો વિસ્તૃત અહેવાલ પ્રકાશિત થયો હતો. ■

# રાજકોટ શહેરમાં એપ્રિલ-મેમાં પાણીની વિકટ સમસ્યા સર્જાવાની ભીતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેર-જિલ્લા સહિત સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લામાં આગામી એપ્રિલ અને મે માસમાં ભરઉનાળે નર્મદાના નીર નહીં મળે તેવી ચોંકાવનારી હકીકત બહાર આવી છે. ઉનાળામાં જ નર્મદાના નીર આપવાના બંધ કરવાનો નિર્ણય લેવાતા રાજકોટ શહેરમાં એપ્રિલ-મેમાં પાણીની વિકટ સમસ્યા સર્જાવાની ભીતિ પણ સેવાઇ રહી છે.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા ગત ૧૮મીએ ગુજરાતના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સચિવ અને અગ્રસચિવ તથા શહેરી વિકાસ અને શહેરી અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવને લેખિતમાં એપ્રિલ-મે માસ દરમિયાન નહેરોમાં પાણીનો પ્રવાહ બંધ થતા વૈકલ્પિક વ્યવસ્થાના આયોજન બાબતે જાણ કરી છે અને તેના સંદર્ભે ગત તા.૩જીએ મળેલી બેઠકનો અહેવાલ સુપ્રત કર્યો છે.સરદાર સરોવર નર્મદા નિગમ હસ્તકની સૌરાષ્ટ્ર શાખા નહેરમાંથી વર્ષ ૨૦૦૨થી વિવિધ વિભાગોને સિંચાઇ તથા પીવાનું પાણી અવિરતપણે પૂરું પાડવામાં આવે છે.

છેલ્લા ૨૨ વર્ષથી ૩૬૫ દિવસ કેનાલમાં ૨૪ કલાક પાણીનો પ્રવાહ ચાલુ રહે છે. આથી ચાલુ પ્રવાહે કેનાલના ઇનર પ્રિઝમમાં મરામત કરવી શક્ય બનેલ નથી. જેના લીધે કેનાલમાં બ્રીક લાઇનિંગ ઊખડી જવી, સીપેજ અને લીકેજના પ્રશ્નો સમયાંતરે વધવા પામેલ છે. જેથી હવે કેનાલ મરામત કરવામાં ન આવે તો નહેરમાં ભંગાણ પડવાની શક્યતાઓ રહેલી છે.

આથી ભંગાણની સમસ્યા ન સર્જાય તે માટે નિવારાત્મક પગલાં તરીકે કેનાલના રિપેરિંગનો નિર્ણય લેવાયો છે.

સામાન્ય રીતે ઉનાળામાં અન્ય સિઝન કરતાં પાણીનો વપરાશ દોઢ ગણોથી લઇને બે ગણો થઇ જતો હોય છે ત્યારે સરદાર સરોવર નર્મદા નિગમના આ નિર્ણયથી રાજકોટ શહેરમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં લોકોને પાણીની ગંભીર કટોકટીનો સામનો કરવો પડશે તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. ■

# દિવસ અને રાતના તાપમાનમાં ૨૦ ડિગ્રીના તફાવત સાથે કચ્છ પર મિશ્ર વાતાવરણનું ઉતરાણ જારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં મિશ્ર વાતાવરણની આણ બરકરાર રહેવા પામી છે. વહેલી સવારે ૧૫-૧૬ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે ગુલાબી ઠંડીના ચમકારા બાદ દિવસ ચઢતાની સાથે જ ધાબળીયા માહોલ વચ્ચે મહત્તમ તાપમાનનો આંક ૩૬થી ૩૮ ડિગ્રી સેલ્સિયસ જેટલો ઊંચે જતા ગ્રીષ્મ ઋતુના આગમનના એંધાણ જાણે અત્યારથી જ વર્તાઈ રહ્યાં છે.

રાત્રિથી વહેલી સવાર દરમ્યાન પડી રહેલી ગુલાબી ઠંડી લોકોને પંખા ધીમા કરવા મજબૂર કરી રહી છે,માર્ગો રાત્રી દરમ્યાન થતી ઝાકળવર્ષાથી ભીના થઇ જાય છે જયારે દસ વાગ્યા બાદ મહા મહિનામાં ચૈત્ર માસ જેવી બપોરના ભાગે પડતી તીખી ગરમી જનજીવનને અકળાવી રહી છે.

ભુજમાં આજે લઘુતમ અને મહત્તમ તાપમાન વચ્ચે ૧૬ ડિગ્રીનો તફાવત, અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે પણ દિવસ-રાતના તાપમાનમાં ૨૦ ડિગ્રી જેટલો તફાવત રહેવાની સાથે અહીં મિશ્ર ઋતુની આણ બરકરાર રહેવા પામી હતી. કંડલા બંદરમાં ૩૫ ડિગ્રી મહત્તમ તાપમાન રહેતાં આસપાસના ગાંધીધામ,અંજાર આદિપુરમાં આંશિક ગરમી અનુભવાઈ હતી. ■

# વંદેભારત ટ્રેનને આણંદ સ્ટેશને સ્ટોપેજઃ નાગરિકોની લાંબા સમયથી ચાલતી માગણી પૂર્ણ થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વંદેભારત ટ્રેનને આણંદ રેલવે સ્ટેશન પર સ્ટોપેજની મંજૂરી માટે સાંસદ મિતેષભાઇ પટેલે રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવને અસરકારક રજૂઆત કરી હતી, જે રેલવે મંત્રાલયે માન્ય રાખી હતી. આ નિર્ણયથી આણંદ અને આસપાસના વિસ્તારના નાગરિકોને હવે આધુનિક, ઝડપી અને આરામદાયક પ્રવાસનો લાભ મળશે.

વંદેભારત ટ્રેનના સ્ટોપેજથી આણંદના વિકાસને નવી દિશા મળશે અને સ્થાનિક અર્થતંત્રને પણ વેગ મળશે.

સાંસદ મિતેષભાઈ પટેલે આ સફળતા અંગે ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આણંદના નાગરિકોની લાંબા સમયથી ચાલતી માગણી પૂર્ણ થઈ છે. આ સ્ટોપેજ સ્થાનિક લોકોને વધુ સારી કનેક્ટિવિટી પૂરી પાડશે અને વિસ્તારના સમગ્ર વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ■

# દ્વારકામાં શિવરાત્રિ પહેલા મહાદેવ મંદિરમાંથી શિવલિંગની ચોરી, સંતો-શિવભક્તોમાં ભારે રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દ્વારકામાં મહાશિવરાત્રિના એક દિવસ પહેલાં જ શિવભક્તોની આસ્થા સાથે ચેડાં કરવામાં આવ્યા હતા. દ્વારકાના હર્ષદ દરિયાકિનારે આવેલા ભીડભંજન મહાદેવ મંદિરમાંથી શિવલિંગ ગુમ થઈ જતાં ભક્તોમાં રોષ વ્યાપ્યો હતો. પોલીસ અને એસઆરડી જવાનો મંદિરે તપાસ માટે પહોંચ્યા હતાં. આ તપાસ દરમિયાન દરિયાકાંઠેથી ખંડિત હાલતમાં શિવલિંગ મળી આવ્યું હતું. શિવલિંગ ખંડિત હાલતમાં મળી આવતા ભક્તોની લાગણીને ઠેસ પહોંચી હતી.

મોટી સંખ્યામાં ભક્તો ભીડભંજન મહાદેવ મંદિરે પહોંચી શિવલિંગને ખંડિત કરનાર અસામાજિક તત્ત્વો સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું, પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી શિવલિંગ ખંડિત કરનારને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. તેમજ આ કૃત્ય કરવા પાછળનું કારણ પણ શોધવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. ■

# પાલનપુરના મહિલા ડેપ્યુટી કલેક્ટર ૩ લાખની લાંચ લેતા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર એસીબીએ બનાસકાંઠાથી બે લાંચિયા સરકારી અધિકારીને લાંચ લેતા રંગે હતા ઝડપી લીધા છે. પાલનપુરના મહિલા ડેપ્યુટી કલેક્ટર અંકીતા ઓઝા અને પ્લાનીંગ આસીસ્ટન્ટ ઇમરાનખાન નાગોરીને ૩ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધા છે. એસીબીએ પાલનપુરની સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્રની કચેરી ખાતે છટકું ગોઠવ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર ફરીયાદીના મિત્રના બે પ્લોટમાં સ્ટેમ્પ ડ્યુટી ભર્યા વગર બાંધકામ કરી મકાન બનાવવામાં આવ્યું હતું. જેથી બાંધકામની સ્ટેમ્પ ડ્યુટી ઘટાડી તેમજ ઘટાડેલ સ્ટેમ્પ ડ્યુટીનુ ચલણ ઝડપથી આપવા સારું એક મકાનના ૧.૫ લાખ લેખે બે મકાનના રૂ. ૩,૦૦,૦૦૦ની લાંચની માંગણી ડેપ્યુટી કલેક્ટર અંકીતા ઓઝાના કહેવાથી પ્લાનીંગ આસીસ્ટન્ટ ઇમરાનખાન નાગોરીએ કરી હતી.

આથી ફરીયાદીએ એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો અને ફરીયાદીની ફરીયાદના આધારે છટકું ગોઠવ્યું હતું. આ દરમિયાન ડેપ્યુટી કલેક્ટર અંકીતા ઓઝાએ ફરીયાદી સાથે વાતચીત કરી લાંચના નાણાં સ્વીકારી તે નાણાં પ્લાનીંગ આસીસ્ટન્ટ ઇમરાનખાન નાગોરીને તેમના ચેમ્બરમાં આપતા હોય ત્યારે એ.સી.બી.એ બંને આરોપીને એકબીજાને મદદગારી કરતા, રાજ્ય સેવક તરીકેના હોદ્દાનો દૂર ઉપયોગ કરતાં ગુનાહીત ગેરવર્તણુક કરતાં રંગે હાથે ઝડપી લીધા હતા. ■